# ગુજરાત મુલ્કી સેવા

## (મુસાફરી ભથ્થાં)

# નિયમો, ૨૦૦૨

©

વર્ષ ૨૦૦૫ : પ્રથમ અવૃત્તિ ૧૫,૦૦૦ નકલો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# આમુખ

ભારતના સંવિધાનના આર્ટિકલ-૩૦૯ના પરંતુક હેઠળ માન. રાજયપાલશ્રી દ્વારા મુંબઇ રાજયમાં ઘડાયેલા મુંબઇ મુલ્કી સેવા નિયમો તારીખ : ૧-૫-૬૦ ના રોજ ગુજરાત રાજયની રચના થઇ ત્યારે રાજય સરકારે ગુજરાત એડપ્શન ઑફ લૉઝ (સ્ટેટ એન્ડ કન્કરન્ટ સબજેકટસ) ઓર્ડર, ૧૯૬૦ હેઠળ અપનાવેલ હતા. આ નિયમોમાં સમયાંતરે થયેલા સુધારા તેમજ અગાઉની પરિસ્થિતિમાં આવેલ બદલાવને ધ્યાનમાં રાખીને, નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએન-૩૧-૩૮-જીસીએસ-૧૦૨૦૦૧-૧૫૯૮-ચ, તારીખ : ૧૫-૧૧-૨૦૦૨ થી ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ઘડી અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલા છે.

અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ અનુકૂળતા અર્થે વિષયવાર આઠ પુસ્તિકામાં પ્રસિધ્ધ થયેલ છે. આ અંગ્રેજી નિયમોનો ગુજરાતીમાં અનુવાદ અનિવાર્ય જરૂરીયાત છે તેને ધ્યાનમાં રાખતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ તૈયાર કરવામાં આવેલા છે. આ એક કપરૂ અને કઠિન કામ હતું જેને પૂર્ણ કરવામાં જે કોઇએ સહયોગ આપ્યો છે તે સૌ અભિનંદનને પાત્ર છે. રાજય સરકારનો વહીવટ ગુજરાતીમાં થાય છે તેથી આ નિયમો ગુજરાતીમાં પ્રસિધ્ધ થવાથી રાજય સરકારની વિવિધ કચેરીઓ અને તેના અધિકારીઓ / કર્મચારીઓને નિયમોની આ પુસ્તિકાઓ ખૂબ જ ઉપયોગી થશે. આ નિયમોના ગુજરાતી અનુવાદમાં કયાંય ભૂલચૂક હોય અને તે નાણા વિભાગના ધ્યાનમાં લાવવામાં આવશે તો નાણા વિભાગ આભારી રહેશે.

**(ડૉ. મંજુલા સુબ્રમણ્યમ)**
અધિક મુખ્ય સચિવ,
નાણા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૫-૧૧-૨૦૦૫.

# પ્રસ્તાવના

ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુક હેઠળ મુંબઇના રાજયપાલે, પોતાના કર્મચારીઓની સેવાની શરતો (પગાર, ભથ્થા, રજા અને પેન્શન)ના નિયમન માટે મુંબઇ મૂલ્કી સેવા નિયમો બનાવ્યા હતા. તારીખ : ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારે આ નિયમો ધ ગુજરાત એડપ્શન ઑફ લૉઝ (સ્ટેટ એન્ડ કન્કરન્ટ સબજેકટસ) ઓર્ડર, ૧૯૬૦ હેઠળ અપનાવવામાં આવેલ હતા. ગુજરાત રાજયના કર્મચારીઓ માટે અનુકૂળ ફેરફાર કરવામાં આવ્યા હતા.

છેલ્લા ૪૦ થી પણ વધુ વર્ષ દરમિયાન આ નિયમો ઘણી વખત પુનર્મુદ્રિત અને અદ્યતન કરવામાં આવ્યા હતા. તેમ છતાં સમયાંતરે ઘણા બધા નિયમો સમયાનુસાર સંગત નથી અને ઘણા બધા બિન જરૂરી પુરવાર થયા છે તેથી રાજય સરકારે, ગુજરાત મૂલ્કી સેવા નિયમો તૈયાર કરવા માટે ભૂતપૂર્વ નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ શ્રી આર. એમ. મહેતાને વિનંતી કરેલી.

શ્રી આર. એમ. મહેતાએ આ ભગીરથ કાર્યને પૂણ કરવા માટે છેલ્લા કેટલાક વર્ષો સુધી અવિરત પણે કામ કર્યું છે ગુજરાત મૂલ્કી સેવા નિયમો, ૨૦૦૨ આઠ ભાગમાં છે. મુંબઇ મૂલ્કી સેવા નિયમોમાં આજદિન સુધીમાં કરેલા તમામ સુધારા અને ફેરફાર આ નિયમોમાં આમેજ કરવામાં આવ્યા છે. આ નિયમોનું ગુજરાતી ભાષાંતર હવે તૈયાર થઇ રહેલ છે.

આ કાર્ય શ્રી આર. એમ. મહેતા માટે પોતાના પરિશ્રમ કરતા પણ પોતાના આનંદ અને સંતોષ માટે સવિશેષ હતુ. શ્રી કે.ડી. મહિડા, અધિક સચિવ(સેવા) નાણા વિભાગ અને તેમના અધિકારીઓની ટીમે સતત શ્રી મહેતાને સહકાર આપેલ છે અને તેઓ આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે અભિનંદનને પાત્ર છે. ગુજરાત મૂલ્કી સેવા નિયમોના સંકલનમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા બદલ નિયામકશ્રી, હિસાબ અને તિજોરી; નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ તેમજ ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ આપેલા અમૂલ્ય યોગદાન બદલ આભારી છીએ.

આ નિયમોમાં કોઇ ચૂક કે ત્રુટિ બદલ ધ્યાન દોરવામાં આવશે તો નાણા વિભાગ આભારી રહેશે.



**(એસ. જી. માંકડ)**
અગ્ર સચિવ,
નાણા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૫ નવેમ્બર, ૨૦૦૨

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ - ૧ - સામાન્ય** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ : | ૧ |
| ૨. | વ્યાપ્તિ : | ૧ |
| ૩. | અર્થઘટનની સત્તા : | ૧ |
| ૪. | છૂટછાટની સત્તા : | ૧ |
| ૫. | કરારની શરતોની કાયદેસરતા : | ૧ |
| ૬. | પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન : | ૧ |
| ૭. | સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત : | ૨ |
| ૮. | છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત : | ૨ |
| | **પ્રકરણ - ૨ - વ્યાખ્યા** | |
| ૯. | વ્યાખ્યા : | ૩ |
| | (૧) ''ખરેખર મુસાફરી ખર્ચ'' | ૩ |
| | (૨) ''ફાળવણી'' | ૩ |
| | (૩) ''જોડાણ'' | ૩ |
| | (૪) ''પરિશિષ્ટ'' | ૩ |
| | (૫) ''નિમણૂક કરનાર સત્તાધિકારી'' | ૩ |
| | (૬) ''એપ્રન્ટીસ'' | ૩ |
| | (૭) ''ઓડિટ કરનાર અધિકારી'' | ૩ |
| | (૮) ''સંવર્ગ'' | ૩ |
| | (૯) ''મુકામ રસાલો'' | ૩ |
| | (૧૦) ''મુકામ સરંજામ'' | ૩ |
| | (૧૧) ''વર્ગ-૪ ની સેવા'' | ૪ |
| | (૧૨) ''વળતર ભથ્થું'' | ૪ |
| | (૧૩) ''સક્ષમ સત્તાધિકારી'' | ૪ |
| | (૧૪) ''ભારત સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડ'' | ૪ |
| | (૧૫) ''સંવિધાન'' | ૪ |
| | (૧૬) ''વાહન ભથ્થું'' | ૪ |
| | (૧૭) ''પ્રથમ નિમણૂકની તારીખ'' | ૪ |
| | (૧૮) ''દૈનિક ભથ્થું'' | ૪ |
| | (૧૯) ''દિવસ'' | ૪ |
| | (૨૦) ''મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી'' | ૪ |
| | (૨૧) ''પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક'' | ૪ |
| | (૨૨) ''પેન્શન માટે ચૂકવણી અધિકારી'' | ૪ |
| | (૨૩) ''ફરજ'' | ૫ |
| | (૨૪) ''મળતર'' | ૬ |
| | (૨૫) ''કાર્યપાલક ઈજનેર'' | ૭ |
| | (૨૬) ''કુટુંબ'' | ૭ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| (૨૭) | ''ફી'' | ૮ |
| (૨૮) | ''પ્રથમ નિમણૂક'' | ૮ |
| (૨૯) | ''ફ્લેટ રેટ રેન્ટ'' | ૮ |
| (૩૦) | ''રાજ્યેતર સેવા'' | ૮ |
| (૩૧) | ''નમૂનો'' | ૮ |
| (૩૨) | ''રાજપત્રિત સરકારી કર્મચારી'' | ૮ |
| (૩૩) | ''સરકાર'' | ૯ |
| (૩૪) | ''ખાતાના વડા'' | ૯ |
| (૩૫) | ''કચેરીના વડા'' | ૯ |
| (૩૬) | ''મુખ્ય મથક'' | ૯ |
| (૩૭) | ''જાહેર રજા'' | ૯ |
| (૩૮) | ''માનદ્‌વેતન'' | ૯ |
| (૩૯) | ''ઘરભાડા ભથ્થું'' | ૯ |
| (૪૦) | ''જોઈનીંગ ટાઈમ (હાજર થવાનો સમય)'' | ૯ |
| (૪૧) | ''રજા'' | ૯ |
| (૪૨) | ''રજાનો પગાર'' | ૯ |
| (૪૩) | ''ધારણાધિકાર'' | ૯ |
| (૪૪) | ''સ્થાનિક વળતર ભથ્થું'' | ૯ |
| (૪૫) | ''તબીબી સત્તાધિકારી'' | ૧૦ |
| (૪૬) | ''તબીબી મંડળ'' | ૧૦ |
| (૪૭) | ''માઈલેજ ભથ્થું'' | ૧૦ |
| (૪૮) | ''કારકુન વર્ગના કર્મચારી'' | ૧૦ |
| (૪૯) | ''સગીર'' | ૧૦ |
| (૫૦) | ''મહિનો'' | ૧૦ |
| (૫૧) | ''બિનસરકારી સભ્ય'' | ૧૦ |
| (૫૨) | ''અવેજી કામગીરી'' | ૧૦ |
| (૫૩) | ''પગાર'' | ૧૧ |
| (૫૪) | ''કાયમી મુસાફરી ભથ્થું'' | ૧૧ |
| (૫૫) | ''પેન્શન'' | ૧૧ |
| (૫૬) | ''પેન્શનપાત્ર પગાર'' | ૧૧ |
| (૫૭) | ''પેન્શનર'' | ૧૧ |
| (૫૮) | ''પેન્શન ચૂકવણી કચેરી'' | ૧૧ |
| (૫૯) | ''પેન્શન ચૂકવણી હુકમ'' | ૧૧ |
| (૬૦) | ''પેન્શન મંજૂર કરનાર અધિકારી'' | ૧૧ |
| (૬૧) | ''કાયમી જગા'' | ૧૧ |
| (૬૨) | ''પગાર અને હિસાબી અધિકારી'' | ૧૧ |
| (૬૩) | ''અંગત પગાર'' | ૧૧ |
| (૬૪) | ''સંભાવી પગાર'' | ૧૧ |
| (૬૫) | ''અજમાયશી (પ્રોબેશનર)'' | ૧૨ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| (૬૬) | ''ભારતનો કે રાજ્યનો જાહેર હિસાબ'' | ૧૨ |
| (૬૭) | ''જાહેર વાહન'' | ૧૨ |
| (૬૮) | ''પેન્શનપાત્ર નોકરી'' | ૧૨ |
| (૬૯) | ''રજિસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટિશનર'' | ૧૨ |
| (૭૦) | ''ભાડું'' | ૧૨ |
| (૭૧) | ''રહેણાકની સવલત'' | ૧૨ |
| (૭૨) | ''સીલેક્શન ગ્રેડ'' | ૧૨ |
| (૭૩) | ''સેવાપોથી'' | ૧૨ |
| (૭૪) | ''ખાસ પગાર'' | ૧૨ |
| (૭૫) | ''ફરજનું ક્ષેત્ર'' | ૧૩ |
| (૭૬) | ''પ્રમાણભૂત ભાડું (સ્ટાન્ડર્ડ રેન્ટ)'' | ૧૩ |
| (૭૭) | ''નિર્વાહ ભથ્થું'' | ૧૩ |
| (૭૮) | ''કાયમી પગાર'' | ૧૩ |
| (૭૯) | ''અધીક્ષક ઈજનેર'' | ૧૩ |
| (૮૦) | ''ઉપલી કક્ષાની સેવા'' | ૧૩ |
| (૮૧) | ''કોઠો (ટેબલ)'' | ૧૩ |
| (૮૨) | ''હંગામી જગા'' | ૧૩ |
| (૮૩) | ''હંગામી બદલી'' | ૧૩ |
| (૮૪) | ''મુદ્દતી જગા'' | ૧૩ |
| (૮૫) | ''પગાર ધોરણ'' | ૧૪ |
| (૮૬) | ''બદલી'' | ૧૪ |
| (૮૭) | ''મુસાફરીનો સમય'' | ૧૪ |
| (૮૮) | ''મુસાફરી ભથ્થું'' | ૧૪ |
| (૮૯) | ''તિજોરી'' | ૧૪ |


**પ્રકરણ-૩**

**મુસાફરી ભથ્થાંના પ્રકાર અને સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ**


| | | |
|---|---|---|
| ૧૦. | મુસાફરી ભથ્થાંના પ્રકાર : | ૧૫ |
| ૧૧. | સરકારી કર્મચારીઓનું પગાર શ્રેણીઓમાં વર્ગીકરણ : | ૧૫ |
| ૧૨. | માઈલેજ ભથ્થાંના હેતુ માટે સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ : | ૧૫ |
| ૧૩. | પશ્ચાદવર્તી અસરથી બઢતી / પદાવનતિ / પગારમાં સુધારો કરવામાં આવે ત્યારે પૂરક માગણીઓનું નિયમન : | ૧૫ |
| ૧૪. | પુનર્નિયુક્ત પેન્શનરને મુસાફરી ભથ્થાંનો હક : | ૧૫ |
| ૧૫. | પેન્શનરને મુસાફરી ભથ્થું : | ૧૫ |
| ૧૬. | વિશેષ છૂટછાટો : | ૧૬ |
| ૧૭. | એક પદ પરથી બીજા પદ પર જતા ટ્રાન્ઝિટમાં જતા સરકારી કર્મચારીની કક્ષા અથવા પગાર શ્રેણી : | ૧૬ |
| ૧૮. | ખંડ સમયના સરકારી કર્મચારીની કક્ષા કે પગાર શ્રેણી : | ૧૬ |

| ક્રમાંક | વિગતો | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | **પ્રકરણ-૪** | |
| | **કાયમી મુસાફરી ભથ્થું** | |
| ૧૯. | કાયમી મુસાફરી ભથ્થાંની રકમ નક્કી કરવી : | ૧૭ |
| ૨૦. | કાયમી મુસાફરી ભથ્થાંના અવેજમાં મુસાફરી ભથ્થાંની આકારણી : | ૧૭ |
| ૨૧. | માસના તૂટક સમય માટે કાયમી મુસાફરી ભથ્થાંની ગણતરી : | ૧૮ |
| ૨૨. | કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત સરકારી કર્મચારીએ કરવાની મુસાફરી ભથ્થાંની આકારણી : | ૧૮ |
| ૨૩. | કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય તેવી બે કે તેથી વધુ જગાઓનો હવાલો સંભાળતા કર્મચારીને કાયમી મુસાફરી ભથ્થું : | ૧૮ |
| ૨૪. | પ્રાસંગિક રજાના દિવસોનું કાયમી મુસાફરી ભથ્થું : | ૧૮ |
| ૨૫. | સરકારી કર્મચારીની તાલીમ, રજા દરમ્યાન તથા રજાની આગળ કે પાછળ જોડવામાં આવેલ રજાઓ દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થાંની આકારણી : | ૧૮ |
| ૨૬. | એકથી બીજી જગા પર હાજર થવાના સમય (જોઈનીંગ ટાઈમ) દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થાંની પાત્રતા : | ૧૮ |
| ૨૭. | કાર્યભાર સ્વીકારવાના કે સોંપવાના દિવસે કાયમી મુસાફરી ભથ્થાંની પાત્રતા : | ૧૮ |
| ૨૮. | કાયમી મુસાફરી ભથ્થાંની આકારણી : | ૧૮ |
| ૨૯. | કાયમી મુસાફરી ભથ્થું મેળવતા સરકારી કર્મચારી દ્વારા સરકારી વાહનનો ઉપયોગ : | ૧૮ |
| | **પ્રકરણ-૫** | |
| | **વાહન ભથ્થું** | |
| ૩૦. | વાહન ભથ્થું કોને મળવાપાત્ર થાય : | ૧૯ |
| ૩૧. | વાહન ભથ્થાંની પ્રારંભિક મંજૂરી : | ૧૯ |
| ૩૨. | વાહન ભથ્થાંની ચૂકવણી અંગેની શરતો : | ૧૯ |
| ૩૩. | વાહન ભથ્થું મંજૂર કરવાની સમય મર્યાદા : | ૨૦ |
| ૩૪. | વાહન ભથ્થું મેળવતા સરકારી કર્મચારીએ લોગબુક નિભાવવા બાબત : | ૨૦ |
| ૩૫. | વાહન ભથ્થાંના દર : | ૨૦ |
| ૩૬. | વાહન ભથ્થાંની આકારણી માટે પ્રમાણપત્રો : | ૨૦ |
| ૩૭. | આઠ કિ.મી. થી વધુ મુસાફરી માટે મુસાફરી ભથ્થું : | ૨૦ |
| ૩૮. | રજા અથવા હંગામી બદલી દરમ્યાન વાહન ભથ્થાંની આકારણી : | ૨૧ |
| ૩૯. | હાજર થવાના સમય દરમ્યાન તથા તાલીમ દરમ્યાન વાહન ભથ્થાંની આકારણી : | ૨૧ |
| ૪૦. | પરિવહન ભથ્થું : | ૨૧ |
| ૪૧. | સાયકલ ભથ્થું : | ૨૩ |
| | **પ્રકરણ-૬** | |
| | **માઈલેજ ભથ્થું** | |
| ૪૨. | મુસાફરીના જુદા જુદા પ્રકારો માટે માઈલેજ ભથ્થું : | ૨૪ |
| ૪૩. | સરકારી કર્મચારીની ગેરહાજરી : | ૨૪ |
| ૪૪. | મુસાફરીનો આરંભ અને અંત : | ૨૪ |
| ૪૫. | ટૂંકા માર્ગે મુસાફરી કરવા બાબત : | ૨૪ |
| ૪૬. | ટૂંકા રસ્તા સિવાયના માર્ગે કરેલ મુસાફરી માટે માઈલેજ ભથ્થું : | ૨૫ |
| ૪૭. | વિમાન દ્વારા મુસાફરીનો હક : | ૨૫ |
| ૪૮. | હકદાર ન હોય તેવા સરકારી કર્મચારીઓની હવાઈ માર્ગે મુસાફરી : | ૨૬ |
| ૪૯. | રેલવે દ્વારા પ્રવાસ કે બદલી પ્રવાસની મુસાફરીનો હક : | ૨૬ |

૫૦. ભાડાની આકારણી : ૨૭
૫૧. રસ્તા માઈલેજ ભથ્થું આકારવાના હેતુ માટે સરકારી કર્મચારીઓની કક્ષાઓ : ૨૭
૫૨. રસ્તા માર્ગે મુસાફરી માટેના રોડ માઈલેજ ભથ્થાંના દરો : ૨૭
૫૩. રોડ માઈલેજ ભથ્થાંની આકારણી માટે સામાન્ય શરતો : ૨૮
૫૪. માલિકીની, ઉછીની લીધેલી કે ભાડે મેળવેલી કારમાં કરેલ મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થાંનો હક : ૨૮
૫૫. વિમાની મથક અને રહેઠાણ વચ્ચે પોતાની કાર દ્વારા મુસાફરી : ૨૮
૫૬. જાહેર બસ દ્વારા મુસાફરી માટેનો હક : ૨૯
૫૭. કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને કાયમી મુસાફરી ભથ્થાંના અવેજમાં રોડ માઈલેજની મંજૂરી : ૨૯
૫૮. સરકારે ભાડે આપેલ વાહન દ્વારા કરવામાં આવેલી મુસાફરી માટે રોડ માઈલેજના દર : ૩૦
૫૯. સરકારી અધિકારીઓને ભાડા પદ્ધતિથી ફાળવેલ સરકારી વાહનનો ખાનગી ઉપયોગ ૩૦
૬૦. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી : ૩૦
૬૧. મુખ્ય મથકે તથા પ્રવાસમાં હોય ત્યારે મુકામ ઉપરથી સ્થાનિક મુસાફરીઓ : ૩૧
૬૨. સ્ટીમર અથવા લોન્ચ દ્વારા કરેલ મુસાફરી માટે માઈલેજ ભથ્થું : ૩૨
૬૩. મુસાફરી ભથ્થાંની ચૂકવણી માટેની લેણા થવાની તારીખ : ૩૨
૬૪. મુસાફરી ભથ્થાંનો દાવાનો હક લુપ્ત થવા બાબત : ૩૨
૬૫. વણવપરાયેલ ટીકીટો અંગે કેન્સલેશન ચાર્જીસ : ૩૨

## પ્રકરણ-૭

## દૈનિક ભથ્થું

૬૬. દૈનિક ભથ્થું ક્યારે મળવાપાત્ર થાય : ૩૩
૬૭. દૈનિક ભથ્થું આકારવા અંગેની સામાન્ય શરતો : ૩૩
૬૮. દૈનિક ભથ્થાંની આકારણી માટે શહેરોનું વર્ગીકરણ : ૩૩
૬૯. દૈનિક ભથ્થાંના દરો : ૩૫
૭૦. દૈનિક ભથ્થાંનું માળખું : ૩૬
૭૧. પોતાની માલિકીની કે ઉછીની અથવા ભાડે લીધેલ કારથી મુસાફરી કરવા હકદાર અધિકારીઓ જ્યારે જાહેર વાહન દ્વારા મુસાફરી કરે ત્યારે ઊંચા દરે દૈનિક ભથ્થું : ૩૭
૭૨. હોટલમાં રહેવા માટેના મળવાપાત્ર દૈનિક ભથ્થાંની ગણતરી : ૩૭
૭૩. પ્રવાસ દરમ્યાન સરકારી કર્મચારીને રહેવા તથા જમવાનું મફત આપવામાં આવ્યું હોય ત્યારે દૈનિક ભથ્થું : ૩૭
૭૪. સરકીટ હાઉસ, રેસ્ટ હાઉસ વગેરેમાં રોકાતા સરકારી કર્મચારીઓને દૈનિક ભથ્થું : ૩૭
૭૫. પ્રવાસ અથવા હંગામી બદલી અંગે દૈનિક ભથ્થું : ૩૭
૭૬. તાલીમ દરમ્યાન દૈનિક ભથ્થું : ૩૮

## પ્રકરણ-૮

## બદલી મુસાફરી ભથ્થું

૭૭. બદલી મુસાફરી ભથ્થું ક્યારે મળવાપાત્ર થાય : ૩૯
૭૮. બદલી પર એક જગાએથી બીજી જગાએ જવા માટેના હાજર થવાના સમય દરમ્યાન સરકારી કર્મચારીને બદલી મુસાફરી ભથ્થાંનો હક : ૩૯
૭૯. એક જગા પરથી બીજી અને ત્યાંથી પુનઃ ત્રીજી જગાએ સરકારી કર્મચારીની બદલી : ૩૯
૮૦. સરકારી કર્મચારીની બદલી થતા પહેલાં અથવા તે પછી છ માસની અંદર તેના પરિવારના સભ્યે કરેલ પ્રવાસ બાબત : ૪૦
૮૧. પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય ત્યારે બદલી મુસાફરી ભથ્થું : ૪૦
૮૨. જગાના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે જગાનો હવાલો સુપરત કરવામાં આવે અથવા સંભાળવામાં આવે ત્યારે બદલી મુસાફરી ભથ્થું : ૪૦

૮૩. પ્રવાસ દરમ્યાન મુખ્ય મથક બદલાય ત્યારે બદલી પ્રવાસ ભથ્થું : ૪૧
૮૪. પરિવારના સભ્યો નવા સ્થળે પ્રવાસ કરે ત્યારે બદલી પ્રવાસ ભથ્થું : ૪૧
૮૫. નવી જગાએ જોડાતાં પહેલાં સરકારી કર્મચારીએ લીધેલ રજા બાબત : ૪૧
૮૬. લાંબી રજા પરથી હાજર થયે સરકારી કર્મચારીની નવા સ્થળે નિમણૂક : ૪૧
૮૭. બદલી અંગે હવાઈ માર્ગે મુસાફરીનો હક : ૪૧
૮૮. બદલી પ્રસંગે રેલવે દ્વારા કરેલ પ્રવાસ માટે હક : ૪૨
૮૯. જાહેર વાહન દ્વારા કરેલ રસ્તાની મુસાફરી માટેના વર્ગનો હક : ૪૨
૯૦. બદલી પ્રસંગે જાહેર વાહન સિવાયના અન્ય પ્રકારે રસ્તાની મુસાફરી માટેના અધિકાર : ૪૨
૯૧. ઘરવખરી : ૪૨
૯૨. સંયોજિત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું : ૪૨
૯૩. બદલી અંગે રેલવે દ્વારા ઘરવખરી લઈ ફેરવવાનો હક : ૪૨
૯૪. રેલવેથી સંકળાયેલ સ્થળો વચ્ચે રસ્તા દ્વારા ઘરવખરી લઈ જવા બાબત : ૪૩
૯૫. એક સ્થળેથી બીજા સ્થળે જૂના અથવા નવા મુખ્ય મથકે રસ્તા માર્ગે ઘરવખરી ફેરવવા બાબત : ૪૩
૯૬. જૂના સ્થળ સિવાયના અન્ય સ્થળેથી ઘરવખરી ફેરવવા બાબત : ૪૩
૯૭. ''ઝડપી વહન સેવા'' દ્વારા ઘરવખરી લઈ જવા બાબત : ૪૩
૯૮. ઘરવખરીનો સામાન પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જવા બાબત : ૪૪
૯૯. ઘરવખરીના સામાનના પરિવહનનું ખર્ચ : ૪૪
૧૦૦. બદલી પર જતા સરકારી કર્મચારીનું વાહન લઈ જવા બાબત : ૪૪
૧૦૧. શોફર અથવા ક્લીનરનો પ્રવાસ : ૪૪
૧૦૨. રેલવે દ્વારા વાહનના પરિવહનના ખર્ચની ભરપાઈ : ૪૫
૧૦૩. વાહનને પોતે જ હંકારી કે ટ્રકમાં લાદીને તેનું પરિવહન કરવા બાબત : ૪૫
૧૦૪. રસ્તા માર્ગે વાહનના પરિવહન માટેના દરો : ૪૫
૧૦૫. બદલી અંગે સરકારી કર્મચારીને મળતું વધારાનું ભાડુ : ૪૬


## પ્રકરણ-૯
## અન્ય મુસાફરીઓ


૧૦૬. નિવૃત્તિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થાં : ૪૭
૧૦૭. નિવૃત્તિ સમયે મુસાફરી ભથ્થાંની આકારણીનો વિકલ્પ : ૪૮
૧૦૮. નિવૃત્તિ વેળાએ વતનના સ્થળે જવાની મુસાફરી અંગેના મુસાફરી ભથ્થાં બિલો આકારવાની પદ્ધતિ : ૪૮
૧૦૯. ફરજના છેલ્લા સ્થળે જ નિવૃત્તિ બાદ સ્થાયી થવા માટેનું મુસાફરી ભથ્થું : ૪૯
૧૧૦. નોકરીમાં હોય તે દરમ્યાન અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારના સભ્યોએ કરેલો પ્રવાસ : ૪૯
૧૧૧. રજા ઉપર જતાં કે રજા ઉપરથી પાછા ફરતાં કરેલ પ્રવાસ : ૫૧
૧૧૨. રજા અથવા ફરજમોકૂફી દરમ્યાન પ્રવાસ : ૫૧
૧૧૩. રજા પરના સરકારી કર્મચારીને ફરજ પર ફરજિયાત પરત બોલાવવામાં આવે ત્યારે મળવાપાત્ર મુસાફરી ભથ્થું : ૫૧
૧૧૪. બિનસરકારી સંસ્થાઓની બેઠકોમાં હાજરી આપવા માટે પ્રવાસ : ૫૧
૧૧૫. રજા / ફરજમોકૂફી દરમ્યાન દસ્તાવેજો વગેરેની તપાસણી માટે કરેલ પ્રવાસ : ૫૨
૧૧૬. સરકારી ફરજો બજાવતી વખતે ધ્યાનમાં આવેલ વિગતોનો પુરાવો આપવા માટેનો પ્રવાસ : ૫૨
૧૧૭. નિવૃત્ત સરકારી કર્મચારીને ખાતાકીય તપાસમાં હાજર રહેવા માટેનું પ્રવાસ ભથ્થું : ૫૩
૧૧૮. પરીક્ષામાં હાજરી આપવા અંગેનો પ્રવાસ : ૫૪
૧૧૯. પ્રકીર્ણ પ્રવાસો : ૫૪

## પ્રકરણ-૧૦

## મુસાફરી ભથ્થાં બિલો માટે ઉપાડ તથા નિયંત્રણ અધિકારીઓ


| | |
|---|---|
| ૧૨૦. મુસાફરી ભથ્થાં બિલો ઉપર પ્રતિહસ્તાક્ષર : | ૫૬ |
| ૧૨૧. નિયંત્રણ અધિકારીઓ : | ૫૬ |
| ૧૨૨. નિયંત્રણ અધિકારીની ફરજો અને અધિકાર : | ૫૬ |
| ૧૨૩. મુસાફરી ભથ્થાં માટે બિલોના ઉપાડ અધિકારીની જવાબદારી : | ૫૬ |
| ૧૨૪. ખોટા મુસાફરી ભથ્થાં બિલની આકારણી માટે શિસ્તની કાર્યવાહી : | ૫૬ |
| ૧૨૫. મુસાફરી ભથ્થાં બિલ અંગેનું રજિસ્ટર : | ૫૬ |


## પ્રકરણ-૧૧

## રદ કરવા બાબત અને અપવાદો


| | | |
|---|---|---|
| ૧૨૬. રદ કરવા બાબત અને અપવાદો : | | ૫૭ |
| પરિશિષ્ટ - ૧ | ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, ૨૦૦૨<br>હેઠળ જેઓને સત્તા સુપરત કરવામાં આવી છે તે અધિકારીઓ | |
| પરિશિષ્ટ - ૨ | ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ ના વિવિધ નિયમ સમુચ્ચયોના<br>હેતુ માટે ખાતાના વડા તરીકે ગણવામાં આવેલા અધિકારીઓની સૂચિ | ૬૨ |
| જોડાણ | અર્બન એગ્લોમરેશન (શહેરી જૂથ) (શ.જૂ.) ના ઘટકો<br>- જનગણના, ૧૯૯૧ | ૬૭ |

----------

| | | |
|---|---|---|
| (૧) | ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ (સંપૂર્ણ અનુક્રમણિકા) | ૧.૧ - ૧.૩૧ |
| (૨) | બી.સી.એસ.આર. ૧૯૫૯માં દર્શાવ્યા મુજબના નિયમોનું<br>જી.સી.એસ.આર. નિયમો, ૨૦૦૨ સાથે જોડાણ દર્શાવતી યાદી | ૨.૧ - ૨.૪ |

# જાહેરનામું
# નાણાં વિભાગ
# સચિવાલય, ગાંધીનગર.
# તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૨

**ભારતનું સંવિધાન**

**નંબર : જીએન-૩૭/જીસીએસ/૧૦૨૦૦૧/૧૫૯૮-ચ :** ભારતના સંવિધાનની કલમ-૩૦૯ ના પરંતુક હેઠળ સોંપવામાં આવેલ સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ આથી નીચેના નિયમો કરે છે :-

## પ્રકરણ-૧ - સામાન્ય

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ :** (૧) આ નિયમો **"ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨"** કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાપ્તિ :** અન્યથા સ્પષ્ટતા રીતે અથવા ગર્ભિત રીતે જોગવાઈ કરી હોય તે સિવાય આ નિયમો નીચેનાને લાગુ પડશે :-

(ક) જેની સેવાની શરતો ગુજરાત સરકાર ઠરાવવા સક્ષમ છે એવી સેવાઓના અને તેવી જગા ધરાવતા તમામ સભ્યોને, **અને**

(ખ) જે વ્યક્તિની સેવાની શરતો, પગાર, ભથ્થાં અને પેન્શન કે તેમાંના કોઈપણ અંગે કરારની જોગવાઈથી આવરી લેવામાં આવી હોય એવી કોઈ બાબત પરત્વે તેની સાથે કરેલા કરારમાં ખાસ જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી બાબતે.

૩. **અર્થઘટનની સત્તા :** આ નિયમોના અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે અંગે રાજ્ય સરકારના નાણાં વિભાગને પૂછાણ કરવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે.

૪. **છૂટછાટની સત્તા :** સરકારના મતે એમ જણાય છે કે આ નિયમો પૈકી કોઈ નિયમના અમલથી કોઈ વ્યક્તિ કે વ્યક્તિના વર્ગને અનુચિત મુશ્કેલી ઊભી થાય તેમ છે, તો તેવા કિસ્સાના નિષ્પક્ષ અને સંતુલિત ન્યાય માટે કારણો લેખિત નોંધીને સરકાર તેમના લેખિત આદેશ દ્વારા, આ નિયમોમાં જેટલા પ્રમાણમાં આવશ્યક જણાય અને તેમને યોગ્ય લાગે તેવી શરતોને આધિન છૂટછાટ આપી શકશે.

**પરંતુ** આવો કોઈ હુકમ નાણા વિભાગની પૂર્વસંમતિ સિવાય બહાર પાડી શકાશે નહિ.

૫. **કરારની શરતોની ન્યાયક્ષમતા :** સરકારે કોઈ વ્યક્તિ સાથે તેની સેવા સંદર્ભે કર્યા હોય તેવા વિશિષ્ટ કરારની કાયદેસર ન્યાયક્ષમ શરતો અને બોલીઓ આ નિયમોની જોગવાઈઓથી ઉપરવટ રહેશે.

૬. **પગાર, ભથ્થાં અને રજાની માગણીઓનું નિયમન :** સરકારી કર્મચારીના પગાર અને ભથ્થાં અંગેના માગણીને જે તે સમયે અમલમાં હોય તેવા પગાર અને ભથ્થાં મેળવવાના નિયમો લાગુ પડશે અને તે રજા માટે અરજી કરે અને તે અરજી મંજૂર થાય તે સમયે અમલમાં હોય તે નિયમો તેની રજાની માગણીને લાગુ પડશે; સિવાય કે જો આવા ફેરફારો કરવામાં આવ્યા ન હોત તો તેને મળવાપાત્ર થાત.

૭. **સત્તા વાપરવા બાબત અને તેની સોંપણી બાબત :** (૧) આ નિયમો સાથે સંલગ્ન પરિશિષ્ટ-૧ ના ખાના-૩ માં નિર્દિષ્ટ સત્તાઓનો અમલ ખાના-૪ માં નિર્દિષ્ટ સત્તાધીશ, ખાના-૫ માં સૂચિત મર્યાદાઓને અધીન રહી કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) ની જોગવાઈઓને અધીન રહીને, આ નિયમો હેઠળની સત્તાઓનો અમલ કે સોંપણી સરકારના નાણા વિભાગ સાથે પરામર્શ કર્યા સિવાય થઈ શકશે નહિ.

**પરંતુ** નાણા વિભાગ, ખાસ કે સામાન્ય હુકમ દ્વારા કયા કિસ્સાઓમાં કે કિસ્સાઓના વર્ગમાં આવા પરામર્શની આવશ્યક્તા રહેશે નહિ તે નક્કી કરી શકશે.

૮. **છૂટછાટના કારણો ઓડિટ અધિકારીને દર્શાવવા બાબત :** કારણો જણાવવા ઠરાવ્યું હોય તેવા કિસ્સાઓમાં, જે કિસ્સાઓમાં પરિશિષ્ટ-૧ હેઠળ જેને સત્તા સોંપવામાં આવેલ છે તે સરકાર સિવાયના સક્ષમ સત્તાધિકારી, આ નિયમો હેઠળ જ્યારે કોઈ સરકારી કર્મચારીને છૂટછાટ આપતો આદેશ મોકલી આપે ત્યારે તેવા કારણોની એક નકલ આદેશની સાથોસાથ ઓડિટ અધિકારીને મોકલી આપશે.

## પ્રકરણ - ૨ - વ્યાખ્યા

૯. સંદર્ભ દ્વારા અન્યથા આવશ્યક ન હોય તો -

(૧) **''ખરેખર મુસાફરી ખર્ચ''** એટલે સરકારી કર્મચારીને, ઘરના ખાનગી નોકરો અને અંગત સરસામાન સહિત, અન્ય સ્થળે જવા માટે વાહન વ્યવહારનું થયેલું ખરેખરૂં ખર્ચ, નૌકાભાડું અને અન્ય ટોલ કે વેરા ચૂકવ્યા હોય તો, તે તથા મુકામ માટેના સરંજામ સાથે લઈ જવો આવશ્યક હોય તો તે લઈ જવાના ખર્ચનો પણ તેમાં સમાવેશ થશે, પરંતુ તેમાં, હોટલો કે મુસાફર બંગલામાં રહેવાની સવલત મેળવવાના, અલ્પાહાર વગેરેના કે જરૂરી ચીજવસ્તુઓ (સ્ટોર્સ) કે વાહનોના હેરફેરના કે ચાલકને બક્ષિસના તથા એવા ખર્ચનો અથવા કાચના માલસામાનની તૂટફૂટ કે ફર્નિચરના ઘસારા જેવા આકસ્મિક નુકસાન કે ખર્ચના તેમજ ઘરકામ માટે રોકેલા વધારાના ખાનગી નોકરોના ખર્ચનો એમાં સમાવેશ થતો નથી.

(૨) **''ફાળવણી''** એટલે સરકારી માલિકીની, ભાડાપટ્ટાથી કે અધિગ્રહણ કરેલ રહેણાકની સગવડ માટેની જગા કે તેના હિસ્સાનો રહેણાક તરીકે ઉપયોગ કરવા માટે તેનો કબજો ધરાવવાનો સરકારી કર્મચારીને આપેલ પરવાનો.

(૩) **''જોડાણ''** એટલે આ નિયમો સાથે સંલગ્ન જોડાણ.

(૪) **''પરિશિષ્ટ''** એટલે આ નિયમો સાથે સંલગ્ન પરિશિષ્ટ.

(૫) **''નિમણૂક સત્તાધિકારી''** એટલે જે નોકરી અથવા હોદ્દા ઉપરથી નિવૃત્ત થવા ઈચ્છુક સરકારી કર્મચારીની તેવી નોકરી કે હોદ્દા પર નિમણૂક કરવા સક્ષમ સત્તાધિકારી.

(૬) **''તાલીમી (એપ્રેન્ટીસ)''** એટલે સરકારી નોકરીમાં રાખવાના હેતુથી કોઈ વ્યાપાર કે ધંધામાં તાલીમ અર્થે મોકલવામાં આવી હોય તે વ્યક્તિ કે જેને આવી તાલીમ દરમ્યાન સરકાર તરફથી માસિક દરે ચૂકવણી કરવામાં આવતી હોય પણ જેને ખાતાંના સંવર્ગમાંની કોઈ મૂળ ખાલી જગામાં કે જગા સામે નોકરીમાં રાખવામાં આવી ન હોય તે વ્યક્તિ.

(૭) **''ઓડિટ અધિકારી''** એટલે જેમને ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે નિમણૂક આપેલ હોય, ભલે પછી તેમના સત્તાવાર હોદ્દાનું નામ ગમે તે હોય, તેવા હિસાબી અધિકારી કે ઓડિટ અધિકારી કે જેના ઓડિટ અધિકારક્ષેત્રમાં કોઈ સરકારી કર્મચારી નોકરી કરતો હોય અથવા તેવી (નોકરીના ખરાપણ અંગે) નોકરી કરી હોય.

(૮) **''સંવર્ગ''** એટલે જુદા એકમ તરીકે મંજૂર કરવામાં આવેલ સેવા કે સેવાના કોઈ ભાગનું સંખ્યાબળ.

(૯) **''મુકામ રસાલો''** એટલે મુકામની હેરફેર કરવા માટેના સાધનો.

**નોંધ :** મુકામની ફેરવણી કરવા માટેના સાધનો કે ''વાહનો'' જેમાં કેવળ સરસામાન વહેનારા ઊંટો, બળદો (મુકામ માટે જરૂરી ચીજવસ્તુઓ વહી જનારા મજૂરો તથા આવશ્યક બળદો અથવા ઘોડાઓ વગેરે સહિતના) ગાડાં, બળદ હાકનારા વગેરે મુકામ માટેના સાધન સરંજામ ખસેડતા મજૂરો અને કદાચ તંબુ ઊભા કરવા રોકેલા નોકરો સિવાય અન્યનો આ વ્યાખ્યામાં અસંદિગ્ધ નિર્દેશ છે, પરંતુ તેમાં અંગત કે વધારાના નોકરોનો સમાવેશ થતો નથી.

(૧૦) **''મુકામ સરંજામ''** એટલે મુકામ ખસેડવા જરૂરી એવા સાધનો અને તંબુઓ ઊભા કરવા માટે આવશ્યક વસ્તુઓનો અથવા તંબુઓ લઈ જવાના ન હોય તો સરકારી કર્મચારી માટે જાહેર સેવાના હિતમાં પોતાની સાથે પ્રવાસમાં લઈ જવી જરૂરી હોય તેવી મુકામ માટેની ચીજવસ્તુઓનો સમાવેશ તેમાં થાય છે.

(૧૧) **''વર્ગ-૪ ની સેવા''** એટલે વર્ગ-૪ ની સેવા તરીકે વર્ગીકૃત કરવામાં આવી હોય તે જગા પરની અથવા જે જગાના પગાર ધોરણનો મહત્તમ પગાર રૂ. ૪૦૦૦ થી વધુ ન હોય તેવી બિનવર્ગીકૃત બિનરાજપત્રિત જગા પરની સરકારી કર્મચારીએ અદા કરવાની નોકરી.

***નોંધ :*** *આ સેવાને વ્યાખ્યા ગુજરાત મુલ્કી સેવા, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૨ ના ખંડ (૨) હેઠળ ''નિમ્ન કક્ષા સેવા'' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.*

(૧૨) **''વળતર ભથ્થું''** એટલે વિશિષ્ટ સંજોગોમાં ફરજ બજાવવાના કારણે થતા આવશ્યક અંગત ખર્ચને પહોંચી વળવા માટે અપાતું ભથ્થું અને તેમાં મુસાફરી ભથ્થાંનો સમાવેશ થાય છે.

(૧૩) **''સક્ષમ સત્તાધિકારી''** એટલે કોઈપણ સત્તા વાપરવાના સંબંધમાં સરકાર, અથવા આ નિયમો દ્વારા અથવા તે હેઠળ સત્તાની સોંપણી જેને કરવામાં આવી હોય તેવા કોઈપણ અધિકૃત વ્યક્તિ.

(૧૪) **''ભારત સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડ''** એટલે ભારત સરકારે મેળવેલ સઘળું મહેસૂલ, તે સરકારે ટ્રેઝરી બિલ દ્વારા ઊભી કરેલ તમામ લોન, લોન અથવા સાધનોપાય પેશગીઓ દ્વારા ઊભી કરેલી બધી લોન અને લોનની પરત ચૂકવણીરૂપે મળતાં તમામં નાણાંથી એકત્રિત સ્વરૂપે રચાતું ફંડ. ''ભારત સરકારના એકત્રિત ફંડ'' તરીકે ઓળળાશે અને રાજ્ય સરકારે/સંઘ રાજ્યક્ષેત્રની સરકારે મેળવેલું સઘળું મહેસૂલ, તે સરકારે / સંઘ રાજ્યક્ષેત્રે ટ્રેઝરી બિલ દ્વારા ઊભી કરેલ તમામ લોન, લોન અથવા સાધનોપાય પેશગીઓ અને લોનની પરત ચૂકવણીરૂપે રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રની સરકારે મેળવેલ તમામ નાણાંથી એકત્રિત સ્વરૂપે રચાતું ફંડ ''રાજ્ય સરકારના / સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડ'' તરીકે ઓળખાશે.

(૧૫) **''સંવિધાન''** એટલે ભારતનું સંવિધાન.

(૧૬) **''વાહન ભથ્થું''** એટલે મર્યાદિત વિસ્તારમાં અસાધારણ પ્રમાણમાં પ્રવાસનો સમાવેશ થયેલ હોય તેવી ફરજોના પાલનમાં પ્રવાસ પાછળ થતા સંભવિત ખર્ચને ખાસ અનુલક્ષીને જેનો પગાર નિયત કરવામાં આવ્યો ન હોય તેવા સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવતું ભથ્થું.

(૧૭) **''પ્રથમ નિમણૂકની તારીખ''** એટલે સરકારી કર્મચારીએ સરકારી નોકરીમાં પ્રથમ નિમણૂકની જગાએ ફરજ સંભાળ્યાની તારીખ અથવા જો આ તારીખ વહેલી હોય તો પેન્શન માટે ગણતરીમાં લેવામાં આવતી હોય તેવી કોઈ ફરજ સંભાળ્યાની તારીખ.

(૧૮) **''દૈનિક ભથ્થું''** એટલે મુખ્ય મથકે ગેરહાજરી બદલ તેવી ગેરહાજરીના પરિણામે તેણે કરેલા સામાન્ય દૈનિક ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કર્મચારીને આપવામાં આવતું પ્રતિદિનનું ભથ્થું.

(૧૯) **''દિવસ''** એટલે એક મધ્યરાત્રિથી શરૂ થઈ અને તેના પછીની બીજી મધ્યરાત્રિએ પૂરો થતો સમયગાળો.

(૨૦) **''મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૮૧ હેઠળ ચૂકવવામાં આવતી રકમ.

(૨૧) **''પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક''** એટલે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક અથવા તેઓની કે તેઓ વતી ફરજો અને કાર્યો બજાવવા માટે સમયોચિત અધિકૃત કરવામાં આવેલા અન્ય અધિકારી જેમાં વર્ગ-૪ ના કર્મચારીઓ અંગે નિવૃત્તિના લાભો મંજૂર કરનાર જિલ્લા સહાયક નિરીક્ષકનો સમાવેશ થાય છે.

(૨૨) **''પેન્શન માટે ચૂકવણી અધિકારી''** એટલે નિવૃત સરકારી કર્મચારી, ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ અધિકૃત કરેલું પેન્શન જ્યાંથી મેળવે છે તે (૧) રાષ્ટ્રીયકૃત બેન્કની શાખા, અથવા (૨) પેટા-તિજોરી સહિત તિજોરી અને પેન્શન ચૂકવણી કચેરી.

(૨૩) **''ફરજ''** ફરજમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

(ક) અજમાયશી તરીકેની નોકરી;

(ખ) હાજર થવાનો સમય (જોઈનીંગ ટાઈમ);

(ગ) સરકારના હુકમથી અથવા હુકમ મુજબ અધિકૃત કરવામાં આવેલા શિક્ષણ કે તાલીમ માટેના અભ્યાસક્રમો;

**નોંધ-૧ :** તાલીમ લેવાના સ્થળ અને તાલીમ લેવા માટે જ્યાંથી સરકારી કર્મચારી રવાના થાય તે સ્થળ વચ્ચેની મુસાફરી માટે આવશ્યક વાજબી સમય પણ તાલીમનો એક હિસ્સો જ છે.

**નોંધ-૨ :** પોલીસ તાલીમ કૉલેજમાં કે શાળામાં ઉમેદવારોએ તાલીમ મેળવવા માટે ગાળેલ સમય; અને અભ્યાસક્રમની સંતોષકારક સમાપ્તિ અને ફરજ સંભાળ્યાની તારીખ વચ્ચેના સમયગાળો આ નિયમના હેતુ માટે ફરજ તરીકે ગણાશે.

**નોંધ-૩ :** નશાબંધી અને આબકારી ખાતાના ઉમેદવારોએ તાલીમ માટે પસાર કરેલ સમય તેમજ અભ્યાસક્રમની સમાપ્તિ અને ફરજ સંભાળ્યાની તારીખ વચ્ચેનો સમયગાળો આ નિયમના હેતુ માટે ફરજ તરીકે ગણાશે.

**નોંધ-૪ :** તાલીમની સમાપ્તિ બાદ, જો એક કે વધુ જાહેર રજાઓ આવતી હોય, તો તાલીમના સમયગાળામાં તે જાહેર રજાઓનો સમયગાળો વધારવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે.

(ઘ) (૧) સરકારે નિયત કરેલ ભાષાની, પરીક્ષામાં ઉપસ્થિત થવા સરકારી કર્મચારીને પરવાનગી આપવામાં આવેલ હોય, તે પરીક્ષામાં ઉપસ્થિત થવામાં,

(૨) કોઈપણ ફરજિયાત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવામાં,

(૩) જાહેર સેવાની કોઈપણ શાખામાં ઉચ્ચ હોદ્દા માટે પાત્રતા મેળવવા સરકારી કર્મચારીએ, જો કોઈ પરીક્ષામાં ઉત્તિર્ણ થવાનું ફરજિયાત હોય, તો તેવી પરીક્ષાના સ્થળે જવા માટે તથા ત્યાંથી પાછા આવવા માટે જરૂરી વાજબી સમય સહિત પરીક્ષામાં ઉપસ્થિત થવામાં.

- ગાળેલ સમય.

આ સવલત દરેક ફરજિયાત પરીક્ષાઓ માટે બેથી વધુ કિસ્સામાં આપવામાં આવશે નહિ.

**નોંધ :** પરીક્ષાની તરત પહેલા કર્મચારીએ રજા લીધેલ હોય, તો પરીક્ષા પૂરી થઈ ગયા તારીખ પછીની તારીખથી રજાનો પ્રારંભ થયેલ ગણાશે. પરંતુ કર્મચારી રજા ઉપર હોય તે દરમ્યાન કે રજા પૂરી થયા બાદ તરત જ તેના અનુસંધાનમાં પરીક્ષામાં ઉપસ્થિત થાય, તો તેવા કિસ્સાઓમાં પરીક્ષા સ્થળે જવા અને ત્યાંથી પરત આવવા માટે ભોગવેલ આવશ્યક સમય સહિત પરીક્ષામાં બેસવા માટે જરૂરી સમય ફરજ તરીકે નહિ પણ રજા તરીકે ગણાશે.

(ચ) નીચેના કિસ્સાઓમાં, જ્યારે સરકારી કર્મચારીને નિમણૂકના આદેશના અભાવે, નિમણૂકનો આદેશ મળે નહિ ત્યાં સુધીનો આવશ્યક ફરજિયાત પ્રતીક્ષા કરવી પડે તેવો સમયગાળો :-

(૧) બદલીની જગાએ હાજર થવાના સમય દરમ્યાન (ટ્રાન્ઝીટમાં) બદલીના હુકમો મુલતવી રાખવામાં આવેલ હોય, રદ કરવામાં કે સુધારવામાં આવેલ હોય, **અથવા**

(૨) રજા કે પ્રતિનિયુક્તિ પરથી પાછા ફરતાં અથવા ધારણ કરેલી જગા નાબુદ થતાં નિમણૂકના આદેશોની ફરજિયાત પ્રતીક્ષા કરવી પડેલ હોય તે સમય, **અથવા**

(૩) જે જગા પર સરકારી કર્મચારીને નીમવામાં આવ્યો હોય, તે જગાના મુખ્ય મથકે પહોંચતાં છૂટા થનાર કર્મચારી પાસેથી જગાનો હવાલો સંભાળી લેવાની સ્થિતિમાં ન હોય ત્યારે.

નિમણૂકના આદેશ મળ્યા બાદ હાજર થવા માટે ભોગવેલ સમય નિયમાનુસાર મળવાપાત્ર હાજર થવાના સમય (જોઈનીંગ ટાઈમ) કરતાં વધુ થવો જોઈશે નહિ અને તે સમયને ફરજિયાત પ્રતીક્ષા માટે લંબાવેલ સમયગાળો ગણવામાં આવશે.

(છ) ખાસ કે બીજી ફરજ ઉપર કોઈ સરકારી કર્મચારીને તત્પૂરતાં રોક્યા તારીખથી હવાલો સંભાળે તે તારીખ વચ્ચેનો સમયગાળો; પરંતુ તે ફરજ પર જોડાવાનો સમય સરકારી કર્મચારીને મળવાપાત્ર હાજર થવાના સમય (જોઈનીંગ ટાઈમ) કરતાં વધારે હોવો જોઈએ નહિ.

(જ) સરકારી કર્મચારીએ નીચે દર્શાવેલ તાલીમ માટે ગાળેલ સમય :-

(૧) પ્રાદેશિક સેના વિનિયમો, ૧૯૪૮ હેઠળ ઘડેલા નિયમો હેઠળ લશ્કરી સેવામાં કે પ્રશિક્ષણના વાર્ષિક તાલીમ અભ્યાસક્રમોમાં ગાળેલી મુદત.

(૨) કચેરીના વડાની મંજૂરીથી ગૃહરક્ષક દળની તાલીમ કે ગૃહરક્ષક દળની ફરજો અંગેની તાલીમમાં.

(૩) નેશનલ કેડેટ કોર્પ્સના નિયમો પ્રમાણે તાલીમમાં કે શિબિર (કેમ્પ) માં ગાળેલ મુદત તેમજ નિયમીત કમાન્ડીંગ ઓફિસરની ગેરહાજરી દરમ્યાન એકમોનો અવેજી હવાલો ધરાવતા સરકારી કર્મચારી હોય તેવા નેશનલ કેડેટ કોર્પ્સ અધિકારીઓ (સીનિયર વિભાગ) એ ગાળેલી છૂટ્ટી (વેકેશન) ની મુદત.

(૪) બોઈઝ સ્કાઉટ શિબિરમાં તાલીમમાં.

**નોંધ :** આ ફરજ માટે મુસાફરી કે રોકાણ ભથ્થું મળવાપાત્ર નથી.

(ઝ) પોતાની જાહેર હિતની ફરજો અદા કરતી વેળા જાણમાં આવેલ હોય તેવી હકીકતો સંબંધે પૂરાવો આપવા અથવા દીવાની દાવામાં સરકારી દસ્તાવેજો રજૂ કરવા માટે ફોજદારી કે દીવાની કાયદાની અદાલતોમાં અથવા લશ્કરી અદાલતે અથવા કોઈ કાયદા હેઠળ સંસ્થાપિત સત્તામંડળે કોઈ સરકારી કર્મચારીને બોલાવ્યો (સમન કરેલ) હોય ત્યારે તેણે તે માટે ગાળેલ સમય.

(ટ) ગુજરાત રાજ્યના વિવિધ વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ) માં સરકારી કર્મચારીએ -

(ક) હોદ્દાની રૂએ અથવા સરકારી પ્રતિનિધિ તરીકે,

(ખ) કોલેજના આચાર્ય જેવા પોતાના સત્તાવાર હોદ્દાની રૂએ, **અને**

(ગ) અભ્યાસ સમિતિની (બોર્ડ ઓફ સ્ટડીઝ) મિટિંગમાં હાજર રહેવા માટે,

- સંસ્થાઓ પરત્વેના કામકાજ અંગે ગાળેલ સમય.

**(૨૪) ''મળતર''** એટલે -

(૧) પગાર,

(૨) ભારત અથવા રાજ્યના કે સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત નિધિમાંથી થતી ચૂકવણી, અને સરકારી કર્મચારીને માસિક પગાર અને ભથ્થાના નિયત વધારાના રૂપમાં કોઈ જગામાં અધિકૃત મહેનતાણાંના ભાગ તરીકે, જો ચૂકવણી અથવા ફી મળતી હોય તો જે તે નિયમો હેઠળ રાખી શકે તેટલો જ તે ફીનો હિસ્સો.

(૩) મુસાફરી ભથ્થું, ગણવેશ ભથ્થું, પોશાકી ભથ્થું, સવલત ભથ્થું, ખાસ સવલત ભથ્થું, ઘોડા અને જીનના સાજ-સામાન માટેની ગ્રાન્ટ અને એકરૂપ ગ્રાન્ટ સિવાયના ભારત અથવા રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવતાં વળતર ભથ્થાં.

(૪) નીચે દર્શાવ્યા સિવાયનાં પેન્શન અને પેન્શન સમકક્ષ મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી :-

(ક) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ ઘા અગર ઈજાનું પેન્શન અને કુટુંબ પેન્શન.

(ખ) કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ પ્રાપ્ત કરેલ વળતર.

**નોંધ :** ''પેન્શન'' શબ્દનો અર્થ પેન્શનના ભાગનું રૂપાંતર કર્યા પહેલાંનું પૂરૂં પેન્શન થાય છે.

(૫) ફરજમોકૂફી હેઠળ હોય તેવા અને જેને નિર્વાહ ભથ્થું મળતું હોય તેવા સરકારી કર્મચારીના કિસ્સામાં નિર્વાહ ભથ્થાની રકમ.

**પરંતુ** જો આવા સરકારી કર્મચારીને પાછળથી ફરજમોકૂફીના સમયગાળા માટે પગાર આકારવાની મંજૂરી આપવામાં આવે, તો તેણે નિર્વાહ ભથ્થાંના સંદર્ભે જે ઘરભાડાં ભથ્થું ચૂકવેલ હતું અને અંતે તેને મળતા મળતરોના ધોરણે જે ઘરભાડું તેની પાસેથી વસૂલ કરવાનું થાય, તે બંને ભાડા વચ્ચેનો તફાવત તેની પાસેથી વસૂલ કરવામાં આવશે :

**સિવાય કે વધુમાં** જો સરકારી કર્મચારીને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે અને તેની ફરજમોકૂફીના સમયને રજા તરીકે ગણવામાં આવે, તો તેણે નિર્વાહ ભથ્થાના સંદર્ભે જે ઘરભાડા ભથ્થું ચૂકવેલ હતું અને નીચેની નોંધ-૨ ની વ્યાખ્યા હેઠળ મળવાપાત્ર થતા મળતરોના સંદર્ભમાં જે ઘરભાડું ચૂકવવાપાત્ર થાય તે બંને ભાડા વચ્ચેના તફાવત જેટલી રકમ તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

**નોંધ-૧ :** રાષ્ટ્રપતિના પોલીસ અને ફાયર સર્વિસીઝ મેડલ, પોલીસ મેડલ અથવા ઈન્ડિયન ઓર્ડર ઓફ મેરીટ, પરમવીર ચક્ર, મહાવીર ચક્ર, વીર ચક્ર સાથે સંકળાયેલ ભથ્થાંઓનો આ મળતરોમાં સમાવેશ થતો નથી.

**નોંધ-૧ :** રજા ઉપરના સરકારી કર્મચારીના મળતરો એટલે તે કર્મચારીએ રજા પર જતાં પૂર્વે બજાવેલ પૂરા અંગ્રેજી માસની ફરજ દરમ્યાન મેળવેલ મળતરો.

**(૨૫) ''કાર્યપાલક ઈજનેર''** એટલે જે વિવિધ પ્રકારના સરકારી રહેણાકના મકાનોનો હવાલો સંભાળતા રસ્તા અને મકાન વિભાગના અધિકારી, અને તેમાં સરકારે ગુજરાત મુલ્કી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨ હેઠળ જે અન્ય કોઈ અધિકારીને સદરહુ સત્તા સોંપેલ હોય તેનો પણ તેમાં સમાવેશ થાય છે.

**(૨૬) ''કુટુંબ''** એટલે યથાપ્રસંગ, સરકારી કર્મચારીની સાથે રહેતા પત્ની અગર પતિ તેમજ તેની સાથે રહેતા અને સર્વથા તેના ઉપર આધારિત ઔરસ કે સાવકા બાળકો. આ ઉપરાંત તેના માતા પિતા, બહેનો, સગીર ભાઈઓ કે જેઓ સાથે રહેતા હોય અને તેના ઉપર સર્વથા આધારિત હોય તેઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

**નોંધ-૧ :** ''કુટુંબ'' શબ્દમાં, આ નિયમોના હેતુ માટે, એક કરતાં વધુ પત્નીનો સમાવેશ થતો નથી.

**નોંધ-૨ :** સરકારી કર્મચારીના અંગત કાયદા હેઠળ જો દત્તક વિધિ ગ્રહણ કાયદેસર ગણાતી હોય અને તેથી દત્તક લીધેલ બાળકને ઔરસ બાળકનો દરજ્જો પ્રાપ્ત થતો હોય, તો તેણે દત્તક લીધેલ બાળકને કાયદેસર ઔરસ બાળક ગણવામાં આવશે.

**નોંધ-૩ :** ઔરસ કે ઓરમાન બાળક, માતા-પિતા, બહેન, સગીર ભાઈ જેઓ સરકારી કર્મચારી સાથે રહેતા હોય અને જેમની બધા સ્રોતોથી થતી પેન્શન સહિતની (પેન્શન ઉપર મળવાપાત્ર થતા હંગામી વધારા સહિતની) માસિક આવક રૂ. ૫૦૦ થી વધુ થતી ન હોય તેવા સભ્યો સરકારી કર્મચારી ઉપર ''પૂર્ણતઃ આશ્રિત'' ગણાશે.

(૨૭) **''ફી''** એટલે કેન્દ્રના અથવા રાજ્યના કે સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડ સિવાયના બીજા કોઈ સ્રોત દ્વારા સરકારી કર્મચારીએ પરભારી કે સરકારની મધ્યસ્થી દ્વારા આડકતરી રીતે મેળવેલ આવર્તક કે અનાવર્તક ચૂકવણી; પણ તેમાં નીચેની રકમોનો સમાવેશ થતો નથી :-

(૧) મિલકતોમાંથી થતી આવક, ડીવિડન્ડ, જામીનગીરીઓ પર મળતા વ્યાજ જેવી અનુપાર્જીત આવક, **અને**

(૨) સરકારી કર્મચારીએ તેની નોકરી દરમ્યાન પ્રાપ્ત કરેલ જ્ઞાન દ્વારા સહાયરૂપ બનતી ન હોય એવી સાહિત્યિક સાંસ્કૃતિક કે કલાત્મક, વિજ્ઞાન કે તકનિકી સંબંધી પ્રવૃત્તિઓથી થતી આવક.

**નોંધ-૧ :** ગુજરાત કાયદા અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) નિયમો, ૧૯૬૫ હેઠળ એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવતી ફી ને ઉપરોક્ત વ્યાખ્યા લાગુ પડતી નથી.

**નોંધ-૨ :** સરકારી વિભાગ કોઈ બિનસરકારી સંગઠન વતી કોઈ કામ હાથ ધરે અને વળી તે કાર્ય હેતુ યોગ્ય અધિકારીને સોંપે, તો તે કાર્ય પૂરૂં થતાં ખાતાને મળેલ રકમ પ્રથમ તબક્કે સરકારી મહેસૂલનો હિસ્સો બને છે. આથી ત્યારબાદ જે તે સંબંધિત અધિકારીને કરવામાં આવેલ ચૂકવણી સરકારના એકત્રિત ફંડમાંથી કરવામાં આવેલી ગણાશે અને તે કારણે તેનું વર્ગીકરણ માનદ્‌વેતન તરીકે કરવામાં આવશે.

(૨૮) **''પ્રથમ નિમણૂક''** એટલે જે વ્યક્તિ અગાઉ કોઈ સરકારી નિમણૂક પર રહી ચૂકી હોય તો પણ નિમણૂકના સમયે સરકાર હેઠળ કોઈ સરકારી નોકરી ધરાવતી ન હોય એવી વ્યક્તિની નિમણૂક.

(૨૯) **''ફ્લેટ રેટ રેન્ટ''** એટલે સરકારી કર્મચારી પાસેથી અધિકૃત રહેણાકની સવલત માટે ઊચક માસિક દરે વસૂલ કરવાનું ભાડું. ગુજરાત મુલ્કી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૮ દ્વારા નક્કી કરેલ અને તેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારા હેઠળ ભાડાના માસિક દર રહેશે.

(૩૦) **''રાજ્યેતર સેવા''** એટલે સરકારી કર્મચારી જે નોકરી માટે કેન્દ્રના અથવા રાજ્યના કે સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડ સિવાયના સ્રોત દ્વારા સરકારની મંજૂરી હેઠળ પગાર મેળવતો હોય તેવી સેવા.

(૩૧) **''નમૂનો''** એટલે આ નિયમો સાથે જોડેલ નમૂનો.

(૩૨) **''રાજપત્રિત સરકારી કર્મચારી''** એટલે જે અખિલ ભારત કે રાજ્ય સેવાના સભ્ય અથવા કરાર કે શરતો હેઠળ જેની નિમણૂક કરવામાં આવી હોય અને જેની નિમણૂક રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવી હોય તેવી વ્યક્તિ. નિમ્ન કક્ષાની મુલ્કી સેવાના સભ્યો કે જેમની નિમણૂક ખાતાના વડા દ્વારા રાજપત્રિત કરવામાં આવેલ હોય તેઓ બિનરાજપત્રિત કર્મચારીઓ છે. ન્યાયવિષયક બાબતોમાં અદાલતો ધ્યાન પર (કોગ્નીઝન્સ) લે તે માટે વિવિધ અધિનિયમો હેઠળ સરકારી કર્મચારીઓને જાહેરનામા દ્વારા સોંપાયેલ સત્તા, સરકારી કર્મચારીઓ આ પેટા-નિયમના અર્થઘટન માટે રાજપત્રિત સરકારી કર્મચારીઓની સત્તા પ્રાપ્તિ કરતા નથી.

**પરંતુ,** આ ખંડમાંની શરતોનું પાલન થતું ન હોય તો પણ સરકાર આદેશ દ્વારા તેમાં દર્શાવેલ હેતુઓ માટે કોઈપણ કક્ષાના સરકારી કર્મચારીને રાજપત્રિત સરકારી કર્મચારી તરીકે ગણી શકે છે.

**અપવાદ :** જેમની નિમણૂક ખાતાઓના વડા અગર તાબાની કચેરીના વડા દ્વારા વર્ગ-૨ ની સેવાઓ કે જગાઓ ઉપર કરવામાં આવી હોય અને તેવી નિમણૂક રાજપત્રમાં પ્રસિદ્ધ ન થઈ હોય એવા અધિકારીઓને રાજપત્રિત સરકારી કર્મચારીઓ ગણવા.

(૩૩) **''સરકાર''** એટલે કરવામાં આવેલા અથવા કરવામાં આવનાર કોઈ કાર્યની બાબતમાં વિષય અથવા સંદર્ભથી વિરૂદ્ધ ન હોય તો ગુજરાત સરકાર.

(૩૪) **''ખાતાના વડા''** એ શબ્દોમાં પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ અધિકારીઓ પૈકી જેઓને ખાતાના વડા તરીકે જાહેર કર્યા છે તે અધિકારીઓ તેમજ સરકાર વખતોવખત ખાતાના વડા તરીકે જેમને જાહેર કરે તેવા અન્યનો સમાવેશ થાય છે.

(૩૫) **''કચેરીના વડા''** એટલે સરકારે જાહેર કરેલ હોય તેવા રાજપત્રિત અધિકારી, અને તેમાં કચેરીના વડા તરીકે જેમને સક્ષમ સત્તાધિકારી આદેશ દ્વારા નિર્દિષ્ટ કરાયેલા એવા બીજા અધિકૃત સત્તાધિકારી કે વ્યક્તિનો સમાવેશ થાય છે.

(૩૬) **''મુખ્ય મથક''** એટલે સરકારી કર્મચારીની નિમણૂક કરનાર અધિકારી દ્વારા અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા તે કર્મચારીનું જાહેર કરવામાં આવેલ કે જાહેર થનાર હોય તેવું મથક (સ્થળ) અથવા આવા જાહેરનામાના અભાવે સામાન્યતઃ જ્યાં કચેરીનું દફતર (રેકર્ડ) રાખવામાં આવે છે તે સ્થળ.

(૩૭) **''જાહેર રજા''** એટલે -

(ક) વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ હેઠળ ઠરાવેલી અગર જાહેર કરેલી જાહેર રજા; **અને**

(ખ) કોઈ કચેરીના સંબંધમાં સરકારે અથવા કોઈ વિધિસર સ્થાપિત સત્તાએ રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી અથવા બીજી રીતે તેવી કચેરીને કોઈ શરત કે અપવાદ વગર, સરકારી કામકાજ માટે જે દિવસ પૂરતી બંધ રાખવાનો હુકમ આપ્યો હોય તે દિવસ.

(૩૮) **''માનદ્‌વેતન''** એટલે કેન્દ્ર અથવા રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના એકત્રિત ફંડમાંથી સરકારી કર્મચારીને પ્રાસંગિક પ્રકારના વિશિષ્ટ કાર્ય માટે મહેનતાણાં તરીકે મંજૂર કરવામાં આવતી આવર્તક કે અનાવર્તક ચૂકવણી.

(૩૯) **''ઘરભાડા ભથ્થું''** એટલે જે સ્થળોએ ઘરભાડાં ઊંચા હોય ત્યાં ઘરભાડું ચૂકવવા માટે અથવા નિઃશુલ્ક રહેણાક સુવિધાના બદલામાં, આપવામાં આવતું માસિક ભથ્થું.

(૪૦) **''જોઈનીંગ ટાઈમ (હાજર થવાનો સમય)''** એટલે સરકારી કર્મચારીને નવી જગ્યાએ જોડાવા/હાજર થવા અથવા જે સ્થળે નિમણૂક થઈ હોય તે સ્થળ જવા અથવા ત્યાંથી આવવા માટે આપવામાં આવતો સમય.

(૪૧) **''રજા''** એટલે ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ હેઠળ સક્ષમ સત્તાધિકારીએ ફરજ ઉપરથી ગેરહાજર રહેવા માટે આપેલ મંજૂરી.

(૪૨) **''રજાનો પગાર''** એટલે સરકારી કર્મચારી રજા પર હોય ત્યારે તેને સરકાર દ્વારા ચૂકવવામાં આવતી માસિક રકમ.

(૪૩) **''ધારણાધિકાર''** એટલે પોતે મૂળ જે જગાએ નિમાયો હોય એવી કાયમી, મુદતી જગા સહિતની જગાનો તરત જ અથવા ગેરહાજરીના કોઈ ગાળા કે ગાળાઓ પૂરા થયે, સ્થાયી રીતે ધારણ કરવાનો સરકારી કર્મચારીનો હક.

(૪૪) **''સ્થાનિક વળતર ભથ્થું''** એટલે વિસ્તારની ખર્ચાળુ તથા બિનઆરોગ્યતાના કારણે આપવામાં આવતું ભથ્થું. જે વિસ્તાર માટે મંજૂર કરવામાં આવેલ હોય તેની અંદર જે સરકારી કર્મચારીઓનું મુખ્ય મથક આવ્યું હોય તેમને આ ભથ્થું મળવાપાત્ર છે, નહિ કે આવા સ્થળોએ કેવળ મુસાફરી કરનાર કર્મચારીઓને.

(૪૫) **"તબીબી સત્તાધિકારી"** એટલે સિવિલ સર્જન અથવા સિવિલ હૉસ્પીટલના અધીક્ષક અથવા યથાપ્રસંગ તબીબી મંડળ.

(૪૬) **"તબીબી મંડળ"** એટલે ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૩ દ્વારા રચાયેલ તબીબી મંડળ.

(૪૭) **"માઈલેજ ભથ્થું"** એટલે કરેલ અમુક મુસાફરીના અંતરના આધારે ગણતરી કરીને મુસાફરીના ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું; રેલવે ભાડું, બસભાડુ કે રસ્તા દ્વારા કરવામાં આવતી મુસાફરી માટે રોડ માઈલેજના સ્વરૂપે આ ભથ્થું આકારી શકાય.

(૪૮) **"કારકુન વર્ગના કર્મચારી"** એટલે વર્ગ-૩ ના સરકારી કર્મચારી જેઓની ફરજ સંપૂર્ણપણે કારકુની પ્રકારની હોય તેમજ સરકાર દ્વારા એ રીતે જેને ખાસ જાહેર કર્યા હોય તેવા અન્ય કક્ષાના કર્મચારીઓનો કોઈપણ વર્ગ.

(૪૯) **"સગીર"** એટલે જેણે અઢાર (૧૮) વર્ષની વય પૂરી કરી ન હોય તેવી વ્યક્તિ.

(૫૦) **"મહિનો"** એટલે કેલેન્ડરનો અંગ્રેજી મહિનો. મહિનાઓ અને દિવસોમાં બતાવતો સમય ગણવા માટે દરેક મહિનાના દિવસોને ધ્યાનમાં લીધા સિવાય પ્રથમ કેલેન્ડરના પૂરા મહિનાની અને પછી પૂરા મહિનાથી વધતા દિવસોને ગણતરી કરવી.

**સૂચના :** મહિના અને દિવસોમાં દર્શાવવામાં આવતા સમયની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે :-

(ક) તા. ૨૫મી જાન્યુઆરીના રોજ અને તે તારીખથી ૩ માસ, ૨૦ દિવસની ગણતરી માટે નીચેની રીત અપનાવવાની રહેશે :-

| | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| ૨૫મી જાન્યુઆરી થી ૩૧મી જાન્યુઆરી | ૦ | ૦ | ૦૭ |
| ફેબ્રુઆરી થી એપ્રિલ | ૦ | ૩ | ૦૦ |
| ૧લી મે થી ૧૩મી મે | ૦ | ૦ | ૧૩ |
| **કુલ** | **૦** | **૩** | **૨૦** |

(ખ) તા. ૩૦મી જાન્યુઆરીથી શરૂ થતી અને ૨ જી માર્ચ પૂરી થતા સમયની ગણતરી નીચે દર્શાવ્યા મુજબ કુલ ૧ માસ અને ૪ દિવસ થશે :-

| | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| ૩૦મી જાન્યુઆરી થી ૩૧મી જાન્યુઆરી | ૦ | ૦ | ૨ |
| ફેબ્રુઆરી | ૦ | ૧ | ૦ |
| ૧લી માર્ચ થી ૨ જી માર્ચ | ૦ | ૦ | ૨ |
| **કુલ** | **૦** | **૧** | **૪** |

(૫૧) **"બિનસરકારી સભ્ય"** એટલે સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિ કે જેને તપાસ પંચમાં કે બોર્ડ અથવા નિગમ કે સમિતિની બેઠક કે પરિષદમાં માનદ્ દરજ્જાની રૂએ જાહેર સેવાની ફરજો અદા કરવાની આવશ્યક્તા છે.

(૫૨) **"અવેજી કામગીરી"** એટલે જે જગા ઉપર અન્ય વ્યક્તિનો ધારણાધિકાર હોય તેવી જગા પર સરકારી કર્મચારીએ બજાવેલ ફરજ જો કોઈ ખાલી જગા પર અન્ય સરકારી કર્મચારી ધારણાધિકાર ધરાવતો ન હોય, તેવી જગા ઉપર. સક્ષમ સત્તાધિકારીને યોગ્ય લાગે, તો સરકારી કર્મચારીને અવેજી કામગીરી બજાવવા નિમણૂક કરી શકશે.

**(૫૩)** **''પગાર''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ હેઠળ ઠરાવવામાં આવેલ સુધારેલા પગાર ધોરણનો મૂળ પગાર અને તેમાં સ્થગિત ઈજાફાનો સમાવેશ થાય છે.

**(૫૪)** **''કાયમી મુસાફરી ભથ્થું''** એટલે પોતાની ફરજને કારણે જેને વ્યાપક પ્રવાસ કરવાની આવશ્યક્તા હોય તેવા સરકારી કર્મચારીને આપવામાં આવતું કાયમી માસિક મુસાફરી ભથ્થું. સરકારી કર્મચારીના ફરજના ક્ષેત્રની અંદરના પ્રવાસ માટે અન્ય સ્વરૂપના તમામ મુસાફરી ભથ્થાંના અવેજમાં આવું ભથ્થું આપવામાં આવે છે અને સરકારી કર્મચારી તેના મુખ્ય મથકે ગેરહાજર હોય કે ન હોય તો પણ આખા વર્ષ દરમ્યાન આ ભથ્થું આકારવાનું હોય છે.

**(૫૫)** **''પેન્શન''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૪ દ્વારા નિર્દિષ્ટ વળતર પેન્શન સહિતનું કોઈપણ સેવાના પ્રકારનું પેન્શન અને ગ્રેજ્યુઈટી. પરંતુ ઉચ્ચ જીવન ખર્ચને લીધે પેન્શનરને વળતર તરીકે સરકાર દ્વારા આપવામાં આવતા વધારાના હંગામી વધારાનો કે મોંઘવારી રાહતનો તેમાં સમાવેશ થતો નથી.

**(૫૬)** **''પેન્શનપાત્ર પગાર''** એટલે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૩ ની જોગવાઈઓ હેઠળ સરકારી કર્મચારીએ છેલ્લા દસ માસની નોકરી દરમ્યાન મેળવેલો સરેરાશ પગાર.

**(૫૭)** **''પેન્શનર''** એટલે નિવૃત્ત સરકારી કર્મચારી કે જેને પેન્શન મંજૂર કરવામાં આવ્યું હોય.

**(૫૮)** **''પેન્શન ચૂકવણી કચેરી''** એટલે પેન્શનરોને ચૂકવણી કરવા માટે, જાહેર કરવામાં આવેલ કચેરી અને તેમાં તિજોરી અને પેટા-તિજોરીઓનો સમાવેશ થાય છે.

**(૫૯)** **''પેન્શન ચૂકવણી હુકમ''** એટલે નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા, સરકારે અધિકૃત કરેલ નમૂનામાં પેન્શનની ચૂકવણી મંજૂર કરવા માટેનો આદેશ.

**(૬૦)** **''પેન્શન મંજૂર કરનાર અધિકારી''** એટલે જેમને પેન્શન મંજૂર કરવાની સત્તા સુપરત કરવામાં આવી હોય તેવા સરકારના સક્ષમ સત્તાધિકારી.

**(૬૧)** **''કાયમી જગા''** એટલે પગારનો નિશ્ચિત દર ધરાવતી મંજૂર કરવામાં આવેલી અમર્યાદિત સમયની જગા.

**(૬૨)** **''પગાર અને હિસાબી અધિકારી''** એટલે અમદાવાદ અને ગાંધીનગરમાં ઉપસ્થિત થતાં રાજ્યના લેવડ-દેવડના વ્યવહારો માટે પગાર અને હિસાબો સંભાળવાની કામગીરી જેમને સોંપવામાં આવી છે તે અધિકારી.

**(૬૩)** **''અંગત પગાર''** એટલે -

(ક) મુદતી જગા સિવાયની કોઈ કાયમી જગાના સંબંધમાં, પગાર સુધારવાને કારણે અથવા શિસ્ત ભંગના પગલાં સિવાયના અન્ય કારણે કાયમી પગારમાં થતા કોઈ ઘટાડાને લીધે સરકારી કર્મચારીને કાયમી પગારમાં થતા નુકસાનમાંથી બચાવવા; **અથવા**

(ખ) અપવાદરૂપ સંજોગોમાં અન્ય અંગત કારણોસર.

- સરકારી કર્મચારીને આપવામાં આવતો વધારાનો પગાર.

**(૬૪)** કોઈ જગાનો **''સંભાવી પગાર''** જ્યારે કોઈ એક સરકારી કર્મચારીના સંબંધે દર્શાવવામાં આવે, ત્યારે તેનો અર્થ એ થાય કે તે સરકારી કર્મચારીએ જો કોઈ જગા ધારણ કરેલ હોત અને તે જગાની ફરજો બજાવવા બદલ તેને જે પગાર મળવાપાત્ર થાત તે પગાર; પરંતુ કાર્ય અને જવાબદારીઓ બજાવવાના અવેજમાં તે જગા સાથે ખાસ પગાર મંજૂર કરવામાં આવેલ હોય તેવા કાર્ય અને જવાબદારીઓને તે કર્મચારી નિભાવતો ન હોય તો તેવા કિસ્સામાં સંભાવી પગારમાં ખાસ પગારનો સમાવેશ થશે નહિ અન્યથા નહિ.

(૬૫) **''અજમાયશી (પ્રોબેશનર)''** એટલે ખાતાના સંવર્ગમાં કાયમી કે હંગામી ખાલી જગામાં અથવા ખાલી જગા સામે અજમાયશી ધોરણે નીમવામાં આવેલા સરકારી કર્મચારી.

**નોંધ-૧ :** વ્યક્તિની નિમણૂક સાથે અજમાયશની કોઈ નિશ્ચિત શરતો સંકળાયેલ ન હોય; તો સંવર્ગની કાયમી જગા પર પાકી નિમણૂક મેળવતી વ્યક્તિ, અજમાયશી (પ્રોબેશનર) ગણાય નહિ.

**નોંધ-૨ :** કર્મચારી (કાયમી જગા પર પાકી નિમણૂક ધરાવતા સરકારી કર્મચારી સિવાયના) ને જ્યારે હંગામી જગા પર બઢતીથી નિમણૂક આપવામાં આવે, ત્યારે દરેક હેતુ માટે તે હંગામી સરકારી કર્મચારી ગણાશે.

**નોંધ-૩ :** અન્યથા નિયત કરતા નિયમો સિવાય અજમાયશી કર્મચારીના દરજ્જાને કાયમી દરજ્જાના લક્ષણોવાળો ગણવો.

(૬૮) **''ભારતનો કે રાજ્યનો જાહેર હિસાબ''** એટલે ભારત સરકારે કે રાજ્ય સરકારે પેટા-નિયમ (૧૪) માં નિર્દિષ્ટ કરેલા હોય તે સિવાયના મેળવેલા અથવા તેમના વતી મેળવવામાં આવેલાં અન્ય તમામ જાહેર નાણાં.

(૬૭) **''જાહેર વાહન''** એટલે ઉતારૂઓની હેરફેર માટે અમુક નિયત સમયાંતરે નહિ તો પણ નિયમિતપૂર્વક નિયમીત માર્ગે ચાલતી રેલવે, સ્ટીમર, વિમાન અથવા અન્ય વાહનો, જે ઉતારૂઓની ઈચ્છા મુજબ નિયત માર્ગથી બીજા માર્ગે ફંડાતા નથી.

(૬૮) **''પેન્શનપાત્ર નોકરી''** એટલે ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ પેન્શન અને ગ્રેજ્યુઈટીના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતી ફરજ ઉપર કે અન્યથા બજાવેલ સેવા.

(૬૯) **''રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર''** એટલે ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ અથવા ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ, ૧૯૬૩ હેઠળ નોંધવામાં આવેલા અથવા ગુજરાત હોમિયોપેથીક એક્ટ, ૧૯૬૩ (ગુજરાત ૩૬/૧૯૬૩) મુજબ રાખવામાં આવતા નોંધપત્રકમાં નોંધવામાં આવેલા અથવા તેવા બીજા પ્રવર્તમાન કાયદા હેઠળ ગુજરાત રાજ્યના અથવા તે અંગેના વિવિધ રાજ્ય સરકારોના વિવિધ કાયદાઓ હેઠળ નોંધવામાં આવેલ તબીબી વ્યવસાયિકો (પ્રેક્ટીશનરો).

(૭૦) **''ભાડું''** એટલે સરકારી કર્મચારી અથવા સરકારની નોકરીમાં ન હોય તેવી વ્યક્તિ, તેને ફાળવવામાં આવેલ અથવા ભાડાપટ્ટે આપેલ રહેણાકની સવલતના કબજા અને ભોગવટા માટે, માસિક દરે સરકારને ચૂકવવામાં આવતું વળતર.

(૭૧) **''રહેણાકની સવલત''** એટલે સરકારની માલિકીનું મકાન, બંગલો, ક્વાટર અથવા ફ્લેટ જે રહેણાકના હેતુ માટે ફાળવવામાં આવે છે. આમાં સરકારે તે હેતુથી ભાડેથી લીધેલ અધિગ્રહણ (રેક્વીઝીટ) અથવા ભાડાપટ્ટે લીધેલ મકાન, બંગલો, ક્વાર્ટર અથવા ફ્લેટનો સમાવેશ થાય છે.

**નોંધ :** અધિગ્રહણ (રેક્વીઝીટ) કરેલ એટલે રેક્વીઝીશન અને એક્વીઝીશન ઓફ ઈમુવેબલ પ્રોપર્ટી એક્ટ, ૧૯૫૨ હેઠળ અધિગ્રહણ (રેક્વીઝીટ) કરેલ.

(૭૨) **''સીલેક્શન ગ્રેડ''** એટલે સરકારના વિશિષ્ટ હુકમ દ્વારા પસંદગી પગાર ધોરણ તરીકે મંજૂર કરવામાં આવેલ પગાર ધોરણ.

(૭૩) **''સેવાપોથી''** એટલે સેવાપોથી અને તેમાં કોઈ સર્વિસ રોલ હોય તો તેનો સમાવેશ થાય છે.

(૭૪) **''ખાસ પગાર''** એટલે નીચેના સંજોગો અનુલક્ષીને કોઈ જગાના કે કોઈ સરકારી કર્મચારીના મળતરોમાં પગારના સ્વરૂપે આપવામાં આવતો વધારો :-

(ક) ફરજના સવિશેષ પરિશ્રમના પ્રકારને,

(ખ) કામમાં કે જવાબદારીમાં થતાં ખાસ વધારાને.

(૭૫) **''ફરજનું ક્ષેત્ર''** એટલે જે વિસ્તાર પૂરતી સરકારી કર્મચારીની ફરજો મર્યાદિત હોય તે વિસ્તાર.

(૭૬) **''પ્રમાણભૂત ભાડું (સ્ટાન્ડર્ડ રેન્ટ)''** એટલે ગુજરાત મુલ્કી સેવા (સરકારી રહેણાકના મકાનમાં વસવાટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૧૮ અને તેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારામાં દર્શાવવામાં આવેલ જુદા જુદા પ્રકારના રહેણાકના આવાસો માટે નિશ્ચિત કરવામાં આવેલ પ્રમાણભૂત ભાડા (સ્ટાન્ડર્ડ રેન્ટ) નો માસિક દર.

(૭૭) **''નિર્વાહ ભથ્થું''** એટલે જેને પગાર કે રજાનો પગાર મળતો ન હોય તેવા સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું.

(૭૮) **''કાયમી પગાર''** એટલે પોતે કોઈ જગામાં કાયમી રીતે નિમાયો હોવાથી અથવા સંવર્ગમાં પોતાની કાયમી સ્થિતિની રૂએ જે માટે સરકારી કર્મચારી હકદાર થાય તેવા ખાસ પગાર અને અંગત પગાર સિવાયનો પગાર.

(૭૯) **''અધીક્ષક ઈજનેર''** એટલે માર્ગ અને મકાન ખાતાના જે અધિકારીને તે પ્રમાણેની નિમણૂક આપવામાં આવેલ હોય અને જેમને સરકાર દ્વારા સંબંધિત નિયમો હેઠળ સત્તા સુપરત કરવામાં આવી હોય.

(૮૦) **''ઉપલી કક્ષાની સેવા''** એટલે ચોથા વર્ગની સેવા ન હોય તેવી કોઈપણ પ્રકારની સેવા.

(૮૧) **''કોઠો (ટેબલ)''** એટલે આ નિયમો સાથે જોડેલ કોઠો (ટેબલ).

(૮૨) **''હંગામી જગા''** એટલે પગારનો નિશ્ચિત દર ધરાવતી મર્યાદિત સમય માટે મંજૂર કરવામાં આવેલી જગા.

**નોંધ :** હંગામી જગામાં કાયમી નિમણૂકો અમુક મર્યાદિત કિસ્સાઓમાં જ કરવી જોઈએ, દા.ત. જ્યારે બધા જ પ્રયોજન અને હેતુઓ માટે જગાઓ કાયમી જેવી (ક્વોસી પરમેનન્ટ) હોય અથવા ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ એવી મુદત માટે મંજૂર કરવામાં આવી હોય, અથવા ત્રણ વર્ષની મુદતની અંદર એ જગાઓને બંધ કરવામાં નહિ આવે એમ માનવાને કારણ હોય, ત્યારે હંગામી જગામાં કાયમી નિમણૂકો કરવામાં આવશે. બીજા તમામ કિસ્સાઓમાં હંગામી જગાઓમાં અવેજી ધોરણે જ નિમણૂકો કરવી.

(૮૩) **''હંગામી બદલી''** એટલે અન્ય મથકે ફરજ ઉપર બદલી જેનો સમયગાળો ૧૨૦ દિવસ કરતાં વધુ દર્શાવાયેલ ન હોય. આ નિયમના હેતુ માટે પ્રતિનિયુક્તિનો તેમાં સમાવેશ થાય છે. જ્યારે આવી હંગામી બદલીનો સમયગાળો બધુ મળીને ચાર માસ ઉપરાંત લંબાવવામાં આવે ત્યારે સમયના લંબાણ અંગેના હુકમની તારીખ સુધી જે તે કર્મચારીનો વળતર ભથ્થાંનો હક, ચાર માસની મર્યાદાને અધીનને રહી અકબંધ રહેશે.

(૮૪) **''મુદતી જગા''** એટલે એવી કાયમી જગા કે જે વ્યક્તિગત સરકારી કર્મચારી પુનઃનિમણૂક વિના મર્યાદિત સમય કરતાં વધુ મુદત માટે ધારણ કરી શકે નહિ.

**નોંધ :** નીચેની જગાઓ સરકારે મુદતી જગાઓ તરીકે જાહેર કરેલ છે :-

| | | | **મુદતનો સમય (વર્ષ)** |
|---|---|---|---|
| (૧) | ગુજરાત સર્વીસ ઓફ એન્જીનીયર્સ (વર્ગ-૧) ની સેવાના મુખ્ય ઈજનેર | - | ૫ |
| (૨) | સમાજ કલ્યાણના મદદનીશ ડીરેક્ટરોની ત્રણ જગાઓ | - | ૩ |
| (૩) | જાહેર બાંધકામ ખાતામાં ઉપસચિવ અને નાયબ સચિવની બધી ટેક્નીકલ જગાઓ | - | ૫ |

(૪) કાયદા વિભાગની નિમ્નદર્શિત જગાઓ :

| | | |
|---|---|---|
| (૧) નાયબ સચિવ (ત્રણ જગાઓ) | - | ૩ |
| (૨) સોલીસીટર અને હોદ્દાની રૂએ સરકારના નાયબ સચિવ (એક જગા) | - | ૩ |
| (૩) ખાસ અધિકારી અને હોદ્દાની રૂએ સરકારના ઉપસચિવ (એક જગા) | - | ૩ |
| (૫) સચિવાલય વિભાગમાં ઓગણીસ (૧૯) નાયબ સચિવની સંવર્ગ જગાઓ, જેમાં કાયદા વિભાગના નાયબ સચિવોની જગાઓનો તેમજ જાહેર બાંધકામ વિભાગના ટેકનિકલ જગાઓનો સમાવેશ થતો નથી. | - | ૫ |
| (૬) સચિવાલય સંવર્ગની કુલ કાયમી અને હંગામી જગાઓ પૈકી આઠ ઉપસચિવની જગાઓ, જેમાં કાયદા વિભાગના કાયદા ક્ષેત્રના ઉપસચિવો તથા જાહેર બાંધકામ વિભાગની ટેકનિકલ જગાઓનો સમાવેશ થતો નથી. | - | ૫ |

**પરંતુ** જ્યારે કોઈ ઉપસચિવ કે નાયબ સચિવની આવી મુદતી જગા, સચિવાલયના કોઈ અધિકારી ધારણ કરે ત્યાં સુધી તેવી જગાની મુદતી જગા તરીકે ઓળખાતી બંધ થશે.

(૮૫) **''પગાર ધોરણ''** એટલે આ નિયમોમાં નિશ્ચિત કરવામાં આવેલ કોઈ શરતોને અધીન રહીને મુદતી ઈજાફા દ્વારા ન્યૂનત્તમથી અધિકત્તમ સુધી વધતો પગાર.

**નોંધ-૧ :** ન્યૂનતમ પગાર, અધિકતમ પગાર તથા ઈજાફાનો સમયગાળો અને ઈજાફાનો દર જો એકસરખા હોય તો તેવાં પગાર ધોરણો, સમાન પગાર ધોરણો કહેવાશે.

**નોંધ-૨ :** જો બે સમાન પગાર ધોરણો હોય, અને તે જગાઓ કોઈ સંવર્ગમાં કે સંવર્ગના વર્ગમાં આવતી હોય અને આવા સંવર્ગ કે વર્ગ લગભગ તે જ પ્રકારની ફરજો અથવા તેટલી જવાબદારીવાળી જગાઓ ભરવા માટે, કોઈ સેવામાં અથવા મહેકમમાં અથવા મહેકમોના જૂથમાં ઊભી કરવામાં આવી હોય, તો તે એક પગાર ધોરણની તે જ પગાર ધોરણ ઉપરની બીજી જગા સાથે સમાન પગાર ધોરણની છે એમ કહી શકાય. જેથી અમુક જગાના પદધારીનો પગાર તે પોતે તે જગા ધરાવે છે તે હકીકતના આધારે નહિ પણ તેની સંવર્ગમાં અથવા વર્ગમાં તેની સ્થિતિની રૂએ નક્કી થાય છે.

(૮૬) **''બદલી''** એટલે સરકારી કર્મચારી પોતે જ્યાં કામ કરતો હોય એ મુખ્ય મથકના સ્થળેથી એવા અન્ય સ્થળે નીચેના કારણોસર પ્રયાણ :-

(ક) કોઈ નવી જગાની ફરજો સંભાળવા; **અથવા**

(ખ) તેના મુખ્ય મથકના ફેરફારના પરિણામે.

(૮૭) **''મુસાફરીનો સમય''** એટલે મુખ્ય મથકેથી પ્રવાસના નિર્ધારિત સ્થળે પહોંચવા માટેનો અથવા કોઈ એક સ્થળેથી અન્ય સ્થળે પ્રવાસના સામાન્ય સાધનો દ્વારા પહોંચવા માટે ગાળેલો ખરેખર સમય.

(૮૮) **''મુસાફરી ભથ્થું''** એટલે જાહેર સેવાના હિતમાં પોતાની ફરજને કારણે જેને પ્રવાસ કરવો પડતો હોય તે અંગેના ખર્ચને પહોંચી વળવા માટે સરકારી કર્મચારીને આપવામાં આવતું ભથ્થું. આમાં વાહનની જાળવણી માટેના ભથ્થાંનો પણ સમાવેશ થાય છે.

(૮૯) **''તિજોરી''** એટલે જિલ્લાના મુખ્ય મથકે સ્થાપવામાં આવેલ તિજોરી અને તેમાં પેટા-તિજોરી અથવા પગાર અને હિસાબી કચેરીનો સમાવેશ થાય છે.

## પ્રકરણ-૩

## મુસાફરી ભથ્થાંના પ્રકાર અને સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ

**૧૦. મુસાફરી ભથ્થાંના પ્રકાર :** (૧) વિવિધ પ્રકારના મુસાફરી ભથ્થાં નીચે દર્શાવેલ છે, જે સરકારી કર્મચારીઓ દ્વારા અલગ અલગ સંજોગોમાં આકારી શકાશે :-

(૧) કાયમી મુસાફરી ભથ્થું

(૨) વાહન ભથ્થું

(૩) માઈલેજ ભથ્થું

(૪) દૈનિક ભથ્થું

(૨) કયા સંજોગોમાં આ વિભિન્ન ભથ્થાં આકારી શકાય તે આ નિયમોના સંબંધિત પ્રકરણોમાં નિયત કરવામાં આવેલ છે.

**૧૧. સરકારી કર્મચારીઓનું પગાર શ્રેણીઓમાં વર્ગીકરણ :** આ નિયમોના હેતુ માટે સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ નીચે દર્શાવેલ પગાર શ્રેણીઓમાં કરવામાં આવશે :-

(૧) માસિક રૂ. ૧૬૪૦૦ અથવા તેથી વધારે.

(૨) માસિક રૂ. ૮૦૦૦ તથા તેથી વધારે પરંતુ રૂ. ૧૬૪૦૦ થી ઓછો.

(૩) માસિક રૂ. ૬૫૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૮૦૦૦ થી ઓછો.

(૪) માસિક રૂ. ૪૧૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૬૫૦૦ થી ઓછો.

(૫) માસિક રૂ. ૪૧૦૦ થી ઓછો.

**૧૨. માઈલેજ ભથ્થાંના હેતુ માટે સરકારી કર્મચારીઓનું વર્ગીકરણ :** માઈલેજ ભથ્થાં માટે સરકારી કર્મચારીઓનું જુદી જુદી કક્ષાઓમાં વર્ગીકરણ નિયમ-૫૧ પ્રમાણે કરવામાં આવશે.

**૧૩. પશ્ચાદવર્તી અસરથી બઢતી / પદાવનતિ / પગારમાં સુધારો કરવામાં આવે ત્યારે પૂરક માગણીઓનું નિયમન :** બઢતી પામેલા અથવા મૂળ જગાએથી પાછા હઠાવવામાં આવેલા અથવા જેમનો વધારવામાં આવેલો પગાર પશ્ચાદવર્તી અસરથી મંજૂર કરવામાં આવેલો હોય તેવા કર્મચારીઓની બાબતમાં બઢતી અથવા પાયરી ઉતાર કે પગાર વધારાની તારીખ અને તે સંબંધેના હુકમો જારી કરવાની કે જાહેરનામાંની તારીખ, એ બંને તારીખો વચ્ચેના સમયગાળા દરમ્યાન ખરેખરી ફરજોમાં ફેરફાર થવાનું ચોક્કસ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી મુસાફરી ભથ્થું સુધારવામાં આવશે નહિ.

**૧૪. પુનર્નિયુક્ત પેન્શનરને મુસાફરી ભથ્થાંનો હક :** પુનર્નિયુક્ત પેન્શનરની મુસાફરી ભથ્થાં અંગેની પાત્રતા તેને મળતા પગાર વત્તા પેન્શન, જો મેળવતા હોય તો, તેના આધારે નક્કી કરવામાં આવશે. પરંતુ બાંધ્યા પગારે નિમણૂક કરવામાં આવી હોય અને પગાર તથા પેન્શનનો સરવાળો, તે પગાર કરતાં વધારે હોય અથવા પગાર ધોરણ ધરાવતી જગા ઉપર નિમણૂક કરવામાં આવી હોય અને તે પગાર ધોરણના અધિકતમ પગાર કરતાં વધારે હોય ત્યારે પાત્રતા નક્કી કરવાના સમયે આવા વધારાની ઉપેક્ષા કરવામાં આવશે. આ નિયમના હેતુ માટે પેન્શનની તે જ રકમ ગણતરીમાં લેવી પડશે જે મૂળતઃ મંજૂર કરવામાં આવેલ હોય એટલે કે રૂપાંતર કર્યા પહેલાંની હોય.

**૧૫. પેન્શનરને મુસાફરી ભથ્થું :** આ નિયમો હેઠળ પેન્શનરને મુસાફરી કરવાની આવશ્યક્તા ઉપસ્થિત થાય ત્યારે નિવૃત્તિના તરત પહેલાં તેણે ફરજ પરનો જે છેલ્લો પગાર મેળવ્યો હોય તે પગારના આધારે તેને મુસાફરી ભથ્થાંનો હક પ્રાપ્ત થશે.

૧૬. **વિશેષ છૂટછાટો :** કોઈપણ સરકારી કર્મચારીને કે કર્મચારીના વર્ગને નિયમ-૧૧ અથવા નિયમ-૫૧ માં નિયત કરવામાં આવેલ પગાર શ્રેણીથી ઊંચી અથવા નીચી શ્રેણીમાં સમાવેશ કરવાના આદેશ, કારણોની લેખિત નોંધ કરીને, સક્ષમ સત્તાધિકારી કરી શકશે.

૧૭. **એક પદ પરથી બીજા પદ પર ટ્રાન્ઝિટમાં જતા સરકારી કર્મચારીની કક્ષા અથવા પગાર શ્રેણી :** એક પદ પરથી બીજા પદ પર ટ્રાન્ઝિટમાં જતા સરકારી કર્મચારી બે પદ પૈકીની નીચલી જગા ધરાવતાં તે જે કક્ષા અથવા પગાર શ્રેણી માટે હકદાર હોય તે નીચલી કક્ષા કે પગાર શ્રેણીની ગણતરીમાં આવે છે.

૧૮. **ખંડ સમયના સરકારી કર્મચારીની કક્ષા કે પગાર શ્રેણી :** જે સરકારી કર્મચારી પૂર્ણ સમય માટે જાહેર સેવામાં રાખવામાં આવ્યા ન હોય અથવા જેમને પૂર્ણ કે ખંડ સમયનું માનદ્‌વેતન કે ફી આપવામાં આવતાં હોય તેવા સરકારી કર્મચારીની કક્ષા કે પગાર શ્રેણી તેમના દરજ્જાનો ઉચિત ખ્યાલ રાખીને સક્ષમ સત્તાધિકારી જાહેર કરી શકશે.

## પ્રકરણ-૪

# કાયમી મુસાફરી ભથ્થું

**૧૯. કાયમી મુસાફરી ભથ્થાંની રકમ નક્કી કરવી :** સરકારી કર્મચારીઓને મંજૂર કરી શકાય તેવા કાયમી મુસાફરી ભથ્થાંની રકમની ગણતરી નીચેના સૂત્રના આધારે કરવામાં આવશે :-

$$\text{કાયમી મુસાફરી ભથ્થું} = \frac{3\,(\text{એ} \times \text{સી})}{5} + (\text{બી} \times \text{ડી})$$

જ્યાં :

''એ'' = નિયત કરવામાં આવેલ એક માસના પ્રવાસના દિવસોની સંખ્યા.

''બી'' = પ્રવાસ કરવાના સરેરાશ માસિક માઈલેજ.

''સી'' = જે તે સમયે પ્રવર્તમાન દૈનિક ભથ્થાંનો દર.

''ડી'' = જે તે સમયે પ્રવર્તમાન માઈલેજ ભથ્થાંનો દર.

**સ્પષ્ટીકરણ :** ઉપરોક્ત સૂત્રમાં ''એ'', ''બી'', ''સી'' અને ''ડી'' ની ગણતરી નીચે મુજબ કરવી પડશે :-

**''એ'' = પ્રવાસના દિવસોની નિયત સંખ્યા :** ખાતાની આવશ્યક્તા મુજબ માસ દરમ્યાન કરવાના પ્રવાસોના દિવસોની સંખ્યા આધાર તરીકે લેવામાં આવશે અને સંબંધિત ખાતા દ્વારા તેમાં નિશ્ચિત કારણો સિવાય કરેલા ફેરફાર સિવાય તે સ્થાયી રહેશે. પ્રવાસ ક્ષેત્ર પણ નિશ્ચિત રહેશે, જેમકે જિલ્લો, પેટા-વિભાગ, તાલુકો અથવા વર્તુળ (ગામડાઓનો સમૂહ). પદનું હકૂમત બદલાય નહિ ત્યાં સુધી તે ક્ષેત્રમાં કોઈ ફેરફાર થઈ શકશે નહિ.

**''બી'' = પ્રવાસ કરવાના સરેરાશ માઈલેજ :** તેવા કિસ્સાઓમાં અન્યથા ગણતરી કરવા માટે કારણો હોય હકીકતો અને આંકડાઓ આપી પૂરતું ન્યાયોચિત ઠરાવવાનું આવશ્યક હોય તે સિવાય પદધારકે પ્રવાસ કરવાના સરેરાશ માઈલેજની ધારણા નીચે મુજબ કરવામાં આવશે :-

(૧) જ્યાં કાર્યક્ષેત્ર જિલ્લો હોય ત્યારે પ્રવાસના દિવસોને કરવાના દૈનિક પ્રવાસની અવધારણા સંબંધિત વહીવટી ખાતાએ ઠરાવ્યા પ્રમાણે દૈનિક ૩૦ કિ.મી.ની રહેશે.

(૨) અવાર-નવાર મુખ્ય મથકે કચેરી કામકાજ સંભાળવા પરત આવવાનું થતું હોય તેવા જિલ્લા કચેરીના વડાના કિસ્સામાં, દૈનિક પ્રવાસનું અંતર ૪૫ કિ.મી.નું ગણાશે.

(૩) જે સરકારી કર્મચારીનું કાર્યક્ષેત્ર તાલુકા પૂરતું મર્યાદિત હોય, તેમના કિસ્સામાં દૈનિક સરેરાશ પ્રવાસનું અંતર ૨૨ કિ.મી. એક અછડતું માર્ગદર્શન તરીકે લેવું.

**''સી'' = દૈનિક ભથ્થાંનો દર :** જે જગાઓ માટે કાયમી મુસાફરી ભથ્થું નિયત કરવાનું હોય તે જગાઓના જૂથની પગાર શ્રેણીના ન્યૂનતમ પગારને અનુરૂપ નિયમ-૬૯ મુજબ સામાન્ય દરે દૈનિક ભથ્થાંની ગણતરી કરવી પડશે.

**''ડી'' = માઈલેજ ભથ્થાંની રકમ :** આ રકમ નિશ્ચિત કરવા માટે એક તૃતિયાંશ ભાગના માઈલેજ ભથ્થાંની ગણતરી નિયમ-૫૨ હેઠળ કાર અથવા મોટર સાયકલ અથવા સ્કુટર અથવા રીક્ષા વગેરેની હકપાત્રતાના ધોરણે કરવામાં આવશે. બાકીના બે તૃતિયાંશ ભાગના માઈલેજ ભથ્થાંની ગણતરી મુસાફરી જાહેર વાહનની પદ્ધતિના ધોરણે પ્રતિ કીલોમીટરે ૪૫ પૈસાના દરે કરવામાં આવશે.

**૨૦. કાયમી મુસાફરી ભથ્થાંના અવેજમાં મુસાફરી ભથ્થાંની આકારણી :** નિયમો દ્વારા ઠરાવવામાં આવેલી અન્ય શરતોની પૂર્તતાને અધીન રહી સરકારી કર્મચારી જ્યારે ફરજ પર પોતાના કાર્યક્ષેત્રની બહાર મુસાફરી કરે ત્યારે, કાર્યક્ષેત્રની હદમાં કરેલ મુસાફરીમાં ગાળેલ મુસાફરીના હિસ્સા સહિતની મુસાફરીના સમગ્ર સમયગાળા તેમજ કાર્યક્ષેત્ર બહારના સ્થળોએ કરેલ રોકાણ સહિતના સંપૂર્ણ સમયગાળાના રોકાણ માટે સામાન્ય નિયમો મુજબ કાયમી મુસાફરી ભથ્થાંના બદલામાં મુસાફરી ભથ્થું તેમજ દૈનિક ભથ્થું આકારી શકશે.

૨૧. **માસના તૂટક સમય માટે કાયમી મુસાફરી ભથ્થાંની ગણતરી :** માસ ગમે તેટલા દિવસનો હોય છતાં માસના તૂટક સમયગાળાના દિવસો માટે એક દિવસના ૧/૩૦ ના દરે કાયમી મુસાફરી ભથ્થાંની ગણતરી કરવામાં આવશે.

૨૨. **કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત સરકારી કર્મચારીએ કરવાની મુસાફરી ભથ્થાંની આકારણી :** (૧) પોતાના કાર્યક્ષેત્રમાં નિયત ન્યૂનતમ દિવસોનો પ્રવાસ પૂરો કર્યો હોય અને/અથવા રાત્રી રોકાણ કર્યા હોય તેવા કાયમી મુસાફરી ભથ્થું મેળવતા સરકારી કર્મચારી પોતાની ક્ષેત્રની બહાર મુસાફરી કરે ત્યારે તેઓ કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત કાર્યક્ષેત્રની બહાર બજાવવામાં આવેલી ફરજ દરમ્યાન મુસાફરી ભથ્થું આકારી શકશે.

**નોંધ :** આ પેટા-નિયમ મુજબ જ્યારે કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત મુસાફરી ભથ્થું આકારવામાં આવે ત્યારે નિયંત્રણ અધિકારીએ મુસાફરી ભથ્થાં બિલના રિમાર્ક્સના કોલમમાં નીચે મુજબ પ્રમાણપત્ર નોંધવું પડશે :-
''પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ............................................ એ કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૨ (૧) મુજબ મુસાફરી ભથ્થું આકારેલ છે.''

(૨) મહત્તમ પગાર રૂ. ૪૧૦૦ થી વધુ ન હોય તેવા પગાર ધોરણની જગા ધરાવતા સરકારી કર્મચારી, કાયમી મુસાફરી ભથ્થાં ઉપરાંત રેલવેની મુસાફરી માટે એક ભાડું આકારી શકશે.

૨૩. **કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય તેવી બે કે તેથી વધુ જગાઓનો હવાલો સંભાળતા કર્મચારીને કાયમી મુસાફરી ભથ્થું :** સરકારી કર્મચારી બે કે તેથી વધુ જગાનો કાયમી કે કાર્યકારી હેસિયતથી હવાલો સંભાળતા હોય અને દરેક જગા માટે કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય ત્યારે કરેલ મુસાફરીના ખર્ચને પહોંચી વળવા સક્ષમ સત્તાધિકારીને આવશ્યક જણાય તેટલું કાયમી મુસાફરી ભથ્થું મંજૂર કરી શકશે, પરંતુ આવી જગાઓના તમામ કાયમી મુસાફરી ભથ્થાંના કુલ સરવાળાથી તે વધવું જોઈએ નહિ.

૨૪. **પ્રાસંગિક રજાના દિવસોનું કાયમી મુસાફરી ભથ્થું :** પોતાના કાર્યક્ષેત્રની બહાર ફરજ દરમ્યાન પ્રાસંગિક રજા ભોગવતા સરકારી કર્મચારીને તે દિવસો માટે દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી. આમ છતાં આ દિવસો માટે તેને કાયમી મુસાફરી ભથ્થું મળતું હોય, તો તે દરે દૈનિક ભથ્થું આકારવા પરવાનગી આપી શકાય. કાર્યક્ષેત્રની બહાર ફરજ પરના રોકાણના સમયની તરત જ આગળ કે પાછળ જોડવામાં આવેલી રજાઓ સંબંધે પણ આ હુકમો લાગુ પડે છે.

૨૫. **સરકારી કર્મચારીની તાલીમ, રજા દરમ્યાન તથા રજાની આગળ કે પાછળ જોડવામાં આવેલ રજાઓ દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થાંની આકારણી :** સરકારી કર્મચારીને તાલીમ દરમ્યાન, રજા દરમ્યાન તથા રજાની આગળ કે પાછળ જોડવાની મંજૂરી આપવામાં આવી હોય તેવા જાહેર રજાના દિવસો માટે કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી.

૨૬. **એકથી બીજી જગા પર હાજર થવાના સમય (જોઈનીંગ ટાઈમ) દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થાંની પાત્રતા :** અન્ય પ્રકારના મુસાફરી ભથ્થાં આકારેલ હોય તેવા સમયગાળા માટે આ નિયમોમાં અન્યથા વિશિષ્ટ જોગવાઈ કરી હોય તે સિવાય હાજર થવાના સમય દરમ્યાન કાયમી મુસાફરી ભથ્થું આકારી શકાશે નહિ.

૨૭. **કાર્યભાર સ્વીકારવાના કે સોંપવાના દિવસે કાયમી મુસાફરી ભથ્થાંની પાત્રતા :** બદલી થતાં સરકારી કર્મચારી તેનું જૂનું સ્થળ છોડે અથવા નવા સ્થળે પહોંચે તે દિવસે બદલી અંગે કરેલા ખાસ પ્રવાસ માટે બદલી થતાં સરકારી કર્મચારીને મુસાફરી ભથ્થું મળે છે તે હકીકતના કારણે જે દિવસે તે બપોર પછી ચાર્જ સોંપે અથવા તેની નવી નિમણૂકનો ચાર્જ બપોર પહેલાં સંભાળે તે દિવસ માટેના કાયમી મુસાફરી ભથ્થાં માટેના તેના હક્કને બાધ આવતો નથી.

૨૮. **કાયમી મુસાફરી ભથ્થાંની આકારણી :** જગા માટે મંજૂર કરવામાં આવેલ કાયમી મુસાફરી ભથ્થું તેના પદધારકે તેના પગાર અને ભથ્થાં સાથે પગાર બિલના નમૂનામાં આકારવું.

૨૯. **કાયમી મુસાફરી ભથ્થું મેળવતા સરકારી કર્મચારી દ્વારા સરકારી વાહનનો ઉપયોગ :** જે વાહનની જાળવણીનો ખર્ચ પૂર્ણતઃ સરકાર ભોગવતી હોય તેવા સરકારી વાહનનો કાયમી મુસાફરી ભથ્થાં મેળવતા સરકારી કર્મચારીએ, જે દિવસે ઉપયોગ કર્યો હોય તે દિવસનું અડધું કાયમી મુસાફરી ભથ્થું તથા પૂરેપૂરું દૈનિક ભથ્થું તે ગુમાવશે.

## પ્રકરણ-૫

## વાહન ભથ્થું

૩૦. **વાહન ભથ્થું કોને મળવાપાત્ર થાય :** સરકારી કર્મચારી દૈનિક ભથ્થાંને પાત્ર ન થાય તેવી તેની મુખ્ય મથકે અથવા મુખ્ય મથકેથી ટૂંકા અંતરની વ્યાપક મુસાફરી માટે સરકાર યોગ્ય લાગે તેવી શરતો લાદી માસિક વાહન ભથ્થું મંજૂર કરી શકશે.

૩૧. **વાહન ભથ્થાંની પ્રારંભિક મંજૂરી :** સરકારી કર્મચારીને પ્રથમ વખત વાહન ભથ્થું મંજૂર કરવા અંગે અનુસરવાની કાર્યપદ્ધતિ નીચે મુજબની રહેશે :-

(૧) સરકારી કર્મચારીએ વાહન ભથ્થાંની માગણી મૂકતાં તેણે તેની મંજૂરીની પાત્રતા માટે ફરજ ઉપરની મુસાફરીઓ માટે ઓછામાં ઓછા ત્રણ માસ માટે લોગબુક નિભાવવાની આવશ્યક્તા રહેશે. આ સમય દરમ્યાન નિયંત્રણ અધિકારી શક્ય હોય તે હેઠળ વારંવાર આ લોગબુકની ચકાસણી કરશે. મંજૂર કરનાર અધિકારી પોતાની વિવેકબુદ્ધિ હેઠળ આથી વધુ લાંબો સમયગાળો પણ નિયત કરી શકશે. લોગબુકમાં નીચેની વિગતો દર્શાવવાની રહેશે :-

(ક) સત્તાવાર ફરજ અંગે કરેલી દૈનિક મુસાફરીનું અંતર;

(ખ) દરેક મુલાકાતના સ્થળો અને તે માટે આવરી લેવામાં આવેલ અંતર તથા મુલાકાતનાં હેતુઓ;

(ગ) નિભાવવામાં / વાપરવામાં આવેલા વાહનનો પ્રકાર.

(૨) આ લોગબુકની વિગતો પરથી સરકારી કર્મચારી કરેલ પ્રવાસનું માસિક સરેરાશ અંતર તેને વાહન ભથ્થું મેળવવાને પાત્ર ઠરાવે છે તે બાબતે મંજૂર કરનાર અધિકારીને પોતાને સંતોષ થવો જોઈએ. ત્યારબાદ તેઓના મતે વાહન ભથ્થું વાજબી લાગે તેવા યોગ્ય દરે કોઈપણ તારીખથી મંજૂર કરી શકશે. લોગબુક નિભાવ્યા પહેલાંની કોઈપણ તારીખથી આવું ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.

(૩) જેની ફરજોના સ્વરૂપને લીધે મોટરકાર રાખવી આવશ્યક હોય તેવા સરકારી કર્મચારીના કોઈ વર્ગ માટે નાણાં ખાતાની પૂર્વમંજૂરીથી લોગબુક રાખવાની શરત જતી કરી શકાય. આવા તમામ કિસ્સાઓમાં ભથ્થું, નિયમ-૩૫ હેઠળ નિયત દરેથી મળવાપાત્ર થશે.

૩૨. **વાહન ભથ્થાંની ચૂકવણી અંગેની શરતો :** નિયમ-૩૦ હેઠળ સરકારી કર્મચારીને મંજૂર કરવામાં આવતા વાહન ભથ્થાંની ચૂકવણીનું નીચેની શરતોએ નિયમન થશે :-

(૧) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરેલ હોય અને મંજૂર કરનાર અધિકારીએ અન્યથા સૂચના આપેલ હોય તે સિવાય વાહન ભથ્થું આખા વર્ષ દરમ્યાન મળવાપાત્ર છે. મુખ્ય મથકે ગેરહાજરીને કારણેતે જપ્ત થઈ શકશે નહિ તથા આ નિયમો હેઠળ મળતાં અન્ય મુસાફરી ભથ્થાં ઉપરાંત તે આકારી શકાશે.

(૨) માસિક સરેરાશ ૨૦૦ કિ.મી. કરતા વધુ સત્તાવાર ફરજ ઉપરના પ્રવાસ વિના આ ભથ્થું મળવાપાત્ર થશે નહિ. રહેઠાણના સ્થળ અને ફરજના સામાન્ય સ્થળ વચ્ચેની મુસાફરીને આ પ્રવાસ માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૩) પગે ચાલીને કે સાયકલ પર કરેલ મુસાફરી, વાહન ભથ્થાંની મંજૂરીને પાત્ર ગણાશે નહિ.

(૪) જેમનો માસિક પગાર રૂ. ૮૦૦૦ થી ઓછો હોય તેવા વ્યક્તિને મોટરકાર માટે વાહન ભથ્થું મળવાપાત્ર નથી, સિવાય કે ફરજોના કારણે મોટરકાર રાખવી જરૂરી હોય તેવા ખાસ કિસ્સાઓમાં નાણાં વિભાગની આ શરતમાં છૂટ મૂકવા પૂર્વમંજૂરી મેળવવામાં આવે.

(૫) એકીસમયે પંદર દિવસ કરતાં વધારે દિવસની કોઈ મુદ્દત દરમ્યાન આ ભથ્થું મેળવનાર સરકારી કર્મચારી વાહન રાખે નહિ અથવા તેણે રાખેલ વાહન ચાલુ સ્થિતિમાં ન હોય અથવા અન્ય કોઈ કારણસર સરકારી

ફરજ માટે વાપરવામાં ન આવે, તો તેને તે સમયગાળા માટે સરકારી કામ માટે સરકારી કર્મચારીને વાહન ભથ્થું મળવાપાત્ર નથી.

(૬) વાહન ભથ્થાંની આકારણી એ શરતો પર નિર્ભર છે કે સરકારી કર્મચારી પોતાની માલિકીનું વાહન નિભાવે અને તેને સારી ચાલુ સ્થિતિમાં રાખે અને સત્તાવાર ફરજ જે મુસાફરી માટે જે ભથ્થું અપાતું હોય તે માટે તે વાહનનો ઉપયોગ કરે.

(૭) જે પોતાના ફરજ બજાવવાના સામાન્ય સ્થળેથી આઠ કિ.મી.ની ત્રિજ્યાની અંદર હોય કે બહાર હોય તેવી પોતાના કાર્યક્ષેત્રની કોઈપણ પ્રકારની મુસાફરી જેના માટે દૈનિક/માઈલેજ ભથ્થું મળવાપાત્ર નથી તેવા સરકારી કર્મચારીએ કરેલી ફરજ અંગેની રસ્તા દ્વારા કરેલી બધી જ મુસાફરીને આ નિયમ હેઠળ મંજૂર કરવામાં આવેલ ભથ્થું આવરી લે છે.

૩૩. **વાહન ભથ્થું મંજૂર કરવાની સમય મર્યાદા :** એકી સમયે બે વર્ષ કરતાં વધુ સમયગાળા માટે વાહન ભથ્થું મંજૂર કરી શકાશે નહિ અને તેને ચાલુ રાખવા માટે આ સમયગાળાને અંતે તેની સમીક્ષા કરવાની રહેશે. આ ભથ્થું મંજૂર કરવા નિયમ-૩૧ હેઠળ પ્રારંભિક મંજૂરી માટે નિયત કરવામાં આવેલી પદ્ધતિથી આવી સમીક્ષા કરવાની રહેશે. વાહન ભથ્થું મંજૂર કરતાં હુકમમાં જે તે મહિના માટે ભથ્થાંની પાત્રતાના હેતુ માટે મહિના દરમ્યાન ઓછામાં ઓછા અંતરનો પ્રવાસ મુકરર કરતી કોઈપણ શરત સામેલ કરવી આવશ્યક નથી.

૩૪. **વાહન ભથ્થું મેળવતા સરકારી કર્મચારીએ લોગબુક નિભાવવા બાબત :** એક વાર આ નિયમાનુસાર વાહન ભથ્થાંની રકમ નિશ્ચિત કરવામાં આવે ત્યારબાદ દરેક માસ માટે તે ભથ્થું આકારવાના હેતુ માટે સરકારી કર્મચારીએ લોગબુક રાખવાની આવશ્યક્તા નથી, સિવાય કે નિયંત્રણ અધિકારી તેમ સૂચવે. જ્યાં સુધી નિયંત્રણ અધિકારીને ખાતરી થાય કે સરકારી કર્મચારીની ફરજોના પ્રકારમાં કોઈ ફેરફાર થયો નથી કે તે ભથ્થાંના દરમાં ઘટાડો કરવા કે તેને પાછું ખેંચી લેવા વાજબી ઠરાવે તેવો ફેરફાર કર્મચારીના પ્રવાસના વ્યાપમાં થયેલ નથી, ત્યાં સુધી મંજૂર થયેલ મુદ્દત સુધી આ ભથ્થું આકારી શકાશે.

૩૫. **વાહન ભથ્થાંના દર :** સરકારી કર્મચારીઓને મંજૂર કરવામાં આવનાર વાહન ભથ્થાંના દર સરકાર દ્વારા વખતોવખત નિયત કર્યા મુજબના રહેશે. તા. ૩-૭-૯૬ થી અમલમાં આવેલા આ દરો નીચે મુજબ છે :-

| | સરકારી ફરજ અંગેની સરેરાશ માસિક મુસાફરી (કિ.મી.) | વાહન ભથ્થાંનો દર રૂપીયામાં પોતાની માલિકીની મોટરકાર દ્વારા | અન્ય પ્રકારના વાહન દ્વારા કરવામાં આવેલી મુસાફરી માટે |
|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ |
| (૧) | ૨૦૧-૩૦૦ | માસિક રૂ. ૬૧૨ | માસિક રૂ. ૧૭૫ |
| (૨) | ૩૦૧-૪૫૦ | માસિક રૂ. ૯૦૧ | માસિક રૂ. ૨૪૫ |
| (૩) | ૪૫૧-૬૦૦ | માસિક રૂ. ૧૦૦૩ | માસિક રૂ. ૨૯૮ |
| (૪) | ૬૦૧-૮૦૦ | માસિક રૂ. ૧૨૦૭ | માસિક રૂ. ૩૫૦ |
| (૫) | ૮૦૦ થી વધુ | માસિક રૂ. ૧૩૬૦ | માસિક રૂ. ૪૦૩ |

૩૬. **વાહન ભથ્થાંની આકારણી માટે પ્રમાણપત્રો :** વાહન ભથ્થાંની મંજૂરીના હુકમમાં નિશ્ચિત કરવામાં આવેલ વાહન નિભાવેલ હોવાનું અને તેનો ઉપયોગ કર્યા અંગેનું પ્રમાણપત્ર સંબંધિત સરકારી કર્મચારીએ દર માસે ઉપાડ અધિકારીને પૂરૂં પાડવું.

૩૭. **આઠ કિ.મી. થી વધુ મુસાફરી માટે મુસાફરી ભથ્થું :** વાહન ભથ્થું મેળવતા સરકારી કર્મચારી તેના સામાન્ય ફરજના સ્થળેથી આઠ કિ.મી.ની ત્રિજ્યાની બહારની મુસાફરી માટે નીચે મુજબ માઈલેજ ભથ્થાંના હકદાર થશે :-

(ક) મુસાફરી રેલવે અગર વિમાન દ્વારા કરવામાં આવી હોય ત્યારે નિયમાનુસાર મળવાપાત્ર મુસાફરી ભથ્થાં એટલે કે દૈનિક ભથ્થું અને/અથવા માઈલેજ ભથ્થાં ઉપરાંત વાહન ભથ્થું આકારી શકાશે.

(ખ) મુસાફરી જો રસ્તા દ્વારા કરવામાં આવી હોય તો આ નિયમ હેઠળ ફક્ત વાહન ભથ્થું જ મળવાપાત્ર બનશે, પરંતુ જ્યારે સરકારી કર્મચારી તેના સામાન્ય ફરજના સ્થળેથી સોળ કિ.મી. કરતાં વધુ દૂરના સ્થળે મુસાફરી કરે ત્યારે તેને પ્રત્યેક દિવસના ૧/૩૦ વાહન ભથ્થાંના બદલામાં, મળવાપાત્ર મુસાફરી ભથ્થાં એટલે કે દૈનિક ભથ્થું અને/અથવા માઈલેજ ભથ્થાં આકારવાનો વિકલ્પ રહેશે.

(ગ) મુસાફરી અંશતઃ રેલવે અગર વિમાન દ્વારા અને અંશતઃ રસ્તા દ્વારા કરવામાં આવી હોય ત્યારે રેલવે અથવા વિમાન દ્વારા કરવામાં આવેલ મુસાફરીના હિસ્સા માટે મળવાપાત્ર ભથ્થાં ઉપરાંત વાહન ભથ્થું સરકારી કર્મચારી આકારી શકશે અને જે દિવસે રસ્તાની મુસાફરીનો હિસ્સો સોળ કિ.મી. કરતાં વધુ દૂરના સ્થળે હોય ત્યારે આવા પ્રત્યેક દિવસના ૧/૩૦ વાહન ભથ્થાંના બદલામાં મળવાપાત્ર કોઈપણ મુસાફરી ભથ્થું આકારવાનો તેને વિકલ્પ રહેશે.

૩૮. **રજા અથવા હંગામી બદલી દરમ્યાન વાહન ભથ્થાંની આકારણી :** (૧) સરકારી કર્મચારીને રજા અથવા હંગામી બદલી દરમ્યાન કોઈ વાહન ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(૨) નીચેના સરકારી કર્મચારીઓ રજા અથવા હંગામી બદલી દરમ્યાન વાહન ભથ્થું આકારી શકશે, સિવાય કે તેથી સરકારને વધારાના ખર્ચનો બોજો પડતો ન હોય અને ફરજ દરમ્યાન મુસાફરી માટે રાખવામાં આવેલ વાહનનું જાળવણી પ્રમાણપત્ર આપવામાં આવે :-

(૧) આબકારી ખાતાના ઈન્સ્પેક્ટરો અને સબ-ઈન્સ્પેક્ટરો.

(૨) પોલીસ ખાતાના ઈન્સ્પેક્ટરો, પોલીસ પ્રોસીક્યુટરો અને સબ-ઈન્સ્પેક્ટરો.

**નોંધ :** રજા ઉપરના અધિકારીએ કે તેની ફરજો બજાવનાર અધિકારીએ વાહન ભથ્થું આકારવું તે બાબતનો નિર્ણય રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી લેશે.

૩૯. **હાજર થવાના સમય દરમ્યાન તથા તાલીમ દરમ્યાન વાહન ભથ્થાંની આકારણી :** હાજર થવાના સમય દરમ્યાન તથા તાલીમ દરમ્યાન વાહન ભથ્થું આકારી શકાશે નહિ :

**પરંતુ,** આબકારી ખાતાના ઈન્સ્પેક્ટરોને, સબ-ઈન્સ્પેક્ટરોને, પોલીસ ઈન્સ્પેક્ટરોને, પોલીસ પ્રોસીક્યુટરોને અને સબ-ઈન્સ્પેક્ટરોને તેમજ વેક્સીનેટરોને તેમની જૂની જગાનો હવાલો સોંપી તે જ સ્થળે અથવા નવા સ્થળે રજા ભોગવ્યા સિવાય હવાલો સંભાળે ત્યારે, હાજર થવાના સમય દરમ્યાન નીચેની શરતોને અધીન તે મળવાપાત્ર થશે -

(૧) આ કારણે સરકારને વધુ ખર્ચનો બોજો પડ્યો હોય નહિ; **અને**

(૨) ફરજ પર હોય ત્યારે મુસાફરી માટે રાખવામાં આવેલ વાહનની જાળવણી ચાલુ રાખ્યાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય.

૪૦. **પરિવહન ભથ્થું :** (૧) કર્મચારીઓ નીચેના દરે પરિવહન ભથ્થાં માટે હકદાર થશે :-

| **ક્રમ** | **કર્મચારીઓની પગાર શ્રેણી** | **માસિક ટ્રાન્સપોર્ટ ભથ્થાંના દર (રૂપીયામાં)** | |
|---|---|---|---|
| | | **એ-૧/એ વર્ગના શહેરો** | **અન્ય સ્થળો** |
| ૧. | રૂ. ૮૫૦૦-૧૩૫૦૦ અને તેથી ઊંચા પગાર ધોરણમાં પગાર મેળવતા કર્મચારીઓ | ૮૦૦ | ૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨. | રૂ. ૮૫૦૦-૧૩૫૦૦ થી ઓછા પરંતુ રૂ. ૬૫૦૦-૧૦૫૦૦ અને તેથી ઊંચા પગાર ધોરણમાં પગાર મેળવતા કર્મચારીઓ | ૪૦૦ | ૨૦૦ |
| ૩. | રૂ. ૬૫૦૦-૧૩૫૦૦ થી ઓછા પગાર ધોરણમાં પગાર મેળવતા કર્મચારીઓ | ૧૦૦ | ૭૫ |

(૨) પરિવહન ભથ્થાંની મંજૂરી નીચેની શરતોને અધીન રહેશે :-

(૧) આ નિયમોમાં ''એ'' અને ''એ-૧'' તરીકે ઉલ્લેખેલ શહેરોનું વર્ગીકરણ સ્થાનિક વળતર ભથ્થાં (સી.એલ.એ.) ના હેતુ માટે ''એ'' તથા ''એ-૧'' શહેરોનું જે વર્ગીકરણ કરવામાં આવેલ છે તે મુજબનું રહેશે. ''અન્ય સ્થળો'' શબ્દોમાં રાજ્ય સરકારની કચેરીઓના / વ્યવસ્થાન સ્થળો આવેલા હોય તેવા અન્ય સ્થળોનો સમાવેશ થશે.

(૨) ફરજના સ્થળ ઉપરના કેમ્પસમાં આવેલા આવાસોમાં રહેતા (અંધ તથા શારીરિક ખોડખાંપણવાળા કર્મચારીઓ સિવાયના) તેમજ ફરજના સ્થળેથી એક કિ.મી.ના અંતરમાં રહેતા કર્મચારીઓને આ ભથ્થું મળવાપાત્ર નથી. અંધ અને અંગ વિકૃતિને કારણે વિકલાંગ કર્મચારીઓના કિસ્સામાં કે જેમને કામકાજના સ્થળે એક કી.મી.ના અંતરમાં સરકારી આવાસ ફાળવવામાં આવ્યા હોય અગર કેમ્પના સ્થળે રહેતા હોય તેઓને આ નિયમ મુજબ ભથ્થું મળવાપાત્ર છે.

(૩) સરકારી વાહનની સુવિધા આપવામાં આવી હોય તેવા કર્મચારીઓને આ ભથ્થું મળવાપાત્ર નથી.

(૪) જેઓને તેમના રહેઠાણ અને કચેરી વચ્ચે રાજ્યેત્તર-જવર કરવા માટે નિશ્ચિત ચૂકવણીના દરે કચેરીની કારની સુવિધા પૂરી પાડવામાં આવેલ હોય તેવા સચિવ અને ઉપલી કક્ષાના અધિકારીઓને, પોતે વર્તમાન સુવિધાનો લાભ લેવો છે કે આ નિયમ હેઠળ પરિવહન ભથ્થાંની ચૂકવણી સ્વીકારવી છે તે સંબંધે વિકલ્પ આપવામાં આવશે. જો તેઓ પરિવહન ભથ્થું લેવાનો પાછળનો વિકલ્પ સ્વીકારે, તો તેમને લાગુ પડતા દરે ભથ્થું એ શરતે ચૂકવવામાં આવશે કે તેઓ જે તારીખથી તે વિકલ્પ સ્વીકારે તે તારીખથી તેમને આપવામાં આવેલી કચેરી કારની સુવિધા પાછી ખેંચી લેવામાં આવે. જો તેઓ પહેલો વિકલ્પ સ્વીકારે, તે કિસ્સામાં તેમને ભથ્થું મળવાપાત્ર રહેશે નહિ અને તેમને રહેઠાણ અને કચેરીની વચ્ચે રાજ્યેત્તર-જવર કરવા માટે કચેરીની કારની સુવિધા માટે કોઈ ચૂકવણી કરવાની આવશ્યક્તા રહેશે નહિ.

**નોંધ :** આ નિયમો અમલમાં આવતા પહેલાં જે અધિકારીઓએ આવો વિકલ્પ આપી દીધેલો હોય તેઓએ આ પેટા-નિયમ હેઠળ ફરીથી વિકલ્પ આપવાની આવશ્યક્તા નથી.

(૫) તાલીમ કે પ્રવાસ વગેરે અંગે જાહેર રજાઓ આગળ પાછળ જોડીને ફરજ પરથી કુલ ત્રીસ કરતાં વધુ દિવસ ગેરહાજર રહેતા કર્મચારીને તેમની આવી ગેરહાજરીના આગળ કે પાછળ જોડેલ રજાઓ સહિતના સમયગાળા માટે આ ભથ્થું મળવાપાત્ર નથી.

(૬) અંધ અને અંગવિકૃતિને કારણે વિકલાંગ કર્મચારીઓ સિવાયના કર્મચારીઓને પરિવહન ભથ્થાંની મંજૂરી, ખાતાના વડા / કચેરીના વડા દ્વારા નીચે મુજબનાં પ્રમાણપત્ર આપવાને અધીન રહેશે :-

**પ્રમાણપત્ર**

''આથી પ્રમાણપત્ર કરવામાં આવે છે કે શ્રી / શ્રીમતી / કુમારી .............................. (કર્મચારીનું નામ) આ ખાતામાં / કચેરીમાં .......................... (કર્મચારીનો હોદ્દો) .............................. તરીકે નોકરી કરે છે. તે / તેણી કામગીરીના સ્થળેથી એક કિ.મી.ની હદમાં કે કેમ્પસમાં આવેલા કામગીરી અને રહેઠાણના આવાસમાં રહેતા નથી.

૨. તે / તેણી ગુજરાત રાજ્ય મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૪૦ હેઠળ પરિવહન ભથ્થું હકદાર છે.''

**કચેરીની મુદ્રા :** **નામ અને સહી**

**તારીખ :** **ખાતા/કચેરીના વડાનો હોદ્દો**

**સ્થળ :**

**નોંધ :** આવું પ્રમાણપત્ર આપતાં પહેલાં તે અંગેની ચકાસણી કરવાની વ્યક્તિગત જવાબદારી ખાતા / કચેરીના વડા અધિકારીની રહેશે.

**૪૧. સાયકલ ભથ્થું :** (૧) ફરજોના પાલનમાં પ્રવાસ પાછળ થતાં સંબંધિત ખર્ચને ખાસ ધ્યાનમાં લઈને જેનો પગાર નિયત કરવામાં આવ્યો ન હોય અને મર્યાદિત વિસ્તારની અંદર અસાધારણ પ્રમાણમાં પ્રવાસ કરવો પડે એવી ફરજો જેમાં સામેલ હોય તેવા સરકારી કર્મચારી જો પોતાની માલિકીની સાયકલ નિભાવે અને નિયમ મુજબ ફરજોની બજવણી માટે તેનો ઉપયોગ કરે તો તેમને ખાતાના વડા માસિક રૂ. ૨૦ ના દરે સાયકલ ભથ્થું મંજૂર કરી શકશે.

(૨) પોતાની માલિકીની સાયકલ નિભાવતા અને ફરજ બજવણી માટે તેને ઉપયોગ કરતા પોલીસ કોન્સ્ટેબલ તથા હેડ કોન્સ્ટેબલને પણ માસિક રૂ. ૨૦ ના દરે સાયકલ ભથ્થું મળવાપાત્ર બનશે.

## પ્રકરણ-૬

## માઈલેજ ભથ્થું

૪૨. **મુસાફરીના જુદા જુદા પ્રકારો માટે માઈલેજ ભથ્થું :** રેલવે, દરિયા અથવા નદીમાં સ્ટીમર / લોંચ દ્વારા કે રસ્તા દ્વારા મુસાફરી કરવામાં આવી છે કે કરી શકાય તે હેઠળ આ નિયમોમાં દર્શાવેલ માઈલેજ ભથ્થાંની અલગ અલગ રીતે ગણતરી કરવામાં આવી છે.

૪૩. **સરકારી કર્મચારીની ગેરહાજરી :** દૈનિક ભથ્થાંની તથા માઈલેજ ભથ્થાંના હેતુ માટે રેલવે/બસ/હવાઈ મુસાફરી અંગેની સરકારી કર્મચારીની મુખ્ય મથકેની ગેરહાજરીની ગણતરી રેલવે/બસ/હવાઈ મુસાફરી અંગેના સમય-પત્રકમાં દર્શાવવામાં આવેલ સૂચિગત આગમન અને પ્રસ્થાનના સમયને અનુલક્ષીને કરવામાં આવશે.

૪૪. **મુસાફરીનો આરંભ અને અંત :** જો સંબંધિત સરકારી કર્મચારીનું ખરેખર રહેઠાણ મુખ્ય મથકની અંદર અથવા મુખ્ય મથકેની મ્યુનિસિપલ અથવા કોર્પોરેશનની હદના સંલગ્ન વિસ્તારની અંદર આવ્યું હોય તો બદલી પ્રવાસ સહિતનો પ્રવાસ તે રહેઠાણથી શરૂ થાય છે અને ત્યાં પૂરો થાય છે. આ હદોની બહાર રહેતા સરકારી કર્મચારીની બદલી પ્રવાસ જે સ્થળેથી શરૂ કે પૂરો થાય તે સ્થળ નીચે પ્રમાણે નિર્ધારિત કરવામાં આવશે :-

(૧) જો પોસ્ટ ઓફિસ (અથવા જો એક કરતાં વધુ હોય તો મુખ્ય પોસ્ટ ઓફિસ) કાયમ માટે સરકારી મકાનમાં મુકરર કરવામાં આવી હોય અને આવું મથક બહારના દૂરના ભાગમાં આવેલું ન હોય તો આગમન અને પ્રસ્થાન માટે તે સ્થળ ધ્યાનમાં લેવાશે.

(૨) જો પોસ્ટ ઓફિસ ભાડાના મકાનમાં હોય અથવા મથકના બહારના દૂરના ભાગમાં આવેલી હોય તો મુખ્ય મહેસૂલી અધિકારીની કે ગ્રામ પંચાયતની કચેરી નિર્ધારિત સ્થળ ગણાશે.

૪૫. **ટૂંકા માર્ગે મુસાફરી કરવા બાબત :** (ક) માઈલેજ ભથ્થાંની ગણતરી કરવાના હેતુ માટે બે સ્થળોની વચ્ચેનો પ્રવાસ બે અથવા વધારે ટૂંકા વ્યવહારૂ માર્ગોમાંથી સૌથી ટૂંકા માર્ગે કરવામાં આવ્યો છે તેમ માની લેવાનું છે, સિવાય કે જ્યારે વૈકલ્પિક રેલવે માર્ગ હોય અને તેમની વચ્ચેનો તફાવત સમય અને ખર્ચની દૃષ્ટિએ વધુ ન હોય તો ખરેખર ઉપયોગમાં લેવામાં આવેલા માર્ગ મુજબ માઈલેજ ભથ્થું ગણવામાં આવશે.

(ખ) જે માર્ગે મુસાફરીની સામાન્ય પદ્ધતિ દ્વારા લક્ષ્ય સ્થળે સૌથી વધારે ઝડપથી મુસાફર પહોંચી શકે તે માર્ગ સૌથી ટૂંકો માર્ગ ગણાય. શંકા થાય ત્યારે બે અથવા વધુ માર્ગોમાંથી કયો માર્ગ સૌથી ટૂંકો ગણવો તેનો નિર્ણય સક્ષમ સત્તાધિકારી કરી શકશે.

(ગ) સૌથી ટૂંકો ન હોય પણ સૌથી ટૂંકા માર્ગ કરતાં સસ્તો હોય તેવા માર્ગે સરકારી કર્મચારી મુસાફરી કરે તો તેનું માઈલેજ ભથ્થું તેણે ખરેખર ઉપયોગમાં લીધેલા માર્ગના આધારે ગણાશે.

(ઘ) બે સ્થળો વચ્ચેનો સૌથી ટૂંકો માર્ગ રેલવે માર્ગ હોય અને સરકારી કર્મચારી કે તેના કુટુંબનો સભ્ય તે સ્થળો વચ્ચે રેલવે માર્ગનો સમાવેશ થતો હોય તેવા વૈકલ્પિક માર્ગે પ્રવાસ કરે અને આવા રેલવેના પ્રવાસ અથવા તેના કોઈ ભાગ દરમ્યાન પોતે હકદાર હોય તેનાથી નીચેના વર્ગમાં પ્રવાસ કરે ત્યારે સૌથી ટૂંકા માર્ગનું તેને મળવાપાત્ર માઈલેજ ભથ્થું; વૈકલ્પિક માર્ગ પર આ વર્ગો દ્વારા કરેલી ખરેખર મુસાફરીના અંતરના પ્રમાણમાં અંશતઃ તે જેને માટે હકદાર હોય તે વર્ગ પ્રમાણે અને અંશતઃ વૈકલ્પિક માર્ગે રસ્તા દ્વારા કરેલી મુસાફરીનું કોઈપણ અંતર, તે હકદાર હોય તેવા વર્ગમાં મુસાફરી કરેલું અંતર ગણાશે.

(ચ) સૌથી ટૂંકા અથવા સસ્તા ન હોવા છતાં મુસાફરી ભથ્થાંની ગણતરી માટે નીચેના માર્ગો માન્ય કરવામાં આવ્યા છે :-

| | મુસાફરી | માન્ય કરેલ માર્ગ |
|---|---|---|
| (૧) | અમદાવાદ અને જૂનાગઢ વચ્ચે | બોટાદ અને ધોળકા થઈને |
| (૨) | ઉકાઈ અને અમદાવાદ વચ્ચે | રેલવેથી સંકળાયેલ સુરત અને અમદાવાદ માર્ગ મારફતે, ફોર્ટ સોનગઢ થઈને |
| (૩) | અમદાવાદ, ગાંધીનગર સ્થિત સરકારી કર્મચારીઓ માટે અમદાવાદ અને દિલ્હી વચ્ચે | રેલવેના બ્રોડ ગેજ મારફતે સર્વોદય એક્સપ્રેસ મારફતે વડોદરા થઈને |

૪૬. **ટૂંકા રસ્તા સિવાયના માર્ગે કરેલ મુસાફરી માટે માઈલેજ ભથ્થું :** (૧) સક્ષમ સત્તાધિકારી ખાસ કારણોની નોંધ કરી સૌથી ટૂંકા અથવા સસ્તા માર્ગ સિવાયના માર્ગના આધારે માઈલેજ ભથ્થાંની ગણતરી કરવાની પરવાનગી આપી શકશે, પરંતુ આવા માર્ગે મુસાફરી ખરેખર કરવામાં આવી હોવી જોઈએ અને આવા માર્ગના આધારે આકારવામાં આવતું મુસાફરી ભથ્થું સૌથી ટૂંકા માર્ગના આધારે મળવાપાત્ર મુસાફરી ભથ્થાં કરતાં પચાસ ટકાથી વધારે થવું ન જોઈએ.

(૨) નિયમ-૪૯ હેઠળ સરકારી કર્મચારી જે વર્ગ માટે હકદાર હોય તેવો વર્ગ ટ્રેનમાં ન હોય તો તેને માર્ગ દ્વારા માઈલેજ ભથ્થું આપવાનું આ નિયમના હેતુ માટે ખાસ કારણ ગણી શકાય અને પરિણામે સક્ષમ સત્તાધિકારી આવા પ્રસંગે રસ્તા માર્ગે મુસાફરી કરતા સરકારી કર્મચારીને, જો પોતે હકદાર હોય તેવા વર્ગમાં રેલવેમાં મુસાફરી કરી હોત તો તેને મળવાપાત્ર રકમની મર્યાદામાં રહીને રોડ માઈલેજ ભથ્થું આપી શકશે. પ્રસ્તુત મુસાફરી માટે જરૂરી વર્ગનું ભાડુ સ્પષ્ટતાથી પ્રસિદ્ધ થયેલું ન હોય ત્યારે તે રેલવેના સમયપત્રક અને ભાડાના યોગ્ય કોષ્ટકમાંની વિગતો પ્રમાણે ગણવું જોઈએ.

(૩) સૌથી સસ્તા કરતાં અન્ય માર્ગે મુસાફરી કરતા સરકારી કર્મચારીએ સામાન્ય માર્ગે મુસાફરી કરી હોત તો જાહેર હિતમાં સરકારી સમયનો બચાવ, માર્ગમાં આવતું નિરીક્ષણ કાર્ય વગેરે જળવાઈ જાય, તેની બાબતે આ છૂટછાટ આપવા માટે સક્ષમ સત્તાધિકારીએ વિચારણામાં લેવી. નિયત સ્થળે પોતાની ફરજ બજાવવા માટે સરકારી કર્મચારીને મોટરકાર જરૂરી હોય ત્યારે માર્ગમાંથી સંકળાયેલા અથવા અંશતઃ માર્ગથી અને અંશતઃ રેલવેથી સંકળાયેલા સ્થળો વચ્ચે રસ્તા માર્ગે પોતાની માલિકીની મોટરકારમાં મુસાફરી કરનાર સરકારી કર્મચારીને પણ સક્ષમ સત્તાધિકારી સ્વવિવેકાનુસાર આ છૂટનો લાભ આપી શકશે. આ વિવેકાધિકારનો ઉપયોગ આવી કામગીરીના પ્રકાર અને પ્રમાણ જોઈને કરવામાં આવશે.

(૪) જે માર્ગનો ખરેખર ઉપયોગ થતો હોય તે માર્ગ સામાન્ય અથવા સૌથી સસ્તા માર્ગમાં આવી જતા રસ્તા દ્વારા થતા પ્રવાસને આખો કે અંશતઃ સમાવી લેતો હોય તેવા કિસ્સામાં રસ્તા દ્વારા આખા કે અંશતઃ થતા પ્રવાસ પરનું માઈલેજ ભથ્થું, આ નિયમ હેઠળ પચાસ ટકાની વધારાની ગણતરી કરતી વેળાએ બાકાત રાખવામાં આવશે.

૪૭. **વિમાન દ્વારા મુસાફરીનો હક :** ફરજ પરના કે બદલી પ્રવાસમાં વિમાન દ્વારા મુસાફરી કરવાના સરકારી કર્મચારીની પાત્રતાનું નિયમન નીચેની જોગવાઈઓ હેઠળ થશે :-

(૧) માસિક રૂ. ૧૬૪૦૦ કે તેથી વધુ પગાર મેળવનાર અધિકારી તેમની વિવેકબુદ્ધિ અનુસાર વિમાન માર્ગે મુસાફરી કરવા હકદાર રહેશે.

(૨) માસિક રૂ. ૧૨૩૦૦ થી રૂ. ૧૬૩૯૯ સુધીનો પગાર મેળવતા અધિકારી, જો અંતર ૫૦૦ કિ.મી.થી વધુ હોય અને એક રાત્રીમાં રેલવે દ્વારા મુસાફરી થઈ શકે તેમ ન હોય તો તેમની વિવેકબુદ્ધિ અનુસાર હવાઈ માર્ગે મુસાફરી કરી શકશે.

(૩) નીચેની શરતો પરિપૂર્ણ થતી હોય તો, વહીવટી ખાતાના સચિવો, આઈ.એ.એસ.ના સુપર પગાર ધોરણ ધરાવતા ખાતાના વડાઓ, પોલીસ મહાનિયામક અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તથા વન ખાતાના અગ્ર મુખ્ય વનસંરક્ષક પોતાના હાથ નીચેના માસિક રૂ. ૧૦,૦૦૦ કે તેથી વધુ પગાર મેળવતા સરકારી કર્મચારીઓને હવાઈ માર્ગે મુસાફરી કરવા અધિકૃત કરી શકશે.

(૧) જો સંકળાયેલ અંતર ૫૦૦ કિ.મી. કરતાં વધુ હોય,

(૨) મુસાફરી એક રાત્રીમાં રેલવે દ્વારા થઈ શકે તેમ ન હોય, **અને**

(૩) જાહેર હિતમાં આવી હવાઈ માર્ગે મુસાફરી આવશ્યક જણાતી હોય.

(૪) રાજ્યપાલના સચિવ તથા એ.ડી.સી. જેઓ હવાઈ મુસાફરી દરમ્યાન રાજ્યપાલની સાથે રહેતા હોય.

(૫) મુખ્યમંત્રીના સચિવ કે ખાનગી સચિવો જેઓ હવાઈ મુસાફરી દરમ્યાન મુખ્યમંત્રીની સાથે રહેતા હોય.

**નોંધ :** હવાઈ માર્ગે મુસાફરીના હકદાર સરકારી કર્મચારીઓ ઈકોનોમિ ક્લાસમાં મુસાફરી કરી શકશે. ઈન્ડીયન એરલાઈન્સ / વાયુદૂત દ્વારા સંકળાયેલ ન હોય તો જ તેવા સ્થળોએ સરકારી ફરજ માટે તેઓ ખાનગી એરલાઈન દ્વારા મુસાફરી કરી શકશે.

૪૮. **હકદાર ન હોય તેવા સરકારી કર્મચારીઓની હવાઈ માર્ગે મુસાફરી :** હકદાર ન હોય તેવા સરકારી કર્મચારી હવાઈ માર્ગે મુસાફરી કરે તો રેલવેના જે વર્ગની સગવડ માટે તેઓ હકદાર હોય તે વર્ગનું રેલવે ભાડુ અથવા હવાઈ મુસાફરીનું ભાડુ એ બેમાંથી જે ઓછું ભાડુ હોય તે આકારી શકશે.

૪૯. **રેલવે દ્વારા પ્રવાસ કે બદલી પ્રવાસની મુસાફરીનો હક :** ફરજ પરના તેમજ બદલી પ્રવાસમાં સરકારી કર્મચારીઓને તેઓએ આકારેલ પગાર આધારે, નીચે દર્શાવેલા વર્ગમાં મુસાફરી કરવાનો હક છે :-

| પગાર શ્રેણી | હકદારી |
|---|---|
| રૂ. ૧૬,૪૦૦ અને તેથી વધુ | એ.સી. પ્રથમ વર્ગ |
| રૂ. ૮,૦૦૦ અને તેથી વધુ પણ રૂ. ૧૬,૪૦૦ થી ઓછો | એ.સી. દ્વિતિય વર્ગ ટુ ટાયર સ્લીપર |
| રૂ. ૬,૫૦૦ અને તેથી વધુ પણ રૂ. ૮,૦૦૦ થી ઓછો | પ્રથમ વર્ગ, દ્વિતિય વર્ગ એ.સી. થ્રી ટાયર સ્લીપર / એ.સી. ચેર કાર. * |
| રૂ. ૪,૧૦૦ અને તેથી વધુ પણ રૂ. ૬,૫૦૦ થી ઓછો | પ્રથમ વર્ગ, દ્વિતિય વર્ગ એ.સી. થ્રી ટાયર સ્લીપર / એ.સી. ચેર કાર. * |
| રૂ. ૪,૧૦૦ થી ઓછો | દ્વિતિય સ્લીપર વર્ગ |

* જ્યાં રેલવેમાં મુસાફરી શરૂ કરવાના સ્થળેથી મુસાફરી પૂરી થવાના સ્થળ સુધીની ટૂંકામાં ટૂંકા માર્ગની ગાડીમાં પ્રથમ વર્ગ / દ્વિતિય વર્ગ એ.સી. થ્રી ટાયર સ્લીપર / એ.સી. ચેર કારની સગવડ ન હોય તો આ વર્ગને પાત્ર મુસાફરી કરતા કર્મચારીઓ ફરજ તથા બદલી પ્રવાસ અંગે સ્વેચ્છાએ દ્વિતિય વર્ગ એ.સી. - ટુ ટાયર સ્લીપર દ્વારા મુસાફરી કરી શકશે.

**રાજધાની એક્સપ્રેસ ટ્રેન દ્વારા મુસાફરી :**

| પગાર શ્રેણી | હકદારી |
|---|---|
| રૂ. ૧૬,૪૦૦ અને તેથી વધુ | એ.સી. પ્રથમ વર્ગ |
| રૂ. ૮,૦૦૦ અને તેથી વધુ પણ રૂ. ૧૬,૪૦૦ થી ઓછો | એ.સી. દ્વિતિય વર્ગ ટુ ટાયર સ્લીપર |
| રૂ. ૮,૦૦૦ થી ઓછો પગાર મેળવતા અન્ય કર્મચારીઓ | એ.સી. ચેર કાર * |

* જે ટ્રેનોમાં એ.સી. ચેર કારની સગવડ ઉપલબ્ધ ન હોય તે ટ્રેનમાં એ.સી. થ્રી ટાયર સ્લીપરમાં મુસાફરી પરવાનગીપાત્ર છે.

**શતાબ્દિ એક્સપ્રેસ ટ્રેન દ્વારા મુસાફરી :**

| **પગાર શ્રેણી** | **હકદારી** |
|---|---|
| રૂ. ૧૬,૪૦૦ અને તેથી વધુ | એક્ઝીક્યુટીવ ક્લાસ |
| રૂ. ૧૬,૪૦૦ થી ઓછો પગાર મેળવતા અન્ય તમામ | એ.સી. ચેર કાર |

**૫૦. ભાડાની આકારણી :** (૧) જે વર્ગની સગવડતા મેળવવા હકદાર હોય તે વર્ગનું હવાઈ / રેલવે / જાહેર બસનું ખરેખર ભાડુ તે સરકારી કર્મચારી ફરજ પરની મુસાફરી માટે આકારી શકશે.

(૨) સરકારી કર્મચારી કે તેના કુટુંબના સભ્ય રેલવેના જે વર્ગમાં મુસાફરી કરવા હકદાર હોય તેના કરતાં નીચલા વર્ગમાં મુસાફરી કરે ત્યારે પોતે ખરેખર જે વર્ગમાં મુસાફરી કરી હોય તે વર્ગનું ભાડુ આકારી શકશે.

(૩) સરકારી કર્મચારીએ કોઈપણ એજન્સી મારફતે વિમાનની ટીકીટ ખરીદી હોય ત્યારે વિમાન ભાડા ઉપરાંત દરેક મુસાફરી માટે રૂ. ૧૦ ની મર્યાદામાં એજન્સી ચાર્જ માટે પણ હકદાર થશે.

**૫૧. રસ્તા માઈલેજ ભથ્થું આકારવાના હેતુ માટે સરકારી કર્મચારીઓની કક્ષાઓ :** રસ્તા માઈલેજ ભથ્થાંના હકની ગણતરી કરવા માટે સરકારી કર્મચારીઓને નીચેની કક્ષામાં વહેંચી દેવામાં આવે છે :-

(ક) પ્રથમ કક્ષામાં નીચેનાનો સમાવેશ થશે :-

(૧) માસિક રૂ. ૮,૦૦૦ થી ઓછા નહિ એટલો પગાર મેળવતા હોય તેઓનો, અને

(૨) ઉપરોક્ત (૧) માં સમાવેશ થયો ન હોય તેવા ખાતાના વડાઓનો.

(ખ) માસિક રૂ. ૮૦૦૦ થી ઓછો પરંતુ માસિક રૂ. ૬૫૦૦ થી ઓછો નહિ એટલો પગાર મેળવતા હોય તેમનો સમાવેશ દ્વિતિય કક્ષામાં થશે.

(ગ) માસિક રૂ. ૪૧૦૦ થી ઓછો પરંતુ માસિક રૂ. ૬૫૦૦ થી ઓછો નહિ એટલો પગાર મેળવતા હોય તેમનો સમાવેશ તૃતિય કક્ષામાં થશે.

(ઘ) માસિક રૂ. ૪૧૦૦ થી ઓછો પગાર મેળવતા હોય તેમનો સમાવેશ ચતુર્થ કક્ષામાં થશે.

**૫૨. રસ્તા માર્ગે મુસાફરી માટેના રોડ માઈલેજ ભથ્થાંના દરો :** કોઈ કિસ્સામાં ખાસ અલગ દરોની ખાસ જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રસ્તા માર્ગે કરેલી દરેક કિ.મી.ની મુસાફરી માટે રોડ માઈલેજના દરની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે :-

પોતાની માલિકીના / ઉછીના લીધેલા / ભાડાના વાહનનો ઉપયોગ કરતા સરકારી કર્મચારીઓ -

(૧) પ્રથમ અથવા દ્વિતિય કક્ષાના સરકારી કર્મચારીઓ -

| **મુસાફરી કરવા માટે ઉપયોગમાં લીધેલ વાહન** | **માઈલેજ ભથ્થાંનો દર** |
|---|---|
| મોટરકાર / જીપ (પેટ્રોલ) | પ્રતિ કિ.મી. દીઠ ૪૦૦ પૈસા |
| મોટરકાર / જીપ (ડીઝલ) | પ્રતિ કિ.મી. દીઠ ૨૦૦ પૈસા |
| મોટર સાયકલ | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા |
| મુસાફરીનું કોઈપણ વાહન | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા |

(૨) તૃતિય કક્ષાના સરકારી કર્મચારીઓ -

| **મુસાફરી કરવા માટે ઉપયોગમાં લીધેલ વાહન** | **માઈલેજ ભથ્થાંનો દર** |
|---|---|
| મોટર સાયકલ | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા |
| મુસાફરીનું કોઈપણ વાહન | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા |

(૩) ચતુર્થ કક્ષાના સરકારી કર્મચારીઓ -

| **મુસાફરી કરવા માટે ઉપયોગમાં લીધેલ વાહન** | **માઈલેજ ભથ્થાંનો દર** |
|---|---|
| મુસાફરીનું કોઈપણ વાહન | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા |

**સ્પષ્ટીકરણ :** ''મુસાફરીનું અન્ય કોઈ વાહન'' અથવા ''મુસાફરીનું કોઈ વાહન'' માં પગ રસ્તે કરેલ મુસાફરીનો સમાવેશ થાય છે.

**નોંધ :** બિલના દરેક મુદ્દામાં રસ્તા દ્વારા મુસાફરી માટે માઈલેજ ભથ્થાંની ગણતરીમાં એક કિ.મી.ના અપૂર્ણાંકને તદ્દન નજીકના પૂર્ણ આંકડામાં પૂર્ણ કરવો જેમાં અર્ધા કે તેથી વધુ કિ.મી.ને એક કિ.મી. તરીકે લેવો અને કિ.મી.ના અર્ધા કરતાં ઓછા અપૂર્ણાંકની ઉપેક્ષા કરવી.

**૫૩. રોડ માઈલેજ ભથ્થાંની આકારણી માટે સામાન્ય શરતો :** સરકારી કર્મચારીએ આકારવાના રોડ માઈલેજ ભથ્થાંનું નિયમન નીચે મુજબ કરવામાં આવશે :-

(૧) એક જ વાહનમાં બે કે તેથી વધુ સરકારી કર્મચારીઓ ફરજ અંગે પ્રવાસ કરે ત્યારે બધા જ રોડ માઈલેજ ભથ્થું આકારી શકશે નહિ, પરંતુ જે અધિકારીનું પોતાનું વાહન હોય અથવા જે અધિકારીએ વાહન ઉછીનું કે ભાડે લીધું હોય તે અધિકારીને જો નિયમ-૫૪ હેઠળ મળવાપાત્ર હોય, તો રોડ માઈલેજ ભથ્થું મળી શકશે. પોતાની માલિકીનું વાહન ધરાવતા ન હોય કે વાહન ઉછીનું કે ભાડે લીધું ન હોય તેવા અન્ય સરકારી કર્મચારીએ ચૂકવણી માટે રજૂ કરાયેલ મુસાફરી ભથ્થાંના બિલમાં આવા પ્રવાસના સંજોગો દર્શાવતી નોંધ લખવી.

(૨) આવા દરેક સરકારી કર્મચારી આ નિયમો હેઠળ મળવાપાત્ર દૈનિક ભથ્થું આકારી શકશે.

(૩) સરકારી કર્મચારી મુખ્ય મથકે અથવા મુખ્ય મથકમાં આવેલ તેના સ્થળે પાછો ફરે અને ત્યાં મુકામ કરે કે ન કરે, પરંતુ આવી દરેક પૂરી મુસાફરી અલગ અલગ પૂરી મુસાફરી ગણવી.

**૫૪. માલિકીની, ઉછીની લીધેલી કે ભાડે મેળવેલી કારમાં કરેલ મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થાંનો હક :**
(૧) સચિવો, સંયુક્ત સચિવો અને સંયુક્ત સચિવના પગાર જેટલું કે તેનાથી ઉચ્ચ પગાર ધોરણ ધરાવતા ખાતાના વડાઓ જેમનું કાર્યક્ષેત્ર પુરૂં રાજ્ય હોય, તેઓ આવી દરેક મુસાફરી માટે પોતાની માલિકીની / ઉછીની / ભાડાની કારનો ઉપયોગ કરી શકશે અને પૂરા રોડ માઈલેજ ભથ્થું આકારવાના હેતુ માટે, નિયમ-૫૨ દ્વારા નિયત કરવામાં આવેલા દરે રોડ માઈલેજ ભથ્થું આકારી શકશે.

(૨) પોતાની માલિકીની કે ઉછીની યા ભાડે લીધેલી કાર દ્વારા રેલવેથી સંકળાયેલ સ્થળોએ મુસાફરી કરતા અન્ય સરકારી અધિકારીઓ, રેલવેના ચોક્કસ માર્ગ પરના ઉપલબ્ધ ઉચ્ચતમ વર્ગના હકદાર હોય તે ઉચ્ચ વર્ગના ભાડાની મર્યાદામાં રોડ માઈલેજ ભથ્થાં માટે હકદાર થશે.

**૫૫. વિમાની મથક અને રહેઠાણ વચ્ચે પોતાની કાર દ્વારા મુસાફરી :** સરકારના અગ્ર સચિવ, અધિક મુખ્ય સચિવો તથા સચિવો પોતાના રહેઠાણથી વિમાની મથક / રેલવે સ્ટેશન / બસ સ્ટેન્ડ વચ્ચે પ્રવાસે જવાની કે પ્રવાસથી પરત આવવાની મુસાફરી માટે પોતાની માલિકીની કારનો ઉપયોગ કરે ત્યારે રહેઠાણથી આવવા તથા જવાના

બંને પ્રસંગોએ તેમની ખાલી કારની મુસાફરી માટે નિયમ-૫૨ હેઠળ નિયત કરવામાં આવેલા દરે તેઓને રોડ માઈલેજ ભથ્થાને હકદાર થશે, સિવાય કે આવી મુસાફરી માટે સ્ટાફ કાર ઉપલબ્ધ ન હોય અને આવું ભથ્થું આકારતાં પહેલાં નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવની સંમતિ મેળવી હોય.

**૫૬. જાહેર બસ દ્વારા મુસાફરી માટેનો હક :** સરકારી કર્મચારી તેમને મળતા પગારના આધારે જાહેર બસની મુસાફરી માટે નીચે મુજબ હકદાર રહેશે :-

| ક્રમ | પગાર શ્રેણી | હક |
|---|---|---|
| (૧) | રૂ. ૧૮,૪૦૦ અને તેથી વધુ | (૧) એ.સી. સહિતની કોઈપણ પ્રકારની જાહેર બસનું ખરેખર ભાડું; **અથવા**<br>જો મુસાફરી ખરેખર એ.સી. ટેક્ષી દ્વારા કરવામાં આવી હોય ત્યારે એ.સી. ટેક્ષી માટે નિયત કરવામાં આવેલા દરે; **અથવા**<br>ઓટોરીક્ષા દ્વારા કરવામાં આવેલી મુસાફરી માટે ઓટોરીક્ષા માટે નિયત કરવામાં આવેલા દરે; **અથવા**<br>સ્કુટર / મોટર સાયકલ / મોપેડ વગેરે દ્વારા કરેલ મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થાંના નિયત દરે. |
| (૨) | રૂ. ૮,૦૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૧૮,૪૦૦ થી ઓછો | (૨) ઉપરોક્ત (૧) મુજબ, પરંતુ અપવાદ એ છે કે ટેક્ષી દ્વારા પ્રવાસ પરવાનગીપાત્ર બનશે નહિ. |
| (૩) | રૂ. ૬,૫૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૮,૦૦૦ થી ઓછો | (૩) ઉપરોક્ત (૨) મુજબ, પરંતુ અપવાદ એ છે કે ટેક્ષી દ્વારા પ્રવાસ પરવાનગીપાત્ર બનશે નહિ. |
| (૪) | રૂ. ૪,૧૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૬,૫૦૦ થી ઓછો | (૪) એ.સી. બસ અથવા એ.સી. ટેક્ષી સિવાયની અન્ય પ્રકારની જાહેર બસનું ખરેખર ભાડું; **અથવા**<br>ઓટોરીક્ષા દ્વારા મુસાફરી માટે ઓટોરીક્ષાના નિયત દરે; **અથવા**<br>સ્કુટર / મોટર સાયકલ / મોપેડ વગેરે દ્વારા કરેલ મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થાંના નિયત દરે. |
| (૫) | રૂ. ૪,૧૦૦ થી નીચે | (૫) ફક્ત સામાન્ય જાહેર બસનું ખરેખર ભાડું; **અથવા**<br>ઓટોરીક્ષા દ્વારા મુસાફરી માટે ઓટોરીક્ષાના નિયત દરે; **અથવા**<br>સ્કુટર / મોટર સાયકલ / મોપેડ વગેરે દ્વારા કરેલ મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થાંના નિયત દરે. |

**૫૭. કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને કાયમી મુસાફરી ભથ્થાંના અવેજમાં રોડ માઈલેજની મંજૂરી :** રેલવે માર્ગે સંકળાયેલ સ્થળો વચ્ચેની મુસાફરી સહિતની દરેક રસ્તાની મુસાફરી માટે તેમજ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી કાર દ્વારા કરેલ રસ્તાની મુસાફરી માટે દરેક જિલ્લાના કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ કાયમી મુસાફરી ભથ્થાંને બદલે નીચે દર્શાવેલ મહત્તમ માસિક રકમની મર્યાદામાં દૈનિક ભથ્થું અને રોડ માઈલેજના હકદાર થશે :-

| **સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી કારનો પ્રકાર** | **કિ.મી. દીઠ રોડ માઈલેજનો દર** | **મળવાપાત્ર મહત્તમ માસિક દૈનિક ભથ્થાં તથા રોડ માઈલેજની રકમ** |
|---|---|---|
| **ગાંધીનગર, નર્મદા, નવસારી, પોરબંદર, વલસાડ અને ડાંગ સિવાયના તમામ જિલ્લાઓના કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓ** | | |
| પેટ્રોલથી ચાલતી કાર | ૩૨૫ પૈસા | માસિક રૂ. ૪,૮૦૦ |
| ડીઝલથી ચાલતી કાર | ૧૨૫ પૈસા | માસિક રૂ. ૪,૮૦૦ |
| **ગાંધીનગર, નર્મદા, નવસારી, પોરબંદર, વલસાડ અને ડાંગ જિલ્લાઓના કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓ** | | |
| પેટ્રોલથી ચાલતી કાર | ૩૨૫ પૈસા | માસિક રૂ. ૩,૬૦૦ |
| ડીઝલથી ચાલતી કાર | ૧૨૫ પૈસા | માસિક રૂ. ૩,૬૦૦ |

૫૮. **સરકારે ભાડે આપેલ વાહન દ્વારા કરવામાં આવેલી મુસાફરી માટે રોડ માઈલેજના દર :** સરકારી કર્મચારીને સરકારે ભાડેથી વાહન આપેલું હોય અને પેટ્રોલ, ડીઝલ, તેલ, સામાન્ય મરામત કે ડ્રાયવરનો ખર્ચ પોતે ભોગવતા હોય કે જાતે વાહન હાંકતા હોય, ત્યારે તે વાહનથી સરકારી ફરજ બજાવવા કરવામાં આવતી મુસાફરી માટે તેઓ નીચેના દરોએ રોડ માઈલેજ ભથ્થું મેળવવાને હકદાર થશે :-

(૧) પેટ્રોલથી ચાલતા ચાર પૈડાંવાળા વાહનો માટે — પ્રતિ કિલોમીટરે રૂ. ૩૨૫

(૨) પેટ્રોલથી ચાલતા બે પૈડાંવાળા વાહનો માટે — પ્રતિ કિલોમીટરે રૂ. ૧૦૦

(૩) ડીઝલથી ચાલતા વાહન માટે — પ્રતિ કિલોમીટરે રૂ. ૧૨૫

**નોંધ :** સરકારી કર્મચારીને સરકારે ભાડેથી વાહન આપ્યું હોય છતાં જો તે પોતાની માલિકીની કારનો ઉપયોગ કરે તો, સંબંધિત કર્મચારીએ પોતાના કાર્યક્ષેત્રમાં કે તેની બહાર સરકારે આપેલ વાહનનો ઉપયોગ કર્યો છે તેમ ગણી તે આધારે રોડ માઈલેજ ભથ્થાંની ગણતરી કરવામાં આવશે.

૫૯. **સરકારી અધિકારીઓને ભાડા પદ્ધતિથી ફાળવેલ સરકારી વાહનનો ખાનગી ઉપયોગ :** સરકારે ભાડેથી વાહન ફાળવ્યું હોય અને પેટ્રોલ, ડીઝલ, તેલ, સામાન્ય મરામત અને ડ્રાયવરનો ખર્ચ પોતે ભોગવતા હોય કે જાતે વાહન હાંકતા હોય ત્યારે સરકારી કર્મચારી પોતાના કાર્યક્ષેત્રમાં કે તેની બહાર પરંતુ ફક્ત ગુજરાત રાજ્યમાં તે વાહનનો અંગત મુસાફરી માટે ઉપયોગ નીચેની શરતોએ કરી શકશે :-

(૧) મુખ્યત્વે સરકારી કામ માટે વાહન ભાડે આપવામાં આવતા હોય છે અને તેથી આવા વાહનોનો અંગત કામ માટે કેવળ પ્રાસંગિક ઉપયોગ કરવો.

(૨) અંગત મુસાફરી કરવા આવું વાહન કાર્યક્ષેત્રની બહાર લઈ જવા માટે તરતના ઉપરી અધિકારીની પૂર્વમંજૂરી હંમેશા મેળવવી પડશે.

(૩) કુટુંબમાં ગંભીર માંદગી જેવી આકસ્મિક આવશ્યક્તાના પ્રસંગે ઉપરી અધિકારીની પશ્ચાદવર્તી મંજૂરી મેળવવાની પડશે.

૬૦. **અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી :** (૧) પોતાના ખાતાના વડાની અથવા પોતાના વહીવટી ખાતાના સચિવની પૂર્વમંજૂરીથી સચિવો, સંયુક્ત સચિવો અને સંયુક્ત સચિવનું પગાર ધોરણ ધરાવતા ખાતાના વડા સિવાયના સરકારી અધિકારીઓ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે પોતાની માલિકીની, ઉછીની લીધેલી અથવા ભાડાની મોટરકારથી મુસાફરી કરી શકશે અને તે અંગે તેમના ખાતાના વહીવટી સચિવ અથવા ખાતાના વડાની પૂર્વ મંજૂરી મેળવે તો નિયમ-૫૨ હેઠળ નિયત દરે રોડ માઈલેજ આકારી શકશે. બે પૈડાંના વાહનથી મુસાફરી

કરતા હોય તે સહિતના અન્ય કર્મચારીઓ રેલવેના જે વર્ગ માટે તેઓ હકદાર હોય તે વર્ગના રેલવેના ભાડાની મર્યાદામાં રોડ માઈલેજ માટે તે હકદાર થશે.

**નોંધ :** આ નિયમ હેઠળ રેલવેના ભાડાની મર્યાદામાં રોડ માઈલેજની આકારણી માટે સચિવ કે ખાતાના વડાની પરવાનગી આવશ્યક બનશે નહિ.

(૨) મુખ્ય મથક અમદાવાદ / ગાંધીનગર હોય અને તેમને ગાંધીનગર / અમદાવાદ રહેવાની મંજૂરી આપવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીઓને તેમના રહેઠાણના સ્થળે ફરજ બજાવવા માટે દૈનિક ભથ્થાં સહિત મુસાફરી ભથ્થું મેળવવા હકદાર થશે નહિ, સિવાય કે મુસાફરીનો આરંભ અને અંત મુખ્ય મથકેથી થયેલ હોય.

૬૧. **મુખ્ય મથકે તથા પ્રવાસમાં હોય ત્યારે મુકામ ઉપરથી સ્થાનિક મુસાફરીઓ :** (૧) સરકારી કર્મચારી જ્યારે ફરજ દરમ્યાન પ્રવાસ પર જવા / પ્રવાસ ઉપરથી પરત આવવા અને રાજ્યની અંદર કે બહાર પ્રવાસ મુકામ દરમ્યાન કરેલ મુસાફરીઓ માટે પેટા-નિયમ (૨) દ્વારા નિયત કરવામાં આવેલા દરે રોડ માઈલેજ માટે હકદાર થશે :-

(૧) રહેઠાણેથી અથવા મુખ્ય મથકના ફરજના સ્થળેથી રેલવે સ્ટેશન / બસ સ્ટેન્ડ / વિમાની મથકે પ્રવાસ માટે જવાના દિવસે તથા ત્યાં પ્રવાસથી પાછા ફરવાના દિવસે.

(૨) રેલવે સ્ટેશન / બસ સ્ટેન્ડ / વિમાની મથક ફરજના સ્થળેથી રહેઠાણ સુધી / આગમનના સ્થળેથી ફરજના સ્થળે જવા તથા તે જ પ્રમાણે મુકામના સ્થળેથી નીકળવાના દિવસે.

(૩) પ્રવાસના સ્થળે પોતાના રહેઠાણથી ફરજના સ્થળે એક વખત જવા અને ત્યાંથી દરરોજ પ્રવાસના સ્થળે, રહેઠાણે પરત આવવા.

**નોંધ-૧ :** ‘‘એક વખત જવા અને ત્યાંથી રહેઠાણે પરત આવવા’’ ની શરત દિલ્હી તથા મુંબઈમાં કરવામાં આવતી મુસાફરીને લાગુ પડશે નહિ.

**નોંધ-૨ :** મુકામના સ્થળે અન્ય મુસાફરીઓ માટે કોઈ રોડ માઈલેજ મળવાપાત્ર નથી.

(૨) પેટા-નિયમ (૧) માં દર્શાવેલ મુસાફરીઓ માટે રોડ માઈલેજ ભથ્થાંના દરો નીચે પ્રમાણે રહેશે :-

| | **કયા પ્રકારના વાહનથી મુસાફરી કરી છે** | **રોડ માઈલેજનો દર** |
|---|---|---|
| (૧) | સમગ્રપણે ટેક્ષી / ઓટોરીક્ષા દ્વારા | સંબંધિત રાજ્ય સરકારે નિયત કરેલ ટેક્ષી / ઓટોરીક્ષાના દર પ્રમાણે |
| (૨) | પોતાની માલિકીની પેટ્રોલથી ચાલતી કાર / જીપ દ્વારા | પ્રતિ કિ.મી. દીઠ ૪૦૦ પૈસા |
| (૩) | પોતાની માલિકીની ડીઝલથી ચાલતી કાર / જીપ દ્વારા | પ્રતિ કિ.મી. દીઠ ૨૦૦ પૈસા |
| (૪) | ટાંગા કે સાયકલ રીક્ષા દ્વારા | માનવ સંચાલિત રીક્ષા માટે પ્રતિ કિ.મી. દીઠ ૨૦૦ પૈસા (ત્રિચક્રી) |
| (૫) | સ્કુટર / મોટર સાયકલ દ્વારા | પ્રતિ કિ.મી. દીઠ ૧૦૦ પૈસા (દ્વિચક્રી) |

(૩) ટેક્સી / ઓટોરીક્ષા તથા અન્ય પ્રકારના એક જ વાહન દ્વારા એક કરતાં વધુ સરકારી કર્મચારીએ હિસ્સેદારીથી એક સાથે મુસાફરી કરી હોય અથવા સરકારી કર્મચારીએ ટેક્સી / ઓટોરીક્ષા વગેરેમાં કેવળ એક જ બેઠક લીધેલ હોય ત્યારે પેટા-નિયમ (૨) માં દર્શાવેલ દરના પચાસ ટકાના ખરેખર હિસ્સાની મર્યાદામાં રહીને તે માઈલેજ ભથ્થું મળવાપાત્ર બનશે.

(૪) જેમને કાયમી મુસાફરી ભથ્થું, વાહન ભથ્થું, પરિવહન ભથ્થું મળતું ન હોય તેવા સરકારી કર્મચારીઓ જ્યારે મુખ્ય મથકના આઠ કિ.મી. અથવા મ્યુનિસિપલ હદની અંદર એ બેમાંથી જે અંતર વધુ હોય ત્યાં ફરજ પર જવા માટે કે રવિવારે અને રજાના દિવસે કચેરીમાં ફરજ બજાવવા જવા માટે તેમણે ખરેખર ચૂકવેલ રકમ માટે જાહેર વાહનના નિયત દરે રીક્ષા ભાડાના હકદાર થશે, જે રકમ પ્રતિદિન એક દૈનિક ભથ્થાંની રકમની મર્યાદામાં પરત મેળવવા પાત્ર થશે.

૬૨. **સ્ટીમર અથવા લોન્ચ દ્વારા કરેલ મુસાફરી માટે માઈલેજ ભથ્થું :** ગુજરાત રાજ્યમાં સ્ટીમર / લોન્ચ દ્વારા પ્રવાસ કરનાર સરકારી કર્મચારીને તે અંગેનું ખરેખર ભાડું મેળવવા હકદાર થશે. ગુજરાત રાજ્ય બહાર દરિયાઈ / નદીની સ્ટીમર દ્વારા મુસાફરી માટે સરકારી કર્મચારીને કયા વર્ગની સગવડતા માટે હકદાર ગણવા તે અંગે સંબંધિત ખાતાના વડા નિર્ણય લઈ તે અંગેની મંજૂરી આપશે.

૬૩. **મુસાફરી ભથ્થાંની ચૂકવણી માટેની લેણા થવાની તારીખ :** (૧) દૈનિક ભથ્થાં સહિતનો સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો તેણે મુસાફરી પૂર્ણ કરી હોય તે તારીખની અનુગામી તારીખે અથવા જે માસનો દાવો હોય તે માસ પછીના કેલેન્ડર માસની પહેલી તારીખે ચૂકવણી માટે પાકેલો ગણવામાં આવશે.

(૨) બદલી મુસાફરી ભથ્થાંના કિસ્સામાં મુસાફરી પૂર્ણ થયા પછીની તારીખે મુસાફરી ભથ્થાંનો દાવો પાકેલો ગણાય. સરકારી કર્મચારી અને તેના પરિવારના સભ્યોએ અલગ અલગ રીતે મુસાફરી કરી હોય તેવા કિસ્સામાં, તે દરેક માટે વ્યક્તિગત મુસાફરી પૂર્ણ કર્યાના બીજા દિવસથી એવી મુસાફરી ભથ્થાંનો દાવો પાકેલો ગણાશે. તે જ પ્રમાણે ઘરવખરી તથા વાહનના પરિવહન અંગેના દાવો, ઘરવખરી વગેરે નવી જગાએ ખરેખર પહોંચે તે તારીખ પછીની તારીખે પાકેલો ગણાશે.

૬૪. **મુસાફરી ભથ્થાંનો દાવાનો હક લુપ્ત થવા બાબત :** નિયમ-૬૩ મુજબ જે તારીખે સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો પાકે તે તારીખથી એક વર્ષમાં દાવો રજૂ કરવામાં ન આવે તો દૈનિક ભથ્થાં અને બદલી ભથ્થાં સહિતનો તે દાવો લુપ્ત થશે અથવા ત્યજી દીધો છે એમ ગણાશે.

૬૫. **વણવપરાયેલ ટીકીટો અંગે કેન્સલેશન ચાર્જીસ :** સરકારી કર્મચારીએ સરકારી ફરજ માટે ખરીદેલી વિમાન / રેલવે / બસ મુસાફરી અંગેની ટીકીટો આકસ્મિક કારણસર જાહેર હિતમાં રદ કરવી પડે ત્યારે નિયંત્રણ અધિકારી આવી ટીકીટોના કેન્સલેશન ચાર્જીસના વળતર માટે પરવાનગી આપી શકશે. વિમાની મુસાફરી કરવા મંજૂરી, જો આપવામાં આવી હોય તો, તે અધિકારીની પરવાનગી વિમાની મુસાફરીની ટિકિટોના કેન્સલેશન ચાર્જીસના વળતર માટે આવશ્યક બનશે.

## પ્રકરણ-૭
## દૈનિક ભથ્થું

૬૬. **દૈનિક ભથ્થું ક્યારે મળવાપાત્ર થાય :** આ નિયમોમાં સ્પષ્ટ રીતે અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તેવા કિસ્સા સિવાય, ફરજોને કારણે જેને મુસાફરી કરવાનું આવશ્યક હોય તેવા પ્રવાસ પરના સરકારી કર્મચારી દૈનિક ભથ્થું આકારી શકશે અને પ્રવાસ પર હોય તે સિવાય તે આકારી શકાશે નહિ.

૬૭. **દૈનિક ભથ્થું આકારવા અંગેની સામાન્ય શરતો :** નીચેની સામાન્ય શરતો છે જે હેઠળ સરકારી કર્મચારીને આ નિયમો હેઠળ મળવાપાત્ર દૈનિક ભથ્થાંનું નિયમન કરવામાં આવશે :-

(૧) મુખ્ય મથકેથી ફરજ અંગેની ગેરહાજરી સિવાય દૈનિક ભથ્થું આકારી શકાશે નહિ. સરકારી કર્મચારી તેનું મુખ્ય મથક ખરેખર છોડે ત્યારથી મુખ્ય મથકેથી ગેરહાજરીની મુદત શરૂ થશે અને જે સ્થળે તેનું મુખ્ય મથક આવેલું હોય તે સ્થળે તે ખરેખર પાછો ફરે ત્યારે આ મુદત પૂરી થશે, પછી ભલે તે ત્યાં રોકાય કે નહિ.

(૨) જે કોઈ દિવસે સરકારી કર્મચારી પોતાના મુખ્ય મથક અથવા મ્યુનિસિપલ હદની બહાર બેમાંથી જે વધુ દૂર હોય ત્યાંથી આઠ કિ.મી.ની ત્રિજ્યાની બહારના સ્થળે પહોંચતો ન હોય અથવા આવા સ્થળેથી તેના મુખ્ય મથકે પાછો ફરતો ન હોય તો તે દિવસ માટે દૈનિક ભથ્થું આકારી શકાશે નહિ.

(૩) સરકારી કર્મચારી પ્રવાસ દરમ્યાન પ્રાસંગિક રજા ભોગવે તો તે રજા દરમ્યાન તે દૈનિક ભથ્થાનો હકદાર નથી. પરંતુ પ્રાસંગિક રજા પૂરી થયા બાદ જો તેના મુખ્ય મથકે પાછો ફરે અથવા અન્ય રોકાણના સ્થળે જાય તો રોકાણના જૂના સ્થળેથી, પ્રાસંગિક રજા ભોગવ્યા બાદ ફરજ પર ફરી હાજર થાય તેવા સ્થળ સુધીના સૌથી ટૂંકા માર્ગ દ્વારા થતા પ્રવાસ માટે તે માઈલેજ ભથ્થું આકારી શકશે.

(૪) પ્રવાસ પર હોય ત્યારે સરકારી કર્મચારી તેના રોકાણ દરમ્યાન વચ્ચે આવતા રવિવાર અથવા જાહેર રજાના દિવસે પોતાના ખાનગી કામ કરવા માટે તેના મુખ્ય મથકે પાછા ફર્યા ન હતા અને આવા દિવસનો થોડા ભાગ પણ રોકાણના મુકામે ગાળ્યો છે એવું પ્રમાણપત્ર આપે તો તે દૈનિક ભથ્થું આકારી શકશે.

(૫) સરકારી કર્મચારી પ્રથમ મુખ્ય મથકેથી પ્રાસંગિક રજા ઉપર જાય અને ત્યાંથી પ્રવાસમાં બહારના સ્થળે ફરજ હાજર થાય ત્યારે તેણે આવી રજા ભોગવી હોય તે સ્થળેથી પ્રવાસના સ્થળે જવાનું મુસાફરી ભથ્થું, મુખ્ય મથક અને પ્રવાસના સ્થળ વચ્ચેની મુસાફરી માટે મળવાપાત્ર મુસાફરી ભથ્થાંની મર્યાદામાં, આકારી શકાશે.

૬૮. **દૈનિક ભથ્થાંની આકારણી માટે શહેરોનું વર્ગીકરણ :** દૈનિક ભથ્થાંની આકારણીના હેતુ માટે જુદા જુદા શહેરોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવે છે :-

**''એ-૧'' વર્ગનાં શહેરો**

**શહેરો :** (૧) બૃહદ્ મુંબઈ યુ.એ. (૨) ચેન્નઈ યુ.એ. (૩) દિલ્હી યુ.એ. (૪) કોલકતા યુ.એ.

**''એ'' વર્ગના શહેરો**

**શહેરો :**

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ યુ.એ. | હૈદરાબાદ યુ.એ. | કાનપુર યુ.એ. | નાગપુર યુ.એ. |
| બેંગ્લોર યુ.એ. | જયપુર યુ.એ. | લખનૌ યુ.એ. | પુણે યુ.એ. |

**ખાસ ખર્ચાળ વિસ્તારો :**

| | |
|---|---|
| દાર્જિલીંગ જિલ્લો (સીલીગુરી સબ-ડિવિઝન સિવાયનો) | ઈનર લાઈન પછીનો નેફા વિસ્તાર |
| દાર્જિલીંગ શહેર | ઈનર લાઈન પછીનો નાગા હીલનો ટુએનસંગે વિસ્તાર |

**ખર્ચાળ / હિમાલચલ પ્રદેશના દૂરવર્તી વિસ્તારો :**

| | |
|---|---|
| લાહૌલ અને સ્પીટી જિલ્લો કિન્નોર જિલ્લો | મંડી જિલ્લાના જોગિંદર તહેસીલની છુહાર ઘાટી |
| ચાંબા જિલ્લાના ભારમૌર સબ-ડિવિઝન અને પાંગી સબ-ડિવિઝન | સોલાન જિલ્લાની મંગળ પંચાયત વિસ્તાર |
| પંદ્રાહબીસના પરગણાં | રોહરૂ તહેસીલનો દોદ્રાકવાર વિસ્તાર |
| કુલુ જિલ્લાના સેરાજ અને મલાના પંચાયત વિસ્તાર | છેબિસ, નૌબિસ, બારાબિસ, પંદ્રાહબિસ અને અઠરાબિસના પરગણાં |
| સીમલા જિલ્લાના રામપુર તહેસીલના મુનીશ, દારકલી અને કાશાપેટની સારાહાન અને ગ્રામ પંચાયત | કાંગરા જિલ્લાના પાલમપુર સબ-ડિવિઝનના છોટા ભાંગલ તથા બડા ભાંગલ વિસ્તારો |

**રાષ્ટ્રીય રાજમાર્ગ પર નહિ આવતાં મણીપુરના નીચેના ગીરી વિસ્તારો :**

| | | |
|---|---|---|
| ઉખ્રુલ | ટામેનલોંગ | માઓ મરામ |
| ચુરાચંદપુર | જીરીબામ | તેંગ્નામપાલ |
| સિલુક સબ-ડિવિઝન (સેનાપતી જિલ્લાનું) | | |

### ''બી-૧'' વર્ગનાં શહેરો

**શહેરો :**

| | | |
|---|---|---|
| આગ્રા યુ.એ. | જમશેદપુર યુ.એ. | પટના યુ.એ. |
| અલ્લાહબાદ યુ.એ. | કોચી યુ.એ. | સુરત યુ.એ. |
| ભોપાલ યુ.એ. | કોઝીકોડે યુ.એ. | તિરૂવથંનપુરૂમ યુ.એ. |
| કોઈમ્બતુર યુ.એ. | લખનૌ યુ.એ. | વડોદરા યુ.એ. |
| ધનબાદ યુ.એ. | લુધીયાણા | વારાણસી યુ.એ. |
| ઈન્દોર યુ.એ. | મદુરાઈ યુ.એ. | વિજયવાડા યુ.એ. |
| જબલપુર યુ.એ. | મેરઠ યુ.એ. | વિશાખાપટનમ યુ.એ. |
| નાગપુર યુ.એ. | | |

**ખર્ચાળ વિસ્તારો :**

| | |
|---|---|
| સિમલા | જમ્મુ અને કાશ્મીર |
| લક્ષદ્વિપ, મીનિકોય અને અમીનદિવી દ્વિપસમૂહો | આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહો |

**હિમાચલ પ્રદેશના નીચેના વિસ્તારો :**

મંડી જિલ્લાના ચાચોઈટ તાલુકાનો જાનજેહલી બ્લોક

ચાંબા જિલ્લાના ચાંબા તહેસીલના ચુરાહ તહેસીલ કુનુર પંચાયત અને બેલેજ પરગણા અને સલૂની તહેસીલ.

સિમલા જિલ્લાના ચોપાલ તહેસીલ સીરમુર જિલ્લાની ટ્રાન્સગીરી ટ્રેક્ટ

કુલુ જિલ્લાના મનાલી ઉઝી વિસ્તાર, પાર્વતી અને લાગ ખીણ અને બંજાર બ્લોક

**(યુ.એ.) = ગ્રામ્ય સમુચ્ચય**

**નોંધ : (યુ.એ.) = (યુ.એ. - ગ્રામ્ય સમુચ્ચય) :** ૧૯૯૧ ની વસ્તી ગણતરી માટે સ્વીકારવામાં આવેલા જુદા જુદા શહેરોમાં સમાવેશ કરાયેલ ગ્રામ્ય સમુચ્ચયના વિસ્તારો. ગુજરાત રાજ્યમાંના શહેરોમાં સમાવિષ્ટ આવા ગ્રામ્ય સમુચ્ચય આ નિયમના જોડાણ-૧ માં દર્શાવવામાં આવેલ છે. અન્ય રાજ્યો / સંઘ રાજ્યક્ષેત્રોમાં રહેતા કર્મચારીઓ માટે તે પ્રદેશોમાં રહેતા કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે કેન્દ્ર સરકારે નિયત કર્યા પ્રમાણે રહેશે.

૬૯. **દૈનિક ભથ્થાંના દરો :** દૈનિક ભથ્થાંના દરો નીચે પ્રમાણે રહેશે :-

**૧. સરકારી કર્મચારી સરકારી / પબ્લિક સેકટર ગેસ્ટ હાઉસમાં રહે અથવા જાતે જ પોતાની સગવડ કરી લે**

| પગાર શ્રેણી | કોલમ (૩), (૪) અને (૫) માં દર્શાવ્યા સિવાયના સ્થળો | ''બી-૧'' વર્ગના શહેરો અને ખર્ચાળ સ્થળો | ''એ'' વર્ગના શહેરો અને ખાસ ખર્ચાળ સ્થળો | ''એ-૧'' વર્ગના શહેરો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | રૂ. | રૂ. | રૂ. | રૂ. |
| રૂ. ૧૬૪૦૦ અને તેથી વધુ | ૧૩૫ | ૧૭૦ | ૨૧૦ | ૨૬૦ |
| રૂ. ૮૦૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૧૬૪૦૦ થી ઓછા | ૧૨૦ | ૧૫૦ | ૧૮૫ | ૨૩૦ |
| રૂ. ૬૫૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૮૦૦૦ થી ઓછા | ૧૦૫ | ૧૩૦ | ૧૬૦ | ૨૦૦ |
| રૂ. ૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૬૫૦૦ થી ઓછા | ૯૦ | ૧૧૦ | ૧૩૫ | ૧૭૦ |
| રૂ. ૪૧૦૦ થી ઓછા | ૫૫ | ૭૦ | ૮૫ | ૧૦૫ |

**૨. રહેવા અને / અથવા જમવાનું નિયત દરે પૂરા પાડતી હોટલ અગર અન્ય સંસ્થામાં સરકારી કર્મચારી રહે ત્યારે**

| પગાર શ્રેણી | કોલમ (૩), (૪) અને (૫) માં દર્શાવ્યા સિવાયના સ્થળો | ''બી-૧'' વર્ગના શહેરો અને ખર્ચાળ સ્થળો | ''એ'' વર્ગના શહેરો અને ખાસ ખર્ચાળ સ્થળો | ''એ-૧'' વર્ગના શહેરો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | રૂ. | રૂ. | રૂ. | રૂ. |
| રૂ. ૧૬૪૦૦ અને તેથી વધુ | ૩૩૫ | ૪૨૫ | ૫૨૫ | ૬૫૦ |
| રૂ. ૮૦૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૧૬૪૦૦ થી ઓછા | ૨૨૫ | ૩૩૦ | ૪૦૫ | ૫૦૫ |
| રૂ. ૬૫૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૮૦૦૦ થી ઓછા | ૨૦૦ | ૨૫૦ | ૩૦૫ | ૩૮૦ |
| રૂ. ૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૬૫૦૦ થી ઓછા | ૧૩૦ | ૧૬૦ | ૧૯૫ | ૨૪૫ |
| રૂ. ૪૧૦૦ થી ઓછા | ૬૫ | ૮૫ | ૧૦૦ | ૧૨૫ |

**૭૦. દૈનિક ભથ્થાંનું માળખું :** મુખ્ય મથકેથી પૂર્ણ ગેરહાજરી માટે દૈનિક ભથ્થાંનું નિયમન નીચે પ્રમાણે કરવામાં આવશે :-

(૧) મધરાત થી મધરાત સુધી ગણતાં કેલેન્ડર દિવસના પૂરા સમયની ગેરહાજરી માટે પૂરેપૂરૂં દૈનિક ભથ્થું આપવામાં આવશે.

(૨) મુખ્ય મથકેથી ચોવીસ કલાક કરતાં ઓછી ગેરહાજરી માટે નિયત દરની નીચેની ટકાવારી પ્રમાણે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે :-

| | | |
|---|---|---|
| (૧) | મુખ્ય મથકેની ગેરહાજરી છ કલાકથી વધુ થતી ન હોય તો | ૩૦ ટકા |
| (૨) | મુખ્ય મથકેની ગેરહાજરી છ કલાકથી વધુ પણ બાર કલાકથી વધુ થતી ન હોય તો | ૫૦ ટકા |
| (૩) | મુખ્ય મથકેની ગેરહાજરી બાર કલાકથી વધુ થતી હોય તો | ૧૦૦ ટકા |

(૩) મુખ્ય મથકેથી નીકળવાનો અને મુખ્ય મથકે આવવાનો દિવસ તેમજ મુખ્ય મથકેથી ગેરહાજરીનો સમય એક કરતાં વધુ કેલેન્ડર દિવસનો થતો હોય, તો તેને બે અલગ દિવસ ગણી પેટા-નિયમ (૨) મુજબ બંને દિવસ માટે અલગ અલગ દૈનિક ભથ્થાંની ગણતરી કરવામાં આવશે.

(૪) એક જ કેલેન્ડર દિવસે એક કરતાં વધુ પ્રવાસ કરવામાં આવે ત્યારે દરેક પ્રવાસ અલગ ગણીને પ્રવાસ ભથ્થાંની ગણતરી પણ અલગ કરવી. પરંતુ અલબત્ત તે શરતે કે કોઈપણ કેલેન્ડર દિવસના દરેક પ્રવાસ માટે ગણેલું દૈનિક ભથ્થું એક દૈનિક ભથ્થાં કરતાં વધવું ન જોઈએ.

**૭૧. પોતાની માલિકીની કે ઉછીની અથવા ભાડે લીધેલ કારથી મુસાફરી કરવા હકદાર અધિકારીઓ જ્યારે જાહેર વાહન દ્વારા મુસાફરી કરે ત્યારે ઊંચા દરે દૈનિક ભથ્થું :** જેમને સરકારી વાહન ફાળવવામાં આવેલું હોય તેવા અને જેઓ પોતાની માલિકીના / ઉછીના / ભાડાના વાહન દ્વારા મુસાફરી માટે રોડ માઈલેજ ભથ્થું મેળવવાને હકદાર હોય તેવા સરકારી અધિકારીઓ જ્યારે જાહેર બસ અથવા રેલવે જેવા જાહેર વાહન દ્વારા પ્રવાસ કરે ત્યારે તેઓ દસ દિવસ સુધીના રોકાણ માટે દૈનિક ભથ્થાંના સામાન્ય દર કરતાં પચાસ ટકાના ઊંચા દરે દૈનિક ભથ્થાં માટે હકદાર થશે.

**૭૨. હોટલમાં રહેવા માટેના મળવાપાત્ર દૈનિક ભથ્થાંની ગણતરી :** (૧) હોટેલ વગેરેમાં રોકાણ અંગે જે તે વિસ્તારમાં મળવાપાત્ર દૈનિક ભથ્થાંના દરની ગણતરી કરવા નિયમ-૬૯-II માં તે સ્થળના રોકાણ માટે નિયત કરવામાં આવેલા દરમાંથી દસ ટકા રકમ બાદ કરી અને કર્મચારીએ હોટલમાં રહેવાની વ્યવસ્થા માટે વધારાનો જે ખરેખર ખર્ચ (નાસ્તા, જમવા સિવાયના) કર્યા હોય તે ખર્ચની રકમ ઉમેરીને સરવાળે જે રકમ આવે તે રકમ તે વિસ્તારમાં, હોટલમાં રોકાવા માટે તે નિયમમાં નિયત કરવામાં આવેલા દર કરતાં વધે નહિ તેને આધિન ગણતરી કરવી પડશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આકારવામાં આવેલ દૈનિક ભથ્થાંની માંગણી કરવામાં આવી હોય ત્યારે મુસાફરી ભથ્થાંના બિલમાં હોટલ / સંસ્થામાંના રોકાણ અંગે કર્મચારીએ રહેવા / જમવા માટે ખરેખર જે ખર્ચની ચૂકવણી કરી હોય તેના વાઉચર (રો) સહિત નીચેના નમૂનામાં પ્રમાણપત્ર જોડવું પડશે :-

''પ્રમાણિત કરવામાં આવે છે કે હું ........................ હોટલ / સંસ્થામાં ...................... થી .................................. સુધી રોકાયો હતો અને તે હોટલ / સંસ્થા નિયત દરે લોજીંગ / બોર્ડિંગ પૂરૂં પાડે છે.''

**તારીખ : ........................** **સહી**

**નામ અને હોદ્દો**

**નોંધ :** એક કરતાં વધુ સરકારી કર્મચારીઓ એક જ રૂમમાં હિસ્સેદારીથી રહ્યા હોય ત્યારે પ્રત્યેક દિવસ દીઠ પ્રમાણસરના હિસ્સા મુજબના ખર્ચને તેનું રહેવાનો ખર્ચ ગણી ઉપર દર્શાવેલ રીતે તેના દૈનિક ભથ્થાંની ગણતરી કરવામાં આવશે.

**૭૩. પ્રવાસ દરમ્યાન સરકારી કર્મચારીને રહેવા તથા જમવાનું મફત આપવામાં આવ્યું હોય ત્યારે દૈનિક ભથ્થું :** કોઈપણ સરકારના ખર્ચે અથવા જેમાં સરકારી નાણાંનું રોકાણ કરવામાં આવ્યું હોય કે સરકારનો જેમાં હિત સંબંધ હોય તેવા કોઈપણ સ્વાયત્ત, ઔદ્યોગિક કે વ્યાપારિક સંસ્થા કે કોર્પોરેશન વૈધાનિક કે સ્થાનિક સંસ્થાના ખર્ચે તો જો કોઈ સરકારી કર્મચારીને પ્રવાસ દરમ્યાન રહેવા અને જમવાનું મફત પૂરા પાડવામાં આવે ત્યારે તેને જે તે સ્થળના મળવાપાત્ર દૈનિક ભથ્થાંના ૧/૪ દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. જો રહેવા અથવા જમવાનું નિઃશુલ્ક પૂરૂં પાડવામાં આવે તો તે મળવાપાત્ર દરના ૧/૨ દરે દૈનિક ભથ્થું આકારી શકશે.

**૭૪. સરકીટ હાઉસ, રેસ્ટ હાઉસ વગેરેમાં રોકાતા સરકારી કર્મચારીઓને દૈનિક ભથ્થું :** પ્રવાસ દરમ્યાન જો સરકારી કર્મચારી સરકારની કે સ્થાનિક સંસ્થાની માલિકીના સરકીટ હાઉસ, ઈન્સ્પેક્શન બંગલા, રેસ્ટ હાઉસ, આરામ ગૃહ, પથિકાશ્રમ કોઈપણ મૂલ્ય ચૂકવ્યા વિના રોકાણ કરે તો પણ તે દૈનિક ભથ્થાંના દરે મળવાપાત્ર દરના અડધા દરે દૈનિક ભથ્થું આકારી શકશે. આમ છતાં આવી જગાએ રહેવા માટે આપવામાં આવતી સગવડતા માટે સરકારી કર્મચારીએ જો કોઈ ખર્ચ ચૂકવવો પડે જે સગવડતા માટેનો સંપૂર્ણ ખર્ચ ન પણ હોય તો દૈનિક ભથ્થાંમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહિ.

**૭૫. પ્રવાસ અથવા હંગામી બદલી અંગે દૈનિક ભથ્થું :** પ્રવાસ અથવા હંગામી બદલી વખતે મુખ્ય મથક બહારના સ્થળે સતત રોકાણ માટે સરકારી કર્મચારીને નીચે મુજબ દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે :-

| | | |
|---|---|---|
| (૧) | પ્રથમ ૯૦ દિવસો માટે | પૂરેપૂરૂં દૈનિક ભથ્થું |
| (૨) | ત્યારપછીના ૯૦ દિવસો માટે | દૈનિક ભથ્થાંના ૫૦ ટકાના દરે |
| (૩) | ૧૮૦ દિવસ ઉપરાંતના દિવસો માટે | કાંઈ નહિ |

**નોંધ-૧ :** રોકાણના સ્થળેથી આઠ કિ.મી. કરતાં વધુ અંતરે ત્રણ રાત્રી કરતાં ઓછા નહિ એટલા સમય માટેની ફરજના સ્થળેથી ગેરહાજરીથી આવા સતત રોકાણનો અંત ન આવે તો રોકાણ ચાલુ છે તેમ ગણાશે.

**નોંધ-૨ :** સરકારી કર્મચારી જે દિવસે તેના રોકાણની સ્થળેથી આઠ કિ.મી.થી વધુ અંતરનો પ્રવાસ કરે કે ત્યાં રોકાણ કરે, તો તે પ્રવાસ કે રોકાણના દિવસની ગણતરી રોકાણના ગાળાની ગણતરીમાંથી બાકાત રાખવી.

**નોંધ-૩ :** સરકારી કર્મચારી જ્યારે મુખ્ય મથકે પાછો ફરે અને ત્યાં ત્રણ કરતાં ઓછી રાત્રી માટે રોકાય તો તેના રોકાણનો અંત આવેલ ગણાશે.

**નોંધ-૪ :** આ નિયમોના હેતુ માટે રજા ઉપરની ગેરહાજરી એ ''ફરજ પરની ગેરહાજરી'' નથી અને તેથી તેને રોકાણમાં કોઈ અંતરાય તરીકે ગણવામાં આવશે નહિ.

**૭૬. તાલીમ દરમ્યાન દૈનિક ભથ્થું :** (૧) જમવા તથા રહેવાની સગવડો ઉપલબ્ધ કરવામાં આવી ન હોય તેવા મુખ્ય મથક બહારના સ્થળે સરકારી કર્મચારીને તાલીમ દરમ્યાન નીચે પ્રમાણે દૈનિક ભથ્થું મળવાપાત્ર છે :-

| | | |
|---|---|---|
| (૧) | પ્રથમ ૧૮૦ દિવસો માટે | પૂરેપૂરૂં દૈનિક ભથ્થું |
| (૨) | ૧૮૦ દિવસ પછીના દિવસો માટે | કાંઈ નહિ |

(૨) સરકાર અથવા પ્રયોજક સંસ્થા વગેરે દ્વારા જમવા અને / અથવા રહેવા માટેની મફત વ્યવસ્થા કરવામાં આવી હોય તેવા સ્થળે તાલીમ માટે ગયેલા સરકારી કર્મચારીઓના દૈનિક ભથ્થાંના દરનું નિયમન નિયમ-૭૩ હેઠળ કરવામાં આવશે.

## પ્રકરણ-૮

# બદલી મુસાફરી ભથ્થું

૭૭. **બદલી મુસાફરી ભથ્થું ક્યારે મળવાપાત્ર થાય :** (૧) જો સરકારી કર્મચારીની બદલી જાહેર હિતમાં કરવામાં આવી ન હોય અને પ્રવાસમાં ગાળેલી મુદ્દત દરમ્યાન તે પગાર મેળવવા હકદાર ન હોય, તો એક મથકેથી બીજા મથકની બદલી અંગે તે સરકારી કર્મચારીને આ પ્રકરણ હેઠળ કોઈપણ પ્રવાસ ભથ્થું આકારી શકશે નહિ. બદલી મંજૂર કરતા સત્તાધિકારી ખાસ લેખિત કારણોની નોંધ કરી અન્યથા ફરમાવે નહિ તો આવા કર્મચારીની વિનંતીથી કરવામાં આવેલી બદલી, જાહેર હિતમાં કરવામાં આવેલી બદલી ગણાશે નહિ.

(૨) લશ્કરી સેવામાંથી મુલ્કી સેવામાંની બદલી સહિતની બદલી અંગેના પ્રવાસ માટે સરકારી કર્મચારી માઈલેજ ભથ્થું મેળવી શકશે.

(૩) નાના પરિવારનું ધોરણ અપનાવવા સરકારી કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી નિર્ણય પણ લેવામાં આવ્યો છે કે બદલી પ્રવાસ ભથ્થું સરકારી કર્મચારી પર આધારિત કેવળ બે બાળકો પૂરતું જ સીમિત રાખવું. તેમ છતાં તા. ૧૬-૯-૧૯૯૮ પહેલાં જેઓને બે થી વધુ બાળકો હોય તેવા કર્મચારીઓને આ મર્યાદા લાગુ પડતી નથી. વધુમાં કર્મચારીને ગમે તેટલા બાળકો હોય તે ધ્યાનમાં લીધા વિના તેને તથા તેના પરિવારને આ નિયમ હેઠળ મળતા બધા જ લાભો તા. ૧૬-૯-૧૯૯૮ અને તા. ૩૦-૬-૧૯૯૯ ના સમયગાળા દરમ્યાન જન્મેલા બાળકો અંગે મળવાપાત્ર થશે. હાલમાં પણ જે કર્મચારીઓને સંતાન વગરના હોય અથવા એક જ સંતાન હોય અને તે પછીના ગર્ભધારણના પરિણામે બહુવિધ સંતતિ પ્રાપ્તિને પરિણામે બાળકોની સંખ્યા બે થી વધી જાય તેવા કર્મચારીઓ સંબંધે પણ આ મર્યાદા લાગુ પડશે નહિ.

૭૮. **બદલી પર એક જગાએથી બીજી જગાએ જવા માટેના હાજર થવાના સમય દરમ્યાન સરકારી કર્મચારીને બદલી મુસાફરી ભથ્થાંનો હક :** (૧) એક જગાએથી બીજી જગાએ બદલી પર જવાના પ્રસંગે, સરકારી કર્મચારીને આ બંને જગા પૈકી નીચેની જગા ધારણ કરતાં જે બદલી મુસાફરી ભથ્થાંના હકદાર થાય તે ભથ્થાંના તે હકદાર થશે.

(૨) સરકારી કર્મચારીની અન્ય જગાએ બદલી પરની બદલીનો હુકમ હાજર થવાના સમય દરમ્યાન સુધારવામાં આવે ત્યારે તેને પ્રારંભિક બદલીની જગા અથવા અંતિમ બદલીના હુકમની જગા પૈકી સૌથી નીચલી જગા ધારણ કરતાં જે પ્રવાસ ભથ્થું મેળવવા તે હકદાર થતા હોય તે પ્રવાસ ભથ્થાં માટે તે હકદાર થશે; સિવાય કે પ્રારંભિક હુકમથી તે રેલવે / રસ્તા માર્ગે ઊંચા વર્ગમાં પ્રવાસ કરવા હકદાર થતો હોય, તો તે મુજબ પ્રવાસ ભથ્થું એ શરતે આકારી શકશે કે તેણે ખરેખર ઊંચા વર્ગમાં પ્રવાસ કર્યો છે તે મતલબનું પ્રમાણપત્ર આપે.

**સૂચના :** પેટા-નિયમ (૨) થી આવરી લેવાયેલ કિસ્સામાં મુસાફરી ભથ્થાં બિલ ઉપર પ્રતિહસ્તાક્ષર કરતા અધિકારીએ પ્રમાણપત્ર આપવું પડશે કે સરકારી કર્મચારીની પ્રારંભિક બદલી એક જગાએ કરવામાં આવી હતી, પરંતુ તેણે જે જગાએ હવાલો સંભાળી લીધેલ છે તે જગા પર ત્યારપછીના હુકમ હેઠળ બદલી કરવામાં આવી હતી. સંબંધિત જગા અથવા જગાઓ અને તેવી બદલીની જગાઓ અંગેના હુકમો તથા તેની તારીખોની પણ પ્રમાણપત્રમાં નોંધ કરવી.

**નોંધ :** ''હાજર થવાના સમય'' માં રજાના સમયનો સમાવેશ થશે.

૭૯. **એક જગા પરથી બીજી અને ત્યાંથી પુનઃ ત્રીજી જગાએ સરકારી કર્મચારીની બદલી :** કોઈ સરકારી કર્મચારીની બદલી ''અ'' જગાએથી ''બ'' જગાએ થાય અને પુનઃ ત્યાંથી ''ક'' જગાએ થાય અને પ્રથમ અને ત્યારબાદની

બદલી વચ્ચેનો સમયગાળો છ માસની અંદર હોય અને તે કર્મચારીના પરિવારનો કોઈપણ સભ્ય ''અ'' જગાએથી સીધો ''ક'' જગાએ પ્રવાસ કરે તો તેના માટે તે ''અ'' થી ''ક'' જગાનું બદલી મુસાફરી ભથ્થું આકારી શકશે, પરંતુ આ ''અ'' થી ''ક'' જગા સંબંધિત કુલ માગણીની રકમ ''અ'' થી ''બ'' થી ''ક'' માટે મળી શકતા એકત્રિત બદલી મુસાફરી ભથ્થાં કરતાં વધી જવી ન જોઈએ. આ નિયમના હેતુ માટે સરકારી કર્મચારીના હકનો નિર્ણય તેની બદલીની તારીખે હકીકતોના સંદર્ભે, જ્યારે ભાડાની સંખ્યાનો નિર્ણય તે મુસાફરી ભથ્થાંની માગણી રજૂ કરવામાં આવી હોય તે તારીખના સંદર્ભે લેવામાં આવશે, પરંતુ બદલીની તારીખ પછી પરિવારમાં ઉમેરો થયો હોય તેવા કોઈપણ સભ્ય માટે બદલી મુસાફરી ભથ્થું પરવાનગીપાત્ર બની શકશે નહિ.

૮૦. **સરકારી કર્મચારીની બદલી થતા પહેલાં અથવા તે પછી છ માસની અંદર તેના પરિવારના સભ્યે કરેલ પ્રવાસ બાબત :** સરકારી કર્મચારીએ જૂના મથકેથી જગાનો હવાલો સુપરત કર્યાની તારીખ પહેલાં આગોતરા એક માસથી ઓછા નહિ એટલા સમય અગાઉ અથવા નવી જગાનો હવાલો સંભાળી લીધાની તારીખથી છ માસ સુધીમાં સરકારી કર્મચારીના પરિવારનો સભ્ય નવા સ્થળે જવા માટે પ્રવાસ કરે, તો તે સભ્યે કર્મચારી સાથે મુસાફરી કરી છે તેમ ગણી શકાશે. ખાસ સંજોગો પર અવલંબતા વ્યક્તિગત કિસ્સાઓમાં સક્ષમ સત્તાધિકારી આ સમય મર્યાદાઓમાં વધારો કરી શકે છે. સરકારી કર્મચારીના જૂના સ્થળ સિવાયના અન્ય સ્થળેથી નવા સ્થળે જવા સરકારી કર્મચારીના પરિવારના સભ્ય મુસાફરી કરે ત્યારે નિયમ-૯૦ માં નિર્ધારિત દરે અને શરતોને અધિન રહી તે સભ્યે કરેલ તેના જૂના મથક સિવાયના અન્ય મથકેથી નવા મથકે ખરેખર કરેલ રસ્તાના અંતર માટે મુસાફરી રેલવે અથવા સ્ટીમર દ્વારા, જો કરવામાં આવેલ હોય તો, તેનું ખરેખર ખર્ચ વત્તા રસ્તાનું માઈલેજ આકારી શકશે, પરંતુ જૂના મથકેથી નવા મથકે પ્રવાસ કરતાં જે સરવાળે મળવાપાત્ર થાત તે કરતાં આ રકમ વધવી જોઈએ નહિ.

૮૧. **પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય ત્યારે બદલી મુસાફરી ભથ્થું :** જ્યારે પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય અને બંનેની બદલી એક જ જગાએથી બીજી જગાએ એકી સાથે થાય અથવા તેની/તેણીની બદલીથી છ મહિનામાં થાય તો વ્યક્તિગત સરકારી કર્મચારી તરીકે તેમને બંનેને જૂની જગાએથી નવી જગાએ બદલી અંગે મુસાફરી ભથ્થું મળવાપાત્ર નથી. બંનેમાંથી એક કર્મચારી બદલી મુસાફરી ભથ્થું આકારી શકશે અને બીજા કર્મચારી પતિ / પત્નીના કુટુંબના સભ્ય તરીકે સરકારી કર્મચારી ન હોય નીચેનું પ્રમાણપત્ર આપી તેમ ગણવામાં આવશે :-

''પ્રમાણિત કરવામાં આવે છે મારા પત્ની / પતિ ........................................................ જેઓ રાજ્ય સરકારના કર્મચારી છે અને જેમની બદલી ................................ થી ................................ મારી બદલીના છ માસમાં થયેલ છે, તેમણે તેમની / તેણીની બદલીના પરિણામે કોઈ બદલી મુસાફરી ભથ્થું આકારેલ નથી.''

૮૨. **જગાના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે જગાનો હવાલો સુપરત કરવામાં આવે અથવા સંભાળવામાં આવે ત્યારે બદલી મુસાફરી ભથ્થું :** એક જગાએથી બીજી જગાએ બદલી થતા સરકારી કર્મચારીને તેના મુખ્ય મથકના સિવાયના સ્થળે તેની જૂની જગાનો હવાલો સુપરત કરવા અગર નવી જગાનો હવાલો સંભાળવા સક્ષમ સત્તાધિકારી મંજૂરી આપે ત્યારે તે નીચેની છૂટછાટોનો હકદાર છે :-

(ક) સરકારી કર્મચારીને નીચે દર્શાવેલ ખરેખર મુસાફરી પ્રમાણે પ્રવાસ ભથ્થું :-

(૧) તેના જૂના મુખ્ય મથકેથી હવાલો સુપરત કરવા કે સંભાળવાના સ્થળ સુધીની;

(૨) હવાલો સુપરત કરવાના સ્થળથી હવાલો સંભાળવાના સ્થળ સુધીની; **અને**

(૩) હવાલો સંભાળવા / સુપરત કરવાના સ્થળથી નવા મુખ્ય મથક સુધીની.

(ખ) તદુપરાંત, જૂના મુખ્ય મથકેથી નવા મુખ્ય મથકે નિયત દરોએ તથા શરતો હેઠળ પોતાના પરિવાર માટે તથા ઘરવખરી લઈ જવા માટે પ્રવાસ ભથ્થાં પણ તેને મળવાપાત્ર થશે.

૮૩. **પ્રવાસ દરમ્યાન મુખ્ય મથક બદલાય ત્યારે બદલી પ્રવાસ ભથ્થું :** પ્રવાસમાં હોય તેવા સરકારી કર્મચારીનું મુખ્ય મથક બદલવામાં આવે અને તે જૂના મુખ્ય મથકે પરત આવ્યા સિવાય નવા મુખ્ય મથકે પહોંચે ત્યારે તે નિયમ-૮૨ (ખ) માં દર્શાવેલ છૂટછાટના લાભ ઉપરાંત જૂના મુખ્ય મથકેથી પ્રવાસ બહારના સ્થળ સુધી અને બહારના સ્થળથી નવા મુખ્ય મથક સુધીના મુસાફરી પ્રવાસ ભથ્થાંના હકદાર થાય છે.

૮૪. **પરિવારના સભ્યો નવા સ્થળે પ્રવાસ કરે ત્યારે બદલી પ્રવાસ ભથ્થું :** સરકારી કર્મચારીની બદલીના કારણે તેનો પરિવાર તેના નવા મુખ્ય મથક સિવાયના સ્થળે મુસાફરી કરે ત્યારે પરિવારે નવા મુખ્ય મથકના સ્થળે મુસાફરી કરી હોત તો તેને મળવાપાત્ર થતા મુસાફરી ભથ્થાં કરતાં વધે નહિ તે શરતે તે મુસાફરી માટે પ્રવાસ ભથ્થું આકારી શકાય.

૮૫. **નવી જગાએ જોડાતાં પહેલાં સરકારી કર્મચારીએ લીધેલ રજા બાબત :** (૧) એક સ્થળે જૂની જગાનો હવાલો સોંપી દીધા બાદ અને નવી જગાનો હવાલો સંભાળી લેતાં પહેલાં સરકારી કર્મચારી છ માસથી વધુ નહિ એટલી (દાક્તરી પ્રમાણપત્રના આધાર સિવાયની રજા) રજા પર જાય અને બદલીનો હુકમ તે રજા ઉપર ઉતરે તે પહેલાં કે ત્યારબાદ મળ્યો હોય તો પણ તે જૂના મુખ્ય મથકેથી નવા મુખ્ય મથક સુધીનું મળવાપાત્ર બદલી મુસાફરી ભથ્થું મેળવવા તે હકદાર છે.

(૨) એક જગાએથી બીજી જગાએ બદલી (ટ્રાન્ઝીટ) દરમ્યાન છ માસથી વધુ, પરંતુ તબીબી પ્રમાણપત્ર પરની છ માસ કરતાં વધુ રજા સિવાયની રજા લેતા સરકારી કર્મચારી સંયોજીત (કોમ્પોઝીટ) બદલી ભથ્થાંની રકમ સિવાયનું બદલી મુસાફરી ભથ્થું આકારી શકશે.

૮૬. **લાંબી રજા પરથી હાજર થયે સરકારી કર્મચારીની નવા સ્થળે નિમણૂક :** તબીબી પ્રમાણપત્ર આધારે છ માસ કરતાં વધુ સમયની રજા સિવાયની છ માસથી વધુ રજા ઉપરથી હાજર થતાં સરકારી કર્મચારીને રજા પર જતી વખતના તેના સ્થળેથી અન્ય મુખ્ય મથક સ્થાને મૂકવામાં આવે ત્યારે તેને આ પ્રકરણ હેઠળ બદલી પ્રવાસ ભથ્થાંનો હકદાર બનશે.

૮૭. **બદલી અંગે હવાઈ માર્ગે મુસાફરીનો હક :** (૧) રેલવે અને / અથવા સ્ટીમર દ્વારા સંકળાયેલ બે જગાઓ વચ્ચેની બદલી અંગે હવાઈ માર્ગે મુસાફરી કરતા સરકારી કર્મચારી નીચે મુજબ આકારણી કરવા હકદાર છે :-

(ક) હવાઈ માર્ગે મુસાફરી કરવા હકદાર હોય ત્યારે તેને પોતાના માટે તથા પોતાના પરિવાર માટે ખરેખર ચૂકવેલ હવાઈ ભાડાનો હકદાર છે, પરંતુ જો તેને આવો હક ન હોય તો તેણે પોતાના માટે તથા પોતાના પરિવાર માટે ખરેખર ચૂકવેલ વિમાન ભાડું અથવા રેલવે અને/અથવા સ્ટીમરના મળવાપાત્ર વર્ગમાં પ્રવાસ કરવા માટે જે ભાડું મળવાપાત્ર હકદાર હોય, તે બંનેમાંથી જે ભાડું ઓછું હોય તે માટે તે હકદાર થશે.

(૨) બદલી પ્રસંગે કેવળ રસ્તા દ્વારા સંકળાયેલ સ્થળો વચ્ચે હવાઈ માર્ગે પ્રવાસ કરે ત્યારે સરકારી કર્મચારી નીચે મુજબ આકારણી કરવા હકદાર છે :-

(ક) બદલી માટે હવાઈ માર્ગે પ્રવાસ કરવા તે અધિકારી હકદાર હોય તો પોતાના તથા પોતાના પરિવારના સભ્યો માટે ખરેખર ચૂકવેલ હવાઈ ભાડું; **અથવા**

જો તેને આવો અધિકાર ન હોય તો નીચેના બેમાંથી ઓછું -

(૧) પોતાના અને પોતાના પરિવારના સભ્યો માટે ખરેખર ચૂકવેલ વિમાન ભાડું; **અથવા**

(૨) જો તેણે એકલાએ જ રસ્તા દ્વારા મુસાફરી કરી હોય તો તેને લાગુ પડતા માઈલેજ ભથ્થાંનો એક દર જેટલું, જો પોતાના પરિવારના બે સભ્યો સાથે મુસાફરી કરી હોય તો તેથી બમણું અને તેના પરિવારના બે કે તેથી વધુ સભ્યો સાથે મુસાફરી કરી હોય તો તેથી ત્રણ ગણું માઈલેજ ભથ્થું.

- આકારી શકશે.

૮૮. **બદલી પ્રસંગે રેલવે દ્વારા કરેલ પ્રવાસ માટે હક :** એક જગાએથી બીજી જગાએ થયેલ બદલી અંગે સરકારી કર્મચારી રેલવે / સ્ટીમર દ્વારા કરેલ બદલી પ્રવાસ માટે નીચે મુજબ હકદાર થશે :-

(૧) નિયમ-૪૯ હેઠળ પ્રવાસ દરમ્યાન જે વર્ગથી મુસાફરી કરવા હકદાર હોય તે વર્ગના ભાડાની મર્યાદામાં રેલવે અથવા સ્ટીમરનું ખરેખર ભાડું.

(૨) તેની સાથે પ્રવાસ કરતાં તેના પરિવારના દરેક પુખ્ત વયના સભ્ય દીઠ, જો ખરેખર ભાડું ચૂકવેલ હોય તો, એક વધારાનું ભાડું અને દરેક બાળક દીઠ, જો ખરેખર ભાડું ચૂકવેલ હોય તો, અડધું ભાડું.

૮૯. **જાહેર વાહન દ્વારા કરેલ રસ્તાની મુસાફરી માટેના વર્ગનો હક :** જાહેર બસમાં પ્રવાસ કરતા સરકારી કર્મચારી પોતાના તથા પોતાના પરિવારના સભ્યો માટે નિયમ-૫૬ હેઠળ મળવાપાત્ર રકમની મર્યાદામાં, ખરેખર ચૂકવેલ બસ ભાડાની રકમના હકદાર થશે.

૯૦. **બદલી પ્રસંગે જાહેર વાહન સિવાયના અન્ય પ્રકારે રસ્તાની મુસાફરી માટેના અધિકાર :** બદલી પ્રસંગે સરકારી કર્મચારી પોતે અને તેના પરિવારના સભ્યો જાહેર વાહન સિવાય અન્ય પ્રકારે રસ્તાની મુસાફરી કરે ત્યારે નીચે પ્રમાણે હકદાર થશે :-

**(ક) રેલવેથી સંકળાયેલ સ્થળો વચ્ચે :** અધિકૃત વર્ગના રેલવે માઈલેજની મર્યાદામાં રોડ માઈલેજ.

**(ખ) કેવળ રસ્તા દ્વારા સંકળાયેલ સ્થળો વચ્ચે :** (૧) આખી ટેક્ષી કરી મુસાફરી કરતા સરકારી કર્મચારી અને તેના કુટુંબના સભ્યોએ કેવી રીતે મુસાફરી કરી છે તે લક્ષમાં લીધા વિના, નિયમ-૫૨ હેઠળ રોડ માઈલેજ ભથ્થાંના નિયત દરોએ -

| **પોતાના માટે** | **એક રોડ માઈલેજ ભથ્થું** |
|---|---|
| પરિવારના વધુ એક સભ્ય માટે | કાંઈ નહિ |
| પરિવારના વધુ બે સભ્ય માટે | એક વધારાનું રોડ માઈલેજ ભથ્થું |
| પરિવારના બે થી વધુ સભ્યો માટે | પરિવાર માટે બે વધારાના રોડ માઈલેજ ભથ્થાં |

૯૧. **ઘરવખરી :** ''ઘરવખરી'' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી નથી પરંતુ નિયંત્રણ અધિકારીને જાતે સંતોષ થવો જોઈએ કે ઘરવખરીના પરિવહન અંગેના ખર્ચને ભરપાઈ કરી આપવાની માંગણી વાજબી છે.

૯૨. **સંયોજિત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું :** એક સ્થળેથી બીજા સ્થળે જાહેર હિતમાં જેની બદલી કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીને નીચે મુજબ સંયોજિત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું મળવાપાત્ર છે :-

(૧) બદલીના બંને સ્થળો વચ્ચેનું અંતર વીસ કિ.મી. કે તેથી વધુ હોય તો મૂળ પગારનો અર્ધો પગાર.

(૨) બદલીના બંને સ્થળો વચ્ચેનું અંતર વીસ કિ.મી.થી ઓછું હોય તેવા કિસ્સામાં અને જ્યારે તે જ શહેરમાં બદલી થવાને કારણે, રહેઠાણ ખરેખર બદલવામાં આવેલ હોય તેવા કિસ્સામાં, સંયોજિત બદલી ભથ્થાંની રકમ મૂળ પગારની ૧/૪ રકમ બરાબર સીમિત રહેશે.

૯૩. **બદલી અંગે રેલવે દ્વારા ઘરવખરી લઈ ફેરવવાનો હક :** પગાર શ્રેણીઓ અને રેલવે દ્વારા ફેરવવાની ઘરવખરી અંગેની હકદારી નીચે પ્રમાણેની રહેશે :-

| **પગાર શ્રેણી** | **કેટલી ઘરવખરી લઈ જઈ શકાય** |
|---|---|
| રૂ. ૧૬,૪૦૦ અને તેથી વધારે | ગુડઝ ટ્રેઈન દ્વારા ચાર પૈડાંનું આખું વેગન અથવા ૬,૦૦૦ કી.ગ્રા. અથવા એક બેવડુ કન્ટેનર. |
| રૂ. ૮,૦૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૧૬,૪૦૦ થી ઓછા | ગુડઝ ટ્રેઈન દ્વારા ચાર પૈડાનું આખું વેગન અથવા ૬,૦૦૦ કી.ગ્રા. અથવા એક એકવડું કન્ટેનર. |

| | |
|---|---|
| રૂ. ૬,૫૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૮,૦૦૦ થી ઓછા | ગુડઝ ટ્રેઈન દ્વારા ૩,૦૦૦ કી.ગ્રા. |
| રૂ. ૪,૧૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૬,૫૦૦ થી ઓછા | ગુડઝ ટ્રેઈન દ્વારા ૧,૫૦૦ કી.ગ્રા. |
| રૂ. ૪,૧૦૦ થી ઓછા | ગુડઝ ટ્રેઈન દ્વારા ૧,૦૦૦ કી.ગ્રા. * |

* માસિક રૂ. ૩,૩૫૦ અને તેથી વધુ પગાર મેળવતા કર્મચારીઓને પણ ગુડઝ ટ્રેઈન દ્વારા ૧,૫૦૦ કી.ગ્રા. ઘરવખરીનું પરિવહન કરવા પરવાનગી આપી શકાય.

૯૪. **રેલવેથી સંકળાયેલ સ્થળો વચ્ચે રસ્તા દ્વારા ઘરવખરી લઈ જવા બાબત :** રેલવેથી સંકળાયેલ સ્થળો વચ્ચે રસ્તા દ્વારા ઘરવખરી લઈ જવા માટે, સરકારી કર્મચારીને ઘરવખરીનો સામાન રસ્તા દ્વારા લઈ જતાં થયેલ ખરેખર ખર્ચ અથવા રેલવે દ્વારા મહત્તમ અધિકૃત જથ્થો લઈ જવા મળવાપાત્ર પરિવહન ખર્ચમાં પચીસ ટકા ઉમેરતાં થતી રકમ, આ બંને કરતાં જે રકમ ઓછી હોય તે તેને મળવાપાત્ર થશે.

**નોંધ :** આ નિયમના હેતુ માટે ગાંધીનગરને રેલવેથી નહિ સંકળાયેલ સ્થળ ગણવામાં આવશે.

૯૫. **એક સ્થળેથી બીજા સ્થળે જૂના અથવા નવા મુખ્ય મથકે રસ્તા માર્ગે ઘરવખરી ફેરવવા બાબત :** કેવળ રસ્તા દ્વારા સંકળાયેલ સ્થળો વચ્ચે ઘરવખરીના પરિવહન માટે નીચેના એકરૂપ ભથ્થાંના દર લાગુ પડશે :-

| પગાર શ્રેણી | એ-૧ / એ / બી-૧ વર્ગનાં શહેરો રૂપિયા પ્રતિ કિ.મી. | અન્ય શહેરો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| રૂ. ૮,૦૦૦ અને તેથી વધારે | ૩૦.૦૦ | ૧૮.૦૦ |
| રૂ. ૬,૫૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૮,૦૦૦ થી ઓછા | ૧૫.૦૦ | ૯.૦૦ |
| રૂ. ૪,૧૦૦ અને તેથી વધારે પરંતુ રૂ. ૬,૫૦૦ થી ઓછા | ૭.૬૦ | ૪.૬૦ |
| રૂ. ૪,૧૦૦ થી ઓછા | ૬.૦૦ | ૪.૦૦ |

**નોંધ-૧ :** કોલમ નંબર (૨) માં દર્શાવેલ ભથ્થાંના ઊંચા દરો કેવળ એ-૧/એ/બી-૧ વર્ગના શહેરોની હદમાં એક જગાએથી બીજી જગાએ પરિવહન કરવામાં આવેલ ઘરવખરી માટે મળવાપાત્ર થશે.

**નોંધ-૨ :** માસિક રૂ. ૩૩૫૦ અને તેથી વધુ પગાર મેળવતા કર્મચારીઓ તેમની તુરતની ઊંચી રૂ. ૪૧૦૦ અને તેથી વધુ પરંતુ રૂ. ૬૫૦૦ થી ઓછા પગારની પગાર શ્રેણી માટે નિયત કરવામાં આવેલા ભથ્થાંના દરો માટે હકદાર થશે. ફક્ત કોલમ નંબર (૨) માં દર્શાવેલ ભથ્થાંના ઉચ્ચતર દરો કેવળ એ-૧/એ/બી-૧ વર્ગના શહેરોની હદમાં એક જગાએથી બીજી જગાએ પરિવહન કરવામાં આવેલ ઘરવખરી માટે મળવાપાત્ર થશે.

૯૬. **જૂના સ્થળ સિવાયના અન્ય સ્થળેથી ઘરવખરી ફેરવવા બાબત :** જૂના સ્થળ સિવાયના ભારતના અન્ય નવા સ્થળેથી (દા.ત. રસ્તામાં આવતા સ્થળેથી કરેલી ખરીદી અથવા અગાઉની બદલી સમયે છોડેલ હોય તે સ્થળેથી) અથવા તેની જૂની જગાના સ્થળેથી નવી જગા સિવાયના સ્થળે લઈ જવા માટે, ઘરવખરીના પરિવહન સહિતનો ખરેખર કુલ ખર્ચ, સરકારી કર્મચારી ટ્રેન દ્વારા તેના જૂના સ્થળેથી નવા સ્થળે સીધેસીધો ઘરવખરીનો મહત્તમ અધિકૃત મળવાપાત્ર કિલોગ્રામ જથ્થો પરિવહન કરી ગયા હોત અને જે રકમ મળવાપાત્ર થાત તે રકમથી વધુ થવો જોઈએ નહિ.

૯૭. **''ઝડપી વહન સેવા'' દ્વારા ઘરવખરી લઈ જવા બાબત :** આ નિયમ હેઠળ મળવાપાત્ર નિયત મહત્તમ જથ્થાની મર્યાદામાં રહીને બદલી પ્રસંગે ''ઝડપી પરિવહન સેવા'' દ્વારા ઘરવખરીના પરિવહન માટે કરવામાં આવેલ ખર્ચ ખરેખર કરેલ હોય અને માગણી કરનાર તેના મુસાફરી ભથ્થાંના બિલમાં એવી મતલબનું પ્રમાણપત્ર નોંધે કે તેણે ''ઝડપી પરિવહન સેવા'' દ્વારા ઘરવખરીનું પરિવહન કર્યું હતું અને તે નિર્ધારિત સમયે તેના લક્ષ્ય સ્થાને પહોંચી ગયેલ છે તો ''ઝડપી પરિવહન સેવા'' ના દરે પરિવહન ખર્ચ માન્ય રાખી શકાય.

**૯૮. ઘરવખરીનો સામાન પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જવા બાબત :** સરકારી કર્મચારી ઘરવખરીનો સામાન ગુડઝ ટ્રેઈન દ્વારા લઈ જવાને બદલે પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જાય ત્યારે ઘરવખરીના સામાનનો અધિકૃત મળવાપાત્ર મહત્તમ કિલોગ્રામ જથ્થો ગુડઝ ટ્રેન દ્વારા લઈ જતાં જે રકમ મળવાપાત્ર થઈ હોત તે રકમની મર્યાદામાં ખરેખર તે ખર્ચની રકમ આકારી શકશે.

**૯૯. ઘરવખરીના સામાનના પરિવહનનું ખર્ચ :** ઘરવખરીના સામાનના પરિવહનના ખર્ચની માગણી કરતા સરકારી કર્મચારીએ તેના આધારમાં પ્રમાણપત્ર આપવું જોઈએ કે તેણે ખરેખર કરેલ ખર્ચ માંગણી કરવામાં આવેલ ખર્ચ કરતાં ઓછો ન હતો. પ્રમાણપત્રમાં તેણે ખરેખર રેલવે, રસ્તા માર્ગે વગેરેથી અલગ અલગ લઈ જવાયેલ ઘરવખરીની વિગતો તેણે જણાવવી અને નિયંત્રણ અધિકારીએ આ વિગતોની ચકાસણી કરી જાતે ખાતરી કરશે કે માગણી વાજબી છે.

**૧૦૦. બદલી પર જતા સરકારી કર્મચારીનું વાહન લઈ જવા બાબત :** (૧) તેની કાર્યક્ષમતા માટે વાહનની માલિકી લાભદાયક હોય તેવી નવી જગા ઉપર હાજર જતા સરકારી કર્મચારી નિયમ-૧૦૨ મુજબ માલિકના જોખમે વાહન લઈ જવાનો ખર્ચ આકારી શકશે.

**સ્પષ્ટીકરણ :** કાર્યક્ષમતાના દૃષ્ટિબિંદુથી વાહનની માલિકી હિતાવહ છે તેવી જગાઓ નીચે પ્રમાણે છે :-

(૧) તાલુકા કે તે કરતા વધારે ક્ષેત્રફળમાં ફરજ માટે પ્રવાસ કરવાની આવશ્યક્તા રહેતી હોય તેવો વિસ્તાર, **અથવા**

(૨) જગા સાથે વાહન ભથ્થું અથવા કાયમી મુસાફરી ભથ્થું સંકળાયેલ હોય, **અને**

(૩) જગાના ધારક સરકારી કર્મચારીએ પોતાની ફરજોની બજવણીમાં વાહન વાપરવાનું સરકારને જાહેર હિતમાં જણાતું હોય તેવી અન્ય કોઈ જગા.

**નોંધ :** કાર્યક્ષમતાની દૃષ્ટિએ વાહનની માલિકી હિતાવહ હોય તેવી જગા ધરાવતા સરકારી કર્મચારીની બીજી એવી જગા ઉપર બદલી થાય જ્યાં આવી માલિકી હિતાવહ ન હોય અને ત્યારબાદ ચાર માસથી વધુ નહિ એટલા સમયમાં કાર્યક્ષમતાની દૃષ્ટિએ વાહનની માલિકી હિતાવહ હોય તેવી જગા ઉપર ફરી બદલી થાય અને જો તેના પ્રથમ મથકેથી છેલ્લા મથક સુધી આ પેટા-નિયમની શરતો પરિપૂર્ણ થતી હોય તો, તે વાહનના પરિવહનનો ખર્ચ આકારી શકશે, પરંતુ તેણે પ્રમાણપત્ર આપવું જોઈશે કે તે પ્રથમ મથકે હતો ત્યારથી વાહનની માલિકી ધરાવે છે.

(૨) સરકારી કર્મચારીના પોતાના વાહનના પરિવહન ખર્ચની માગણી એ મતલબના પ્રમાણપત્ર પર આધારિત હોવી જોઈએ કે તેણે આકારેલ ખર્ચ કરતાં ખરેખર કરેલ ખર્ચ ઓછો ન હતો. પરિવહન કરવામાં આવેલ વાહનની વિગતોને પ્રમાણપત્ર દર્શાવતું હોવું જોઈએ.

(૩) બદલી પ્રસંગે સરકારના ખર્ચે વાહનના પરિવહન કરવા માટેનું ધોરણ નીચે મુજબ રહેશે :-

| પગાર શ્રેણી | ધોરણ |
|---|---|
| રૂ. ૬૫૦૦ અને તેથી વધુ | એક મોટરકાર અથવા એક મોટર સાયકલ / સ્કુટર |
| રૂ. ૬૫૦૦ થી ઓછા | એક મોટર સાયકલ / સ્કુટર / મોપેડ અથવા એક બાઈસીકલ |

**૧૦૧. શોફર અથવા ક્લીનરનો પ્રવાસ :** જે સ્ટેશનથી જે સ્ટેશન સુધી રેલવે દ્વારા મોટરકાર ખરેખર લઈ જવામાં આવે ત્યારે તે સ્થળો વચ્ચેનું ટૂંકામાં ટૂંકા અંતરનું બીજા વર્ગનું રેલવે ભાડું. કર્મચારી પોતાના શોફર અથવા ક્લીનર માટે અધિકારી આકારી શકશે, પરંતુ સંબંધિત અધિકારીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે શોફર કે ક્લીનરને

ખરેખર શોફર કે ક્લીનર તરીકે નોકરીમાં રાખવામાં આવ્યો હતો અને નહિ કે તેમના ઘરગથ્થુ નોકર તરીકે; અને જે રેલવે રસ્તે તેની મોટરકારનો પરિવહન ખર્ચ આકારેલ છે, તે રેલવે રસ્તે તેણે રેલવે દ્વારા મુસાફરી કરેલ હતી. જે રેલવે ટ્રેન દ્વારા મોટરકારનું પરિવહન કરવામાં આવ્યું હોય તે જ ટ્રેનમાં શોફર કે ક્લીનરે મુસાફરી કરવાનું આવશ્યક નથી.

**૧૦૨. રેલવે દ્વારા વાહનના પરિવહનના ખર્ચની ભરપાઈ :** (૧) સરકારી ખર્ચે રેલવે દ્વારા પોતાની મોટરકાર કે મોટર સાયકલ લઈ જવા અધિકૃત સરકારી કર્મચારીઓ પોતાના વિકલ્પે તે પેસેન્જર ટ્રેન દ્વારા અથવા ગુડઝ ટ્રેઈન દ્વારા રેલવેના જોખમે લઈ જઈ શકે છે. પ્રથમ વિકલ્પના કિસ્સામાં રેલવે નૂરનો થયેલ ખર્ચ તે આકારી શકશે, જ્યારે પાછળના કિસ્સામાં એટલે કે જ્યારે વાહન ગુડઝ ટ્રેઈન દ્વારા લઈ જવામાં આવે ત્યારે રેલવેના નૂર ઉપરાંત તે વાહનને પેક કરવાના ખર્ચ ઉપરાંત પેક કરેલ વાહનને પ્રસ્થાન અને આગમનના સ્ટેશનોના ગુડઝ શેડ સુધી લઈ જવા લાવવાનો ખર્ચ સરકારી કર્મચારી એ શરતે આકારી શકશે કે આવું વાહન પેસેન્જર ટ્રેન દ્વારા લઈ જતાં ચૂકવવાપાત્ર થતાં નૂર કરતાં કુલ ખર્ચ વધશે નહિ.

(૨) જે મથકેથી સરકારી કર્મચારીની બદલી કરવામાં આવી હોય તે મથક સિવાયના અન્ય મથકે રાખેલ હોય તેવું વાહન જ્યાં રાખવામાં આવેલ હોય તે મથકેથી તેની જે સ્થળે બદલી કરવામાં આવી હોય તે મથકે લઈ જવાનો ખર્ચ આકારી શકશે, પરંતુ આ રીતે મળવાપાત્ર રકમ જો તે વાહન જૂના મથકેથી નવા મથક સુધી સીધું જ લઈ જવામાં આવ્યું હોત તો જે રકમ મળવાપાત્ર થાત તે રકમ કરતાં વધવી જોઈએ નહિ અને વધુમાં અધિકારીની બદલી કરવામાં આવી હોય તે પહેલાં અથવા પછી વાજબી મુદ્દતની અંદર વાહનનું નવા મથકે ખરેખર પરિવહન કરવામાં આવ્યું હોય.

**૧૦૩. વાહનને પોતે જ હંકારી કે ટ્રકમાં લાદીને તેનું પરિવહન કરવા બાબત :** (૧) સરકારી કર્મચારીને જ્યારે પોતાની મોટરકાર કે મોટર સાયકલનો સરકારી ખર્ચે પરિવહન કરવાનો અધિકાર હોય અને તેનું પરિવહન રેલવે દ્વારા સંકળાયેલ સ્થળો વચ્ચેના રસ્તે હંકારીને કે ટ્રકમાં લાદીને કરે તો વાહનને પેસેન્જર ટ્રેન દ્વારા પરિવહન કરતાં જે ખર્ચ ચૂકવવાપાત્ર થાત તે રકમની મર્યાદામાં તે અંગેનો ખર્ચ આકારવા તે હકદાર થશે.

(૨) સરકારી કર્મચારીને પોતાની કાર કે મોટર સાયકલનો સરકારી ખર્ચે પરિવહન કરવાનો અધિકાર હોય અને જો તેનું પરિવહન રેલવે દ્વારા નહિ સંકળાયેલા સ્થળો વચ્ચે રસ્તા દ્વારા પોતે હંકારીને કે ટ્રકમાં લાદીને કરે તો તે નિયમ-૧૦૪ માં નિયત કરાયેલ દરોથી પરિવહન ખર્ચ આકારવા હકદાર થશે.

**નોંધ :** હંકારીને પરિવહન કરવામાં આવેલા વાહનમાં સરકારી કર્મચારી મુસાફરી ન કરે તો તે પોતાને માટે અલગ રેલવે / હવાઈ ભાડાનો હકદાર બનશે અથવા તેને પોતાને માટે અલગ રોડ માઈલેજ મળી શકશે. આમ છતાં, સરકારી કર્મચારી પોતાની મોટરકાર દ્વારા પ્રવાસ કરે ત્યારે તેને અલગ રેલવે / હવાઈ ભાડુ કે રોડ માઈલેજ ભથ્થું મળશે નહિ. હંકારીને પરિવહન કરાયેલા વાહનનો ઉપયોગ કર્યા સિવાય અન્યથા પ્રવાસ કરનાર તેના પરિવારના સભ્યોને પ્રમાણસર માઈલેજ ભથ્થું મળવાપાત્ર છે.

**૧૦૪. રસ્તા માર્ગે વાહનના પરિવહન માટેના દરો :** બદલી અંગે સરકારી કર્મચારી પોતે અને તેના પરિવારના સભ્યો જો તેની સાથે મુસાફરી કરે અને તેમને માટે મુસાફરી ભથ્થું આકારવામાં આવ્યું હોય અને આવા પરિવહન કરવામાં આવેલા વાહન દ્વારા મુસાફરી કરેલી ન હોય અને વધુમાં વાહનને પેસેન્જર ટ્રેન દ્વારા પરિવહન કરતાં થતા ચૂકવવાપાત્ર પરિવહન ખર્ચ કરતાં આવા કુલ ભથ્થાંની રકમ વધે નહિ તે શરતોએ, રસ્તા માર્ગે વાહનના પરિવહન માટે નીચેના દરોએ ભથ્થું મળવાપાત્ર થશે :-

| | |
|---|---|
| પેટ્રોલ સંચાલિત મોટરકાર | પ્રતિ કીલોમીટરે ૪૦૦ પૈસા |
| ડીઝલ સંચાલિત મોટરકાર, જીપ, સ્ટેશન વેગન | પ્રતિ કીલોમીટરે ૨૦૦ પૈસા |
| (દ્વિચક્રી વાહન) મોટર સાયકલ / સ્કુટર | પ્રતિ કીલોમીટરે ૧૦૦ પૈસા |

**૧૦૫. બદલી અંગે સરકારી કર્મચારીને મળતું વધારાનું ભાડુ :** નવી નિમણૂકના સ્થળે સરકારી રહેઠાણના આવાસ ઉપલબ્ધતાના અભાવે સરકારી કર્મચારીએ તેના પરિવારને મૂળ નિમણૂકના સ્થળે રાખીને જવું પડે, તો સામાન્ય બદલી મુસાફરી ભથ્થાંના હક ઉપરાંત તેને તેના મૂળ નિમણૂકની સ્થળે જવા તથા આવવા એમ બંને મુસાફરી માટે અધિકૃત વર્ગનું વધારાનું ભાડું મળવાપાત્ર થશે.

**નોંધ-૧ :** સરકારી રહેઠાણના આવાસની સવલત પ્રાપ્ય હોય પરંતુ અધિકારી તેને નીચલા દરજ્જાને લાયક હોવાના કારણે અથવા અન્ય કારણના આધારે તેનો અસ્વીકાર કરે ત્યારે તેને સરકારી રહેઠાણના આવાસની સવલત આપવામાં આવેલ છે પરંતુ તેણે તેનો ઈન્કાર કર્યો હોઈ, આ નિયમ હેઠળ, તે વધારાના ભાડા માટે હકદાર થશે નહિ.

**નોંધ-૨ :** આવાસની ખરેખર ફાળવણી થતાં પહેલાં સરકારી કર્મચારી પરિવાર લઈ આવે અને તે માટે બદલી મુસાફરી ભથ્થું આકારે તો આ નિયમ હેઠળ તે વધારાના ભાડા માટે હકદાર નથી.

## પ્રકરણ-૯

## અન્ય મુસાફરીઓ

**૧૦૬. નિવૃત્તિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થાં :** નિવૃત્ત થતા સરકારી કર્મચારીને નીચે મુજબ મુસાફરી ભથ્થાંના હકદાર થશે :-

(૧) વયનિવૃત્તિ પેન્શન (સ્વૈચ્છિક નિવૃત્તિ સહિતના) કે અશક્તતા અથવા રહેમિયત પેન્શન પર નિવૃત્ત થતા કાયમી સરકારી કર્મચારીને પોતાની ફરજના છેલ્લા સ્થળેથી તેના અને તેના પરિવારના સભ્યોના વતનના શહેર સુધીના પ્રવાસ માટે નીચે મુજબ મુસાફરી ભથ્થાં તેમજ તે સ્થળો વચ્ચે તેની ઘરવખરીનો સામાન લઈ જવાના ખર્ચના હકદાર થશે :-

(૧) તે જે તારીખે છેલ્લા ફરજ પર હતા તે તારીખે હકદાર હોય તે રેલવે અથવા સ્ટીમર / હવાઈ માર્ગે અધિકૃત વર્ગ દ્વારા પોતાના તથા પોતાના પરિવારના સભ્યો માટે થતા ખરેખર ભાડાં માટે.

(૨) માર્ગ દ્વારા મુસાફરી માટે પોતાના અને કુટુંબના એક સભ્ય માટે એક જ માઈલેજ ભથ્થું, જો તેના કુટુંબના બે સભ્યો મુસાફરી કરે ત્યારે બે માઈલેજ ભથ્થાં અને જો બે કરતાં વધુ સભ્યો મુસાફરી કરે તો ત્રણ માઈલેજ ભથ્થાં, તેમને નિયમ-૫૨ હેઠળ છેલ્લી ફરજની તારીખે સરકારી કર્મચારીને લાગુ પડતા દરે.

(૩) નિયમો-૯૩ થી ૯૬ હેઠળ મળવાપાત્ર ધોરણના આધારે ઘરવખરીનો સામાન લઈ જવાનો ખરેખર ખર્ચ.

(૪) સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ તેમના છેલ્લી ફરજના સ્થળેથી અન્ય સ્થળે કે જે ત્યાંથી વીસ કિ.મી. કે તેથી વધુ દૂર આવેલ હોય તે સ્થળે સ્થાયી થાય ત્યારે તેમના છેલ્લા માસિક મૂળ પગારના અડધા જેટલી રકમનું સમાન સંયોજીત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું. જો સરકારી કર્મચારી નિવૃત્તિ વેળાએ વીસ કિ.મી. કરતાં ઓછા અંતરની અંદર સ્થાયી થાય ત્યારે તેના છેલ્લા માસિક મૂળ પગારના ૧/૪ જેટલી રકમ સમાન સંયોજીત બદલી ભથ્થાં તરીકે તેને ચૂકવી શકાશે, પરંતુ એ શરતે કે તેણે રહેઠાણ ત્યાં ખરેખર બદલ્યું હોય.

(૫) તેની છેલ્લી નોકરીના ફરજના સ્થળે વાહનની માલિકી જાહેર હિતમાં આવશ્યક હતી તેવી જરૂરિયાત ઉપર આગ્રહ રાખવા વિના સરકારી કર્મચારીને તેની નિવૃત્તિ વેળાએ તેના વાહનના પરિવહનનો ખર્ચ તેને નિયમ-૧૦૦ (૩) હેઠળ નિયત કરાયેલ દરે મજરે આપવામાં આવશે.

**નોંધ :** અંશતઃ મુસાફરી પ્રવાસના એક પ્રકારે અને અંશતઃ બીજા પ્રકારે કરેલ હોય ત્યારે અનુક્રમે સંબંધિત ખંડ (૧) અને (૨) હેઠળ લાગુ પડતા મળવાપાત્ર મુસાફરી ભથ્થું મળવાપાત્ર છે.

(૨) રજા પ્રવાસના છૂટછાટના હેતુ માટે જાહેર કરેલ પોતાના વતન નજીકમાંથી નજીકના ટૂંકામાં ટૂંકા સ્થળ સુધી સરકારી કર્મચારીને તેની ફરજ પરના છેલ્લા સ્થળેથી પેટા-નિયમ (૧) હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે. જો વતનનું સ્થળ સરકારી કર્મચારીએ જાહેર કરેલ ન હોય તો તેની સેવાપોથીમાં અથવા તેની નોકરીના અન્ય રેકર્ડમાં નોંધાયેલ સ્થળને તેના વતન તરીકે ગણવામાં આવશે.

(૩) સરકારી કર્મચારી પોતાના વતન સિવાયના અન્ય કોઈ સ્થળે સ્થાયી થવા માગતા હોય તો તેને આવા અન્ય સ્થળ સુધીનું મુસાફરી ભથ્થું પેટા-નિયમ (૧) મુજબ ચૂકવી શકાશે, પરંતુ એ શરતે કે તે પોતાના વતનમાં ગયા હોત અને તેને જે રકમ મળવાપાત્ર થઈ હોત તેટલી રકમ અથવા અન્ય સ્થળ તેમનું વતન હોત અને જે રકમ ચૂકવવાપાત્ર થાત તે રકમ, આ બંનેમાંથી જે ઓછી હોય તે રકમ, તેને મજરે મળવાપાત્ર થશે.

(૪) રાજીનામું આપી નોકરી છોડી જતા અથવા નોકરીમાંથી બરતરફ કે દૂર કરવામાં આવેલા સરકારી કર્મચારીને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

(૫) વર્કચાર્જડ મહેકમના કર્મચારીઓ સહિતના, વયનિવૃત્તિની વયે અથવા અશક્તતાને કારણે નિવૃત્ત થતા હોય અથવા કોઈપણ વૈકલ્પિક નોકરી આપ્યા વિના નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હોય તેવા હંગામી સરકારી કર્મચારીઓને, જો તેઓએ તેમની નિવૃત્તિ / અશક્તતા વખતે સરકાર હેઠળ દસ વર્ષથી ઓછી નહિ એટલી કુલ નોકરી કરી હોય તો, તેઓને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે.

(૬) નીચેના સરકારી કર્મચારીઓને આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ -

(ક) જેઓ પૂર્ણ સમયની નોકરીમાં ન હોય,

(ખ) જેઓને આકસ્મિક ખર્ચ (કન્ટીજન્સી) માંથી ચૂકવણી કરવામાં આવતી હોય, **અને**

(ગ) જેઓને કોન્ટ્રાક્ટના ધોરણે કામે રાખેલ હોય.

(૭) નિવૃત્તિની તારીખથી છ મહિનાની અંદર કોઈ અધિકારીને રાજ્ય સરકાર હેઠળ પુનર્નિયુક્ત કરવામાં આવેલ હોય ત્યારે તેમની પુનર્નિયુક્તિની મુદત પૂરી થયા બાદ છ માસની અંદર આ નિયમના પેટા-નિયમ (૧) હેઠળ મુસાફરી ભથ્થાં માટે પરવાનગી આપી શકાશે.

**૧૦૭. નિવૃત્તિ સમયે મુસાફરી ભથ્થાંની આકારણીનો વિકલ્પ :** (૧) નિવૃત્ત સરકારી કર્મચારીને નિવૃત્તિ મુસાફરી ભથ્થાંની માગણીના બદલામાં નીચેના વિકલ્પો રહેશે :-

(૧) કર્મચારીએ તેની નિવૃત્તિની તારીખ બાદ છ માસની અંદર ખરેખર મુસાફરી કરી હોય અને અંગત ઘરવખરી ખરેખર ખસેડેલ હોય તો તે અંગેનું મુસાફરી ભથ્થાં બિલ આકારવાનો.

**અથવા**

(૨) મુસાફરી ભથ્થાંના અવેજમાં આ નિયમ હેઠળ મળવાપાત્ર નીચે મુજબ ઉચ્ચક રકમનું મુસાફરી ભથ્થું આકારવાનો :-

(ક) પોતાના તથા પરિવારના સભ્ય માટે મુસાફરી કરવાને હક હોય તે વર્ગના રેલવે / વિમાનના ભાડાની રકમ.

(ખ) નિયમ-૯૨ હેઠળના ધોરણે મળવાપાત્ર સંયોજીત બદલી ભથ્થું.

(ગ) જાણે નિયમ-૯૩ હેઠળ નિયત કરાયેલ મહત્તમ વજનનો ઘરવખરીનો સામાન ગુડઝ ટ્રેન દ્વારા વતનના સ્થળે ખસેડ્યો હોય તેટલો પરિવહન ખર્ચ.

(૨) સરકારી કર્મચારી જ્યારે પેટા-નિયમ (૧) હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમ આકારવાનો વિકલ્પ સ્વીકારે જ્યારે તે રકમની માગણી મૂકતી વખતે તેણે કરેલ મુસાફરી વગેરે બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવાની આવશ્યક્તા રહેશે નહિ. આવી ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમ તેને તેની નોકરીના છેલ્લા કામકાજના દિવસે ચૂકવવામાં આવશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની આકારણીના કિસ્સામાં, સરકારી કર્મચારીએ નિયંત્રણ અધિકારીને તે ઉચ્ચક રકમની આકારણીની તારીખથી છ માસમાં એ મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેણે / તેણીએ ખરેખર મુસાફરી કરેલ છે અને ઉચ્ચક મુસાફરી ભથ્થાંના બિલમાં દર્શાવેલ માગણી મુજબ ઘરવખરીનો સામાન ખસેડ્યો છે.

**૧૦૮. નિવૃત્તિ વેળાએ વતનના સ્થળે જવાની મુસાફરી અંગેના મુસાફરી ભથ્થાં બિલો આકારવાની પદ્ધતિ :** નિવૃત્તિ વેળાએ નિયમ-૧૦૬ હેઠળ વતનના સ્થળે જવાની મુસાફરી અંગેના બિલોની આકારણી અને ચૂકવણી માટેની જોગવાઈઓ નીચે મુજબની રહેશે :-

(૧) આ નિયમ હેઠળ મળવાપાત્ર મુસાફરી ભથ્થાંની માગણીઓ બદલી મુસાફરી ભથ્થાંની માગણી મુજબના મુસાફરી ભથ્થાં બિલ મુજબના નમૂનામાં આકારવાની રહેશે તેમજ નિવૃત્તિ પહેલાં જે સરકારી કર્મચારીઓ પોતે જ પોતાના નિયંત્રણ અધિકારીઓ હોય તેઓની માગણી પર તરતના ઉપરી વહીવટી અધિકારીની સામી સહી લેવી પડશે.

(૨) નિયમ-૧૦૬ હેઠળ મળવાપાત્ર પ્રવાસ ભથ્થાંની ચૂકવણી કરતાં પહેલાં અથવા નિયમ-૧૦૭ હેઠળ ઉચ્ચક મુસાફરી ભથ્થાંની રકમની ચૂકવણી કર્યા બાદ પ્રતિહસ્તાક્ષર કરનાર અધિકારીને શક્ય તેટલો સંતોષ થવો જોઈએ કે માગણી રજૂ કરનાર અને તેના પરિવારના સભ્યોએ તેના વતન અથવા જે અન્ય સ્થળે સ્થાયી થવા ગયા હોય તે સ્થળની મુસાફરી ખરેખર કરી છે. દા.ત. તેમના અંગત માલસામાનની, વાહન વગેરેની હેરફેર સંબંધિત રેલવેના મૂળ વાઉચર રજૂ કરાવવાં.

(૩) છેલ્લા પગારનું પ્રમાણપત્ર આપ્યા પછી પણ નિયમ-૧૦૬ હેઠળના મુસાફરી ભથ્થાંની ચૂકવણી અંગેની માગણીઓ તિજોરી અધિકારી અથવા પગાર અને હિસાબી અધિકારી કરી શકશે.

**૧૦૯. ફરજના છેલ્લા સ્થળે જ નિવૃત્તિ બાદ સ્થાયી થવા માટેનું મુસાફરી ભથ્થું :** નિવૃત્તિ સમયે સરકારી કર્મચારી તેમના છેલ્લા ફરજના સ્થળે જ કાયમી ધોરણે સ્થાયી થવા ઈચ્છે તો અને નિવૃત્તિને કારણે તેમને રહેઠાણનું સ્થળ બદલવાનું આવશ્યક હોય તો નીચે દર્શાવેલ મર્યાદામાં મુસાફરી ભથ્થાં માટે હકદાર બનશે :-

(૧) જૂના રહેઠાણના સ્થળેથી નવા રહેઠાણના સ્થળ વચ્ચે રસ્તાની મુસાફરી માટે પોતાના માટે એક રોડ માઈલેજ ભથ્થું તથા તેના પરિવારના દરેક સભ્ય માટે નિયમ-૫૨ હેઠળના ધોરણે મળવાપાત્ર એક વધારાનું રોડ માઈલેજ ભથ્થું.

(૨) નિયમો-૯૩ થી ૯૫ હેઠળ મળવાપાત્ર સંયોજીત મુસાફરી ભથ્થાંની રકમ સિવાયની રકમથી વધુ ન હોય તેટલા ઘરવખરીના સરસામાનના હેરફેર અંગેનો ખરેખર થયેલ ખર્ચ.

(૩) જ્યારે પોતાના વાહનમાં પોતે તથા પરિવારના સભ્યોએ મુસાફરી કરી હોય અને પેટા-નિયમ (૧) મુજબનું ભથ્થું મળવાપાત્ર ન હોય, ત્યારે નિયમ-૧૦૪ હેઠળ વાહનની હેરફેર માટેનું ભથ્થું મળવાપાત્ર થશે. જો તેઓ અન્યથા મુસાફરી કરે તો તે મળવાપાત્ર થશે.

**નોંધ-૧ :** અન્ય કોઈ મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહિ.

**નોંધ-૨ :** મુસાફરી ભથ્થાંની પાત્રતા નિયમ-૧૦૬ હેઠળ નિયત કરવામાં આવેલી અન્ય શરતોને અધીન રહેશે.

**નોંધ-૩ :** ''ફરજનું છેલ્લું સ્થળ'' એ શબ્દનો અર્થ, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના વિસ્તારમાં આવતા એ બધા ગ્રામ્ય સમૂહો સહિતના ક્ષેત્રો અને સ્થળો જ્યાં સરકારી કર્મચારીને તેની નિવૃત્તિની તરત પહેલાંની નોકરીની જગા તેમ થશે.

**૧૧૦. નોકરીમાં હોય તે દરમ્યાન અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારના સભ્યોએ કરેલો પ્રવાસ :** (૧) નોકરી દરમ્યાન અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારના સભ્યો જો તેના અવસાન પછી છ માસ સુધીમાં પ્રવાસ પૂરો કરે તો નીચેનાં ભથ્થાં મેળવી શકશે :-

(૧) અવસાન પામેલ કર્મચારી રેલવે, રસ્તા માર્ગે અથવા નદી માર્ગના પ્રવાસ માટે તેની ફરજના છેલ્લા સ્થળે જે વર્ગની સગવડ માટે પોતે તથા પરિવારના દરેક સભ્ય હકદાર હતા તે વર્ગથી રેલવે માર્ગે, રસ્તા માર્ગે અથવા નદીના માર્ગે કરેલ મુસાફરી માટેનું ખરેખર ભાડું.

(૨) નિયમો-૯૩ થી ૯૬ હેઠળના મળવાપાત્ર ધોરણે અંગત ઘરવખરીનો સામાન પરિવહન કરવાનું થયેલ ખરેખર ખર્ચ.

(૩) સરકારી કર્મચારીને છેલ્લે ફરજની તારીખે લાગુ પડતા દરેથી નિયમ-૫૨ હેઠળ રસ્તા માર્ગે માલિકીના / ઉછીના કે ભાડે લીધેલા વાહન દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે, પરિવારના એક સભ્ય માટે એક માઈલેજ ભથ્થું, પરિવારના બે સભ્યોના પ્રવાસ માટે વધારાનું બીજું એક મુસાફરી ભથ્થું તથા પરિવારના બે થી વધુ સભ્યોના પ્રવાસ માટે ત્રીજું એક માઈલેજ ભથ્થું.

(૪) કર્મચારીના અવસાન પહેલાં તેની ફરજ પરના આકારેલ છેલ્લા પગારના આધારે નિયમ-૯૨ માં દર્શાવેલ ધોરણ હેઠળ સંયોજીત બદલી ભથ્થું.

**નોંધ :** અંશતઃ પ્રવાસ એક પ્રકારે અને અંશતઃ અન્ય પ્રકારે કરેલ હોય ત્યારે અનુક્રમે સંબંધિત ખંડ (૧) અને (૩) હેઠળ લાગુ પડતું મુસાફરી ભથ્થું મળવાપાત્ર બનશે.

(૨) સરકારી કર્મચારીએ રજા પ્રવાસ અંગેની છૂટછાટના હેતુ માટે વતનના સ્થળ તરીકે જે જાહેર કરેલ હોય તે તેના ફરજના સ્થળેથી વતનના સ્થળે જવાના ટૂંકામાં ટૂંકા માર્ગનું મુસાફરી ભથ્થું તેને પેટા-નિયમ (૧) હેઠળ મળવાપાત્ર થશે. વતનનું સ્થળ આ રીતે જાહેર કરેલ ન હોઈ તેની નોંધ કરવામાં આવી ન હોય, તો તેની સેવાપોથીમાં કે અન્ય સેવા રેકર્ડમાં નોંધવામાં આવેલ સ્થળને વતનના સ્થળ તરીકે ગણવામાં આવશે.

(૩) સરકારી કર્મચારીના અવસાન સમયે તેના પરિવારનો સભ્ય સરકારી કર્મચારીના છેલ્લા મુખ્ય મથક સિવાયના અન્ય મથકે હોય અથવા મુખ્ય મથકે હોય પણ પેટા-નિયમ (૨) માં દર્શાવેલ સ્થળ સિવાયના અન્ય સ્થળે જાય, ત્યારે આવા સભ્યને રેલવે, રસ્તા માર્ગે કે સ્ટીમરથી કરેલ પ્રવાસના ખરેખર અંતર માટેનું ખરેખર ભાડું તેમજ સરકારી કર્મચારીના અવસાન સમયે જે સ્થળે હોય તે સ્થળેથી તેણે ખરેખર પ્રવાસ કર્યો હોય તે સ્થળ સુધીનો અંગત ઘરવખરીનો સામાન લઈ જવાનો ખર્ચ આકારી શકશે, પરંતુ જો આવા સભ્યે સરકારી કર્મચારીના મુખ્ય મથકેથી પેટા-નિયમ (૨) મુજબના રહેઠાણના સામાન્ય સ્થળ સુધી મુસાફરી કરી હોત અને ઠરાવેલી મર્યાદામાં જે કુલ માઈલેજ ભથ્થું અને અંગત ઘરવખરીનો સામાન લઈ જવાનો ખર્ચ મળવાપાત્ર થયો હોત, તેના કરતા માગવામાં આવેલો કુલ ખર્ચ વધવો જોઈએ નહિ.

(૪) આ નિયમની પૂર્વવર્તી જોગવાઈઓ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહિ -

(ક) કરારથી કામે રાખેલા અને સરકારની પૂર્ણકાલીન નોકરીમાં ન હોય તેવા સરકારી કર્મચારીઓને.

(ખ) આકસ્મિક ખર્ચમાંથી જેમનો પગાર ચૂકવાતો હોય તેવા સરકારી કર્મચારીઓને.

(ગ) પુનર્નિયુક્ત નિવૃત્ત સરકારી કર્મચારીઓને.

(ઘ) ત્રણ વર્ષની સતત નોકરી બજાવી ન હોય તેવા હંગામી સરકારી કર્મચારીઓને.

(૫) (ક) અવસાન પામેલા સરકારી કર્મચારીના પરિવારને મુસાફરી ભથ્થાંની રકમ નીચે દર્શાવેલ અગ્રતાક્રમમાં ચૂકવવામાં આવશે :-

(૧) અવસાન પામેલ સરકારી કર્મચારી જો પુરૂષ અધિકારી હોય તો પાછળ રહેલ હયાત વિધવાને અથવા જો એક કરતાં વધારે વિધવા હોય (સગીર ન હોય તેવી) તો તેમાંથી જયેષ્ઠ વિધવાને અથવા અવસાન પામેલ સરકારી કર્મચારી જો મહિલા અધિકારી હોય, તો તેના પતિને.

(૨) અવસાન પામેલ સરકારી કર્મચારીના જયેષ્ઠ હયાત (આશ્રિત) બાળકને, જો તેણે પુખ્ત વય પ્રાપ્ત કરી હોય તો.

(૩) કચેરીના વડા અધિકારીના મતે સગીર (રો) વતી ચૂકવણી મેળવવા માટે યોગ્ય વ્યક્તિને, પરંતુ જો તે બે જામીનદારોની યોગ્ય સહી સાથે અન્ય આગામી દાવા સામે સરકારને ખત લખી આપે તેને અધીન રહીને, પરંતુ જયારે આ ચૂકવણી કાયદેસરના વાલીને કરવામાં આવી હોય તો આવું ખત જતું કરી શકાશે.

(ખ) અવસાન પામેલ સરકારી કર્મચારીએ છેલ્લે જે અધિકારી નીચે નોકરી કરી હોય તે કચેરીના વડા, મુસાફરી ભથ્થાં બિલથી રકમ આકારી શકશે.

**૧૧૧. રજા ઉપર જતાં કે રજા ઉપરથી પાછા ફરતાં કરેલ પ્રવાસ :** (૧) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, રજા દરમ્યાન અથવા રજા ઉપર જતાં કે રજા ઉપરથી પાછા ફરતાં કરવામાં આવેલા પ્રવાસ માટે સરકારી કર્મચારી કોઈ મુસાફરી ભથ્થું મેળવવા હકદાર થશે નહિ.

(૨) સરકાર ખાસ કારણોસર કોઈપણ સરકારી કર્મચારીને નિયમ-૧૧૫ માં દર્શાવેલ પ્રકારના પ્રવાસ માટે ફેરણી (ટૂર) પરના પ્રવાસ તરીકે મુસાફરી ભથ્થું આકારવા પરવાનગી આપી શકશે.

**નોંધ :** અન્યથા મળવાપાત્ર થતું હોય તેવું રજા ઉપર ગયેલા સરકારી કર્મચારીના મુસાફરી ભથ્થાંનું નિયમન તે રજા ઉપર જતા પહેલાં તે જે જગા ધરાવતા હોય તે જગાના પગાર તથા કક્ષા મુજબ કરવામાં આવશે.

(૩) મુલ્કી સેવામાં રહેલા લશ્કરી અધિકારી તબીબી પ્રમાણપત્રના આધારે રજા પર ઉતરે અથવા રજા પરથી પાછા ફરે ત્યારે ખાતાના વોરન્ટ અધિકારી હોવાના કારણે તેને લશ્કરી સેવામાં જે સવલતો મળી હોત તે જ સવલતો માટે હકદાર છે.

**૧૧૨. રજા અથવા ફરજમોકૂફી દરમ્યાન પ્રવાસ :** (૧) કોઈ સરકારી કર્મચારી રજા દરમ્યાન યોગ્ય અધિકાર હેઠળ અને જાહેર હિતમાં પ્રવાસ કરે ત્યારે તે ફેરણી (ટૂર) પરના પ્રવાસ તરીકે મુસાફરી ભથ્થું આકારી શકશે. પરંતુ જો તે પ્રવાસ ગુજરાત રાજ્યની હદની બહાર વિસ્તરાયેલ હોય તો તેવા પ્રવાસ માટે સરકારની પૂર્વમંજૂરી આવશ્યક બનશે.

(૨) ફરજમોકૂફી હેઠળ હોય તેવા સરકારી કર્મચારીએ સ્પષ્ટપણે વિનંતી કરી હોય તે સિવાય તેમના મુખ્ય મથક સિવાયના અન્ય મથકે તેમની તપાસ ચાલતી હોય, ત્યારે તે કર્મચારીએ ફરજમોકૂફી હેઠળના સમય દરમ્યાન તપાસ અધિકારી સમક્ષ હાજરી આપવા માટે કરેલા પ્રવાસ માટે ફેરણી પરના પ્રવાસ અંગેનું મુસાફરી ભથ્થાંના હકદાર થશે.

**નોંધ :** આવા સરકારી કર્મચારીને મુસાફરી ભથ્થું અન્યથા મળવાપાત્ર થતું હોય તો તેનું નિયમન, તે ફરજમોકૂફી પહેલાં જે જગા ધરાવતા હોય તે જગાના પગાર અને કક્ષા મુજબ કરવામાં આવશે.

**૧૧૩. રજા પરના સરકારી કર્મચારીને ફરજ પર ફરજિયાત પરત બોલાવવામાં આવે ત્યારે મળવાપાત્ર મુસાફરી ભથ્થું :** (૧) રજા પૂરી થતાં પહેલાં સરકારી કર્મચારીને ફરજિયાત તેની ફરજ પર પરત બોલાવવામાં આવે અને તે કારણે ટૂંકાવેલ રજા એક માસથી ઓછી થતી ન હોય, ત્યારે તેને જે સ્થળે પાછા ફરવાનો હુકમ મળે તે સ્થળેથી જે સ્થળે તેને પાછો બોલાવવામાં આવ્યો હોય ત્યાં સુધીનું પ્રવાસ માટેનું માઈલેજ ભથ્થું આકારવા તે હકદાર થાય છે. ટૂંકાવેલી રજાનો સમયગાળો એક માસ કરતાં ઓછો હોય તો માઈલેજ ભથ્થું આપવું કે નહિ તેનો નિર્ણય સરકારી કર્મચારીને પરત બોલાવનાર અધિકારી કરશે.

(૨) જો ઉપરના સંજોગોમાં તેની બદલી કરવામાં આવે તો નિયમ-૮૫ હેઠળ તેને અને તેના પરિવારને જે મુસાફરી ભથ્થું મળવાપાત્ર થતું હોય તેને બદલે પેટા-નિયમ (૧) માં ઠરાવેલા સ્થળેથી નવા સ્થળ સુધીનું માઈલેજ ભથ્થું આકારવાનો તેને વિકલ્પ રહેશે.

**૧૧૪. બિનસરકારી સંસ્થાઓની બેઠકોમાં હાજરી આપવા માટે પ્રવાસ :** સરકારી કર્મચારી જ્યારે પોતાની સત્તાવાર હેસિયતથી, બોર્ડ, નિગમ, મહાનગરપાલિકા કે એવી અન્ય બિન-સરકારી સંસ્થાઓની બેઠક કે સમારંભમાં હાજરી આપવા પ્રવાસ કરે ત્યારે તેવી હાજરી માટે મુસાફરી ભથ્થાંનું નિયમન નીચે પ્રમાણે કરવામાં આવશે :-

સરકારી કર્મચારી કાં તો સંબંધિત બિન-સરકારી સંસ્થા પાસે મુસાફરી ભથ્થાંની માગણી મૂકશે, **અને**

(૧) તે સંસ્થા પાસેથી મેળવેલ પ્રવાસ ભથ્થું પોતાની પાસે રાખી લેશે અને તેવા કિસ્સામાં સરકાર પાસેથી મુસાફરી ભથ્થાંની માગણી કરશે નહિ; **અથવા**

(૨) નિયમ હેઠળ મળવાપાત્ર મુસાફરી ભથ્થું સરકાર પાસેથી મેળવી બિનસરકારી સંબંધિત સંસ્થા પાસેથી મેળવેલ મુસાફરી ભથ્થાંની રકમ અંદાજપત્રના સંબંધિત સદર હેઠળ સરકારમાં જમા કરાવશે.

**૧૧૫. રજા / ફરજમોકૂફી દરમ્યાન દસ્તાવેજો વગેરેની તપાસણી માટે કરેલ પ્રવાસ :** રાજ્યેતર સેવામાં હોય તે સહિતના ફરજ પર, રજા પર કે ફરજમોકૂફી હેઠળ હોય તેવા સરકારી કર્મચારી મૂકાયેલ તહોમત અંગે તેની વિરૂદ્ધ બચાવનામું તૈયાર કરવા માટે સંબંધિત દફતરોના અવલોકન માટે તેના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે જવા પ્રવાસ કરે ત્યારે નીચેની શરતોએ તે પ્રવાસ ભથ્થાંના હકદાર થશે :-

(૧) સરકારી રેકર્ડનું અવલોકન સુસંગત અને આવશ્યક હોવાનું તપાસ અધિકારી પ્રમાણપત્ર આપે ત્યારે તેના બચાવના નિવેદનની તૈયાર માટે.

(૨) સક્ષમ સત્તાધિકારી પ્રમાણપત્ર આપે કે મૂળ રેકર્ડો સરકારી કર્મચારીના મુખ્ય મથકે મોકલી શકાય કે તેની નકલો બનાવી મોકલી શકાય તેમ ન હતા.

(૩) સરકારી કર્મચારીની સ્પષ્ટતાપૂર્વકની વિનંતીના આધારે તપાસના મુખ્ય મથક સિવાયના અન્ય સ્થળે રાખવામાં આવી હોય અને સરકારી કર્મચારી જે ખાતાના વડાના વહીવટી નિયંત્રણ હેઠળ હોય તેણે મુસાફરી અંગે સંમતિ આપી હોય, તો શરત (૨) હેઠળ કોઈ પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ.

**પરંતુ,** વધુમાં સરકારી કર્મચારી ત્રણ દિવસ કરતાં વધુ પ્રવાસ માટે કે બહારના સ્થળે રોકાણ માટે દૈનિક ભથ્થાંના હકદાર થશે નહિ.

**નોંધ :** સરકારી કર્મચારીએ ફરજમોકૂફી દરમ્યાન પ્રવાસ કર્યો હોય અને પાછળથી તેને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવે, ત્યારે જવા તથા આવવા માટે મુસાફરીમાં ગાળેલ સમયને તથા તેને જે સ્થળે સરકારી રેકર્ડ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હોય તે સ્થળ ઉપરના ન્યૂનતમ સમયના રોકાણને સક્ષમ સત્તાધિકારીએ ફરજમોકૂફીના નિયમન માટે કરેલા હુકમો હેઠળ ફરજ તરીકે, રજા તરીકે અથવા અન્યથા ગણવાના રહેશે.

**૧૧૬. સરકારી ફરજો બજાવતી વખતે ધ્યાનમાં આવેલ વિગતોનો પુરાવો આપવા માટેનો પ્રવાસ :** જેમાં સરકાર પક્ષકાર હોય તેવા ફોજદારી કિસ્સામાં કે કોર્ટ માર્શલ સમક્ષ કે દીવાની કિસ્સામાં અથવા ખાતાકીય તપાસ માટે યોગ્ય રીતે રચાયેલ સત્તામંડળ બોલાવે, ત્યારે સરકારી કર્મચારીને નીચેની જોગવાઈઓ લાગુ પડશે :-

(૧) અદાલતે કે જે અન્ય કોઈ સત્તાધિકારીએ બોલાવેલ હોય તેણે આપેલા હાજરીનું પ્રમાણપત્ર બિલ સાથે સામેલ રાખી તે ફરજ પરના પ્રવાસ તરીકે તે મુસાફરી ભથ્થું આકારી શકશે.

(૨) જ્યારે તે આવું મુસાફરી ભથ્થું આકારે ત્યારે અદાલત કે સત્તાધિકારી પાસેથી કોઈ ચૂકવણી સ્વીકારશે નહિ. અદાલતે પ્રવાસ અને સાક્ષીના નિર્વાહ ભથ્થાં માટે ચૂકવેલી કોઈપણ ફી સરકારમાં જમા કરાવી દેવી પડશે.

(૩) જે અદાલતમાં સાક્ષી આપવામાં આવી હોય તે અદાલત તેના મુખ્ય મથકેથી આઠ કિ.મી.માં આવેલ હોય અને તેથી તે અંગે પ્રવાસ મુસાફરી ભથ્થું મળવાપાત્ર ન હોય તો અને જો તેને કાયમી મુસાફરી ભથ્થું ન મળતું હોય તો તે અદાલતે ચૂકવેલ ખરેખર પ્રવાસ અંગેનો ખર્ચ સ્વીકારી શકે છે.

**પરંતુ** જે બાબત અંગે તેણે પુરાવો આપવાનો હોય તે હકીકતો તેની સરકારી ફરજો બજાવતી વખતે તેની જાણમાં આવેલ હોવી જોઈએ.

**નોંધ-૧ :** રજા પર કે ફરજમોકૂફી હેઠળ હોય ત્યારે પુરાવો આપવા માટે બોલાવેલા સરકારી કર્મચારીને ફરજ પર હોય તેમ જાણી જ્યાંથી તેને બોલાવવામાં આવ્યો હોય તે સ્થળેથી અને તે સ્થળ સુધીના પ્રવાસ માટે આ નિયમ હેઠળ મુસાફરી ભથ્થાં માટે હકદાર થશે.

**નોંધ-૨ :** આ નિયમમાં વર્ણવેલા હોય તે સિવાયના સંજોગોમાં અથવા તેમની અંગત હેસિયતથી અન્ય કોઈપણ હેતુ માટે જેવા કે જ્યુરર કે એસેસર તરીકે ફરજો બજાવવા માટે બોલાવવામાં આવેલા સરકારી કર્મચારી, તેમના સરકારી કર્મચારી તરીકેના હોદ્દાને કારણે અદાલતના નિયમો હેઠળ મળવાપાત્ર હોય તે સિવાયની બીજી કોઈ રકમ મેળવવા હકદાર નથી. જો અદાલત તેને નિર્વાહ ભથ્થાં કે વળતર ભથ્થાં તરીકે મુસાફરીના ખર્ચ સિવાયની કોઈપણ રકમ ચૂકવે તો ગેરહાજરીના દિવસ કે દિવસો માટેનો પૂરો પગાર આકારતાં અગાઉ તે રકમ તેણે સરકારમાં જમા કરાવવી પડશે.

